અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં
'ગુજરાત ટુડે'
દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY (Daily) તા.૨૮-૬-૨૦૨૦ રવિવાર AHMEDABAD ESTABLISHED-1991

ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

Regd. No.Guj.168/2020-2022 Valid up to Dt. 31-12-2022 ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com ● gujarattodayadmin@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in • RNI. No. 48870/91 ● વર્ષ-૨૯ અંક-૩૨૯ ● ૬ ઝિલકદ હિજરી ૧૪૪૧ ● 28 JUNE- 2020 ● PAGES 12 ● મૂલ્ય ₹ ૫.૦૦

### કોરોનાના કુલ કેસ ૫,૦૯,૯૫૩ થયા, કુલ મૃત્યુઆંક ૧૫,૬૮૫એ પહોંચ્યો,એક દિવસમાં ૩૮૪નાં મોત

# કોરોનાનો ભરડો : ૨૪ કલાકમાં સૌથી વધુ ૧૮,૫૫૨ કેસ

### અનલોક-૨ની તૈયારીઓ વચ્ચે દેશમાં દરરોજ ૧૭ હજારથી વધુ કેસ, રીકવરી રેટ ૫૮.૨૬%એ પહોંચ્યો,૨,૯૫,૮૮૧ લોકો અત્યાર સુધીમાં સાજા થયા, આ ગતિએ કેસો વધ્યા તો આગામી સપ્તાહ ભારત રશિયાને પાછળ છોડી ત્રીજા ક્રમનો સૌથી વધુ સંક્રમિતો ધરાવતો દેશ બની જશે ● બિહારમાં વધુ ૧૮૦ નવા કેસ નોંધાયા,

(એજન્સી) નવી દિલ્હી , તા.૨૭

એક જુલાઈથી અનલોક-૨માં વધુ છૂટછાટ આપવાની શક્યતા વચ્ચે કોરોના મહામારીએ જાણે કે ભારતમાં અડિંગો જમાવ્યો હોય તેમ એક જ દિવસમાં ૧૮ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા. અને વધુ ૩૮૪ લોકોના મોત થયા હતા. આજે શનિવારે સવારે ૮ વાગે પૂરા થયેલા છેલ્લાં ૨૪ કલાકમાં આંકડા કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કર્યા હતા. જેના જણાવ્યા પ્રમાણે, છેલ્લા ૨૪ કલાકમાં ૧૮ હજાર ૫૫૨ કેસ સામે આવ્યા હતા અને વધુ.૩૮૪ લોકોના મોત થયા હતા. આ સાથે જ દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૫,૦૯,૯૫૩ થઈ ગઈ છે. જેમાં ૧ લાખ ૯૭ હજાર ૩૮૭ એક્ટિવ કેસ છે.૨ લાખ ૯૫ હજાર ૮૮૧ લોકો અત્યાર સુધીમાં સાજા થયા છે.જ્યારે મોતનો કુલ આંકડો ૧૫ હજાર ૬૮૫ પર પહોંચ્યો છે. જો સંક્રમણના કેસ આ જ ઝડપથી વધશે તો આગામી સપ્તાહમાં ભારત વિશ્વમાં ત્રીજો સૌથી વધુ સંક્રમિત દેશ બનશે.રોજના જે રીતે કેસો આવી રહ્યાં છે તે જોતાં આવતીકાલે રવિવારના આંકડા સાથે કુલ સંખ્યા સવા પાંચ લાખને પાર થઈ જશે. બીજી તરફ, કોરોનાના જોખમને જોતાં ઝારખંડ સરકારે લોકડાઉન ૩૧ જૂલાઈ સુધી વધારી દીધું છે. બે મહિનાના સખત લોકડાઉન બાદ લોકડાઉન- ૫માં આપવામાં આવેલી છૂટછાટ બાદ કોરોનાનો કાળો કેર દિવસેને દિવસે ખૂબ જ ઝડપથી વધી રહ્યો છે. જ્યારે, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં ૨ લાખ ૨૦ હજાર ૪૭૯ ટેસ્ટ કરાયા છે. સાથે જ ૨૬ જૂન સુધી દેશમાં ૭૯ લાખ ૯૬ હજાર ૭૦૭ લોકોના ટેસ્ટ કરાયા છે. દરમ્યાન, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે ટ્વિટ કરીને જણાવ્યું કે, રાજધાનીમાં શનિવારે રેકોર્ડબ્રેક સમાન ૨૧ હજાર ૧૪૪ ટેસ્ટ કરાયા છે. જે એક દિવસમાં સૌથી મોટો આંકડો છે. તેમણે જણાવ્યું કે, અમે ચાર ગણા ટેસ્ટ વધારી રહ્યા છીએ. દિલ્હીમાં હવે ઝડપથી ટેસ્ટીંગ કરાશે અને વધારેમાં વધારે લોકોને આઈસોલેશનમાં રખાશે.

૧ જૂને જ્યારે અનલોક-૧ શરૂ થયું ત્યારે એક્ટિવ કેસ ૯૧ હજાર ૮૧૯ હતા, તો રિકવર કેસની સંખ્યા ૮૭ હજાર ૬૯૨ હતી. એ વખતે બન્ને વચ્ચે અંતર ૪૧૨૭ હતું. ૨૬ જૂને એક્ટિવ કેસ ૧ લાખ ૯૭ હજાર ૭૮૪ અને રિકવર કેસ ૨ લાખ ૯૫ હજાર ૯૧૭ થઈ ગયા હતા. બન્ને વચ્ચે અંતર વધીને ૧ લાખ ૩૨૧ થઈ ગયું હતું. લોકડાઉન અને અનલોક-૧ની સરખામણી કરવામાં આવે તો સૌથી વધારે ૧ લાખ ૩૨૧ દર્દી જૂનમાં સાજા થયા છે. એટલે કે એક્ટિવ અને સાજા થયેલા દર્દીઓ વચ્ચે પણ ગેપ વધી છે.બિહારમાં ૧૮૦ નવા કેસો નોધાયા હતા.

મહારાષ્ટ્રમાં શુક્રવારે એક જ દિવસમાં સૌથી વધારે ૫૦૨૪ સંક્રમિત દર્દીઓ મળ્યા અને ૧૭૫ લોકોના મોત થયા હતા. મુંબઈમાં ૧૨૯૭ કેસ વધ્યા હતા, અહીંયા હવે ૭૨ હજાર ૨૮૭ દર્દી થઈ ગયા છે. રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧ લાખ ૫૨ હજાર ૭૬૫ થઈ ગઈ છે, જેમાંથી ૬૫ હજાર ૮૨૯ એક્ટિવ કેસ છે. કોરોનાથી અત્યાર સુધી ૭૧૦૬ લોકોએ જીવ ગુમાવ્યા છે.

### ભારતનો કોરોના વાયરસથી સાજા થવાનો દર ૫૮ ટકાથી વધુ, મૃત્યુદર ૩ ટકાની નજીક : કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધન

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધને જણાવ્યું હતું કે, ભારતમાં કોરોના વાયરસથી સાજા થવાનો દર ૫૮ ટકાથી વધુ થયો છે અને અત્યારસુધી ત્રણ લાખ લોકો આ રોગચાળામાંથી સાજા થઇ ગયા છે. હર્ષવર્ધને સત્તાવાર સમાચાર એજન્સીને જણાવ્યું હતું કે, આપણો રિકવરી રેટ ૫૮ ટકાથી વધુ થયો છે અને ત્રણ લાખની આસપાસ લોકો કોરોના વાયરસથી સાજા થઇ ગયા છે. હર્ષવર્ધને જણાવ્યું કે, દેશમાં મૃત્યુનો દર ત્રણ ટકા છે જે ઘણો ઓછો છે. આપણો ડબલિંગ દર વધીને ૧૯ દિવસનો થયો છે જે લોકડાઉન પહેલા ત્રણ દિવસ વહેલો હતો. શનિવારે એક ટ્વિટમાં તેમણે જણાવ્યું હતું કે, દિલ્હીમાં કેન્દ્ર દ્વારા કોરોના સામે લડવાનીસારી કામગીરી કરાઇ છે જેમાં ૪.૭ લાખ આરટીપીસીઆર ટેસ્ટ અને ૫૦,૦૦૦ રેપિટ એન્ટિજન ટેસ્ટ કિટ અપાઇ છે. આ તમામ કિટો દિલ્હી સરકારને મફતમાં અપાઇ છે.

# તમામ CAA વિરોધી પ્રદર્શનકારીઓને મુક્ત કરો સંયુક્ત રાષ્ટ્રોની માનવાધિકાર બાબતોના તજજ્ઞો

### માનવાધિકાર તજજ્ઞોએ પ્રદર્શનકારીઓ વિરૂદ્ધ આતંકવાદ વિરોધી તેમજ રાષ્ટ્રીય સુરક્ષા ધારા જેવા આકરા કાયદાઓ લાગુ કરવા અંગે પણ ચિંતા વ્યક્ત કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

સંયુક્ત રાષ્ટ્રોના તજજ્ઞોના એક સમૂહે ભારતને અપીલ કરી હતી કે, સુધારેલા નાગરિકોના કાયદા સામે વિરોધ પ્રદર્શન કરવા બદલ ધરપકડ કરાયેલા બધા લોકોને તાત્કાલિક મુક્ત કરવામાં આવે. સંયુક્ત રાષ્ટ્રોની ઓફિસ ઓફ ધ હાઈકમિશનર ફોર હ્યુમન રાઈટ્સ (ઓએચસીએચઆર)એ એક નિવેદન બહાર પાડી કહ્યું હતું કે, આ પ્રદર્શનકારીઓમાં મોટાભાગના વિદ્યાર્થીઓ છે અને ફક્ત સીએએ સામે વિરોધ કરવાના તેમના અધિકારનો ઉપયોગ કરવા બદલ તેમની ધરપકડ કરવામાં આવી છે. તેમની ધરપકડ ભારતની સિવિલ સોસાયટીને સંદેશ આપે છે કે સરકારની નીતિઓની ટીકા સહન કરવામાં નહીં આવે. માનવાધિકાર તજજ્ઞોએ કહ્યું હતું કે, સૌથી ચિંતાજનક કેસ દિલ્હીની ગર્ભવતી મહિલા સફુરા ઝરગારનો છે જેમની ૨ મહિનાથી વધુ સમય માટે અટકાયત કરવામાં આવી હતી અને એકાંત કારાવાસ જેવી સ્થિતિમાં રાખવામાં આવ્યા હતા તે તેમના પરિવાર અને વકીલ સાથે નિયમિત સંપર્ક કરી શકતા ન હતા અને તેમને યોગ્ય તબીબી સારવાર આપવામાં આવી ન હતી. છેવટે તેમને ૨૩ જૂનના રોજ માનવીય ધોરણોના આધારે જામીન આપવામાં આવ્યા હતા ત્યારે તે ગર્ભાવસ્થાના છઠ્ઠા મહિનામાં હતા. તજજ્ઞોએ કહ્યું હતું કે, સરકારે તાત્કાલિક માનવાધિકારોની રક્ષા માટે લડત આપી રહેલા બધા કાર્યકરોને મુક્ત કરવા જોઈએ. જેમને હાલ પુરતા



દિલ્હીમાં યોજાયેલી CAA વિરોધી રેલી

પુરાવાઓ વગર અટકાયતમાં રાખવામાં આવ્યા છે. તેમણે ફક્ત સીએએના ભેદભાવપૂર્ણ વલણ સામે ભાષણો આપ્યા હતા. માનવાધિકાર તજજ્ઞોએ આ મુદ્દે પણ ચિંતા વ્યક્ત કરી હતી કે પ્રદર્શનકારીઓ સામે સત્તાધિકારીઓનું વલણ ભેદભાવપૂર્ણ છે. તેમણે કહ્યું હતું કે, એવું લાગે છે કે, સીએએ સમર્થકો દ્વારા કરવામાં આવેલી ઉશ્કેરણી અને હિંસાના આક્ષેપોમાં આ પ્રમાણે તપાસ થઈ નથી. કેટલાક સીએએ સમર્થકોએ તો 'ગોલી મારો ગદ્દારો કો' જેવો સૂત્રોચ્ચાર પણ કર્યો હતો. આ માનવાધિકાર તજજ્ઞોએ પ્રદર્શનકારીઓ વિરૂદ્ધ આતંકવાદ વિરોધી અને રાષ્ટ્રીય સુરક્ષા ધારા જેવા કાયદાઓ લાગુ કરવા અંગે તેમજ પ્રદર્શનકારીઓને જામીન આપવાનો ઈન્કાર કરવા મુદ્દે પણ ચિંતા વ્યક્ત કરી હતી. તજજ્ઞોએ કહ્યું હતું કે, કોવિડ-૧૯ના કારણે વિરોધ પ્રદર્શનો માર્ચમાં બંધ થઈ ગયા હતા અને ભારતની સુપ્રીમ કોર્ટે મહામારી દરમિયાન સ્વાસ્થ્ય કારણોસર જેલોમાં કેદીઓની સંખ્યા ઓછી કરવાનો આદેશ આપ્યો હતો. આમ છતાં પ્રદર્શનકારી નેતાઓની અટકાયત ચાલુ રહી. ભારતીય જેલોમાં વાયરસ ફેલાયો હોવાના અહેવાલોને પગલે તેમને તાત્કાલિક ધોરણે મુક્ત કરવામાં આવે. સીએએ સામે વિરોધ નોંધાવવામાં મીરાન હૈદર, ગુલફિશા ફાતિમા, સફુરા ઝરગાર, આસિફ ઈકબાલ તાન્હા, દેવાંગના કલિતા, નતાશા નરવાલ, ખાલિદ સૈફી, શિફા-ઉર-રહેમાન, ડૉ.કફીલખાન, અખિલ ગોગોઈ વગેરે સામેલ હતા. આ નિવેદન બહાર પાડનાર સંયુક્ત રાષ્ટ્રોના માનવાધિકાર તજજ્ઞોમાં મેરી લોલોર, લી ટુમી, એલિના સ્ટેનેરટ, જોસ ગુઓવાસ બર્મુડેઝ, સિઓંગ ફિલ હોંગ, સેતોન્દજી એડજોવી, ડેવિડ કાઈ, ફર્ડિનાન્ડ દ વારેન્સ, અહેમદ શહીદ અને નિલ્સ મેલ્ઝેર સામેલ હતા.

### રાજીવ ગાંધી ફાઉન્ડેશનને ચીનના દૂતાવાસે ડોનેશન આપ્યું હોવાના ભાજપના આક્ષેપો બાદ જવાબ

# જો RGF રૂા. ૨૦ લાખ પાછા આપી દે તો શું PM દેશને બાંહેધરી આપશે કે ચીન આપણી જમીન ખાલી કરી દેશે ?: પી ચિદમ્બરમ

**જે પી નડ્ડાએ ભૂતકાળમાંથી બહાર આવીને વર્તમાનમાં જીવવું જોઈએ, મહેરબાની કરીને ચીનની ઘૂસણખોરી અંગે સવાલોનો જવાબ આપો**

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૭

ચીન સાથે લદ્દાખ મોરચે સર્જાયેલા તનાવ બાદ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સતત ટકરાવ જોવા મળી રહ્યો છે. કોંગ્રેસના નેતા અને પૂર્વ પીએમ રાજીવ ગાંધીના નામ પર બનેલા રાજીવ ગાંધી ફાઉન્ડેશનને ચીનના દૂતાવાસે ડોનેશન આપ્યુ હોવાના ભાજપના આક્ષેપો બાદ હવે કોંગ્રેસના નેતા અને પૂર્વ નાણા મંત્રી પી.ચિદમ્બરમે તેનો જવાબ આપ્યો છે. પી.ચિદમ્બરમે કહ્યુ હતુ કે, ભાજપના અધ્યક્ષ જે પી નડ્ડા અર્ધસત્ય બોલવામાં હોશિયાર છે. માની લઈએ કે ચીને રાજીવ ગાંધી ફાઉન્ડેશનને ૨૦ લાખ રૂપિયા ડોનેશન આપ્યુ હતુ અને તે પાછુ



પણ આપી દઈએ તો શું પીએમ મોદી દેશને ખાતરી આપી શકે તેમ છે કે, ચીન ભારતની હડપ કરી ગયેલી જમીન ખાલી કરશે અને અગાઉની સ્થિતિ જાળવશે.

પી.ચિદમ્બરમે કહ્યુ હતુ કે, મારા સહયોગી રણદીપ સૂરજેવાલાએ જે પી નડ્ડાના અર્ધસત્યને ઉઘાડુ પાડ્યુ હતુ.રાજીવ ગાંધી ફાઉન્ડેશનને ૧૫ વર્ષ પહેલા મળેલા ડોનેશનને ૨૦૨૦માં ચીનની ઘૂસણખોરી સાથે શું લેવા દેવા છે? જે પી નડ્ડાએ ભૂતકાળમાંથી બહાર આવીને વર્તમાનમાં જીવવુ જોઈએ.મહેરબાની કરીને ચીનની ઘૂસણખોરી અંગે કોંગ્રેસના સવાલોનો જવાબ આપો. આ પહેલા કોંગ્રેસ પ્રવકતા સૂરજેવાલાએ ભાજપના આક્ષેપોનો જવાબ આપતા કહ્યું હતુ કે, ચીનના દૂતાવાસ તરફફી ફાઉન્ડેશનના દિવ્યાંગો પરના પ્રોજેક્ટ માટે તેમજ ભારત અને ચીનના સબંધો પરના પ્રોજેક્ટ માટે ૧.૪૫ કરોડનુ ડોનેશન આપ્યુ હતુ.ફાઉન્ડેશનના એકાઉન્ટનુ ઓડિટ પણ થાય છે અને રિટર્ન પણ ફાઈલ કરવામાં આવતુ હોય છે.ડોનેશન અંગે ગૃહ મંત્રાલયને જાણકારી આપવામાં આવી હતી.આઈટી રિટર્નમાં પણ તેનો ઉલ્લેખ કરાયો હતો.બીજુ કે પીએમ રિલિફ ફંડમાંથી ફાઉન્ડેશનને જે રકમ મળી હતી તે રકમનો ઉપયોગ આંદામાન નિકોબારમાં સુનામી સમયે કરવામાં આવ્યો હતો.




### કોરોના વાયરસે દેશના નવા ભાગોમાં ઝડપથી પગપેસારો કર્યો છે

# PMએ આત્મસમર્પણ કર્યુ અને કોરોના સામે લડવા ઈન્કાર કરી રહ્યા છે : રાહુલ ગાંધી

### સરકાર પાસે રોગચાળા સામે લડવા માટે કોઈ યોજના નથી ત્યારે વડાપ્રધાને મૌન સેવી લીધું છે : કોંગ્રેસ નેતા

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૭

ભારતમાં શનિવારે ૧૮ હજારથીવધુ કોરોનાના નવા કેસ સામે આવ્યા અને કુલ કેસનો આંકડો પાંચ લાખને પાર પહોંચી ગયા બાદ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર તેમના મૌન અંગે આકરા પ્રહાર કર્યા હતા. તેમણે જણાવ્યું કે, મોદીએ આત્મસમર્પણ કરી લીધું છે અને કોરોના સામે લડવાનો ઈન્કાર કરી રહ્યા છે. સરકાર ઓછી દૂરંદેશિતા દાખવી રહી હોવાના અહેવાલોને ટાંકતા રાહુલ ગાંધીએ ટ્વિટમાં લખ્યું કે, દેશના નવા ભાગોમાં કોરોના વાયરસ હવે ખૂબ ઝડપથી વધી રહ્યો છે. તેને હરાવવા માટે ભારતની સરકાર પાસે કોઈ યોજના નથી. વડાપ્રધાન મૌન થઈ ગયા છે. તેઓએ આત્મસમર્પણ કરી લીધું છે અને રોગચાળા સામે લડવાનો ઈન્કાર કરી રહ્યા છે. રાહુલ ગાંધીએકોરોના વાયરસ સંક્રમણ મામલે સવાલ કર્યા છે. રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પાસે કોરોનાનો સામનો કરવા કોઈ યોજના ન હોવાનો આરોપ મુક્યો હતો. રાહુલ ગાંધીએ ટ્વિટમાં



લખ્યું હતું કે, 'કોરોના વાયરસ દેશના નવા વિસ્તારોમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. ભારત સરકાર પાસે તેનો સામનો કરવા માટે કોઈ યોજના નથી. વડાપ્રધાન ચૂપ છે. તેમણે મહામારી સામે આત્મસમર્પણ કરી દીધું છે અને તેનો સામનો કરવા મનાઈ કરી દીધી છે.' રાહુલ ગાંધીએ કોરોના વાઈરસના મુદ્દે મોદી સરકાર પર એવા સમયે નિશાન સાધ્યુ જ્યારે દેશમાં સંક્રમિત દર્દીઓનો આંકડો પાંચ લાખથી વધારે થઈ ચૂક્યો છે. બીજી તરફ વડાપ્રધાન મોદી કહી ચૂક્યા છે કે ખબર નહીં આ બીમારીમાંથી ક્યારે છુટકારો મળશે.

### ડૉ. જોસેફ માર થોમા મેટ્રોપોલિટનની ૯૦મી જયંતી સમારોહમાં PMનું સંબોધન

# 'ભારતનો કોરોનાથી સાજા થવાનો દર વધી રહ્યો છે, ઘણાં અન્ય દેશો કરતાં વધુ સારી સ્થિતિ' : PM મોદી

### વર્ષની શરૂઆતમાં લોકોએ ભારતમાં કોરોનાની ગંભીર અસરો દેખાવાના સંકેત આપ્યા હતા પણ લોકડાઉન અને સરકાર દ્વારા લેવાયેલા અનેક પગલાંઓને કારણે આપણે ઘણી સારી સ્થિતિમાં છીએ : વડાપ્રધાન ● વિનમ્રતાની ભાવનાની સાથે માર થોમા ચર્ચે ભારતીયોના જીવનમાં એક સકારાત્મક અંતર લાવવાનુ કામ કર્યુ છે

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જણાવ્યું હતું કે, ભારતનો કોરોના વિરૂદ્ધ સાજા થવાનો દર વધી રહ્યો છે અને અન્ય દેશો કરતા દેશ સારી રીતે કામ કરી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ડૉ. જોસેફ માર થોમા મેટ્રોપોલિટનની ૯૦મી જન્મ જયંતી સમારોહમાં વીડિયો કૉન્ફરન્સિંગ દ્વારા ઉદ્ઘાટન ભાષણ આપ્યુ. ભારત અને વિદેશથી માર થોમા ચર્ચના કેટલાક અનુયાયીઓએ કાર્યક્રમમાં ભાગ લીધો. પોતાના સંબોધનમાં તેમણે કહ્યુ કે દુનિયા અત્યારે વૈશ્વિક મહામારી કોરોના વાઈરસ વિરૂદ્ધ એક મજબૂત લડત લડી રહી છે.



કોવિડ-૧૯ માત્ર એક શારીરિક બીમારી નથી કે જે લોકોના જીવન માટે જોખમ છે પરંતુ આ આપણુ ધ્યાન અસ્વસ્થ જીવન-શૈલીઓ તરફ પણ લઈ જાય છે. વડાપ્રધાને કહ્યુ, આપને એ જાણીને ખુશી થશે કે આપણા કોરોના યોદ્ધાઓની મદદથી ભારત મજબૂતીથી કોવિડ-૧૯ સામે લડી રહ્યો છે. આ વર્ષની શરૂઆતમાં કેટલાક લોકોએ ભવિષ્યવાણી કરી હતી કે ભારતમાં વાઈરસનો પ્રભાવ ઘણો ગંભીર હશે. લૉકડાઉનના કારણે સરકાર અને લોકો દ્વારા સંચાલિત લડતની કેટલીક પહેલના કારણે ભારત કેટલાક અન્ય દેશોની તુલનામાં ઘણો સારો છે. ભારતમાં સાજા થવાનો દર વધી રહ્યો છે.

વડાપ્રધાન મોદીએ કહ્યુ, જન આધારિત લડતે અત્યાર સુધી સારા પરિણામ આપ્યા છે પરંતુ શુ આપણે આ મુદ્દે નજરઅંદાજ કરી શકીએ છીએ? બિલકુલ પણ નહીં. આપણે હવે વધારે સાવધાન રહેવાની જરૂર છે. માસ્ક પહેરવુ, સામાજિક અંતર, બે ગજની દૂરી, ભીડવાળા સ્થળોથી દૂર રહેવુ હજુ પણ જરૂરી છે. છેલ્લા કેટલાક અઠવાડિયામાં ભારત સરકારે અર્થવ્યવસ્થા સંબંધિત અલ્પકાલિન અને દીર્ઘકાલિન બંને મુદ્દાને સંબોધિત કર્યા છે. સમુદ્રથી અંતરિક્ષ સુધી, ખેતરોથી ફેક્ટરીઓ સુધી, લોકોના અનુકૂળ અને વિકાસના અનુકુળ નિર્ણય લેવામાં આવ્યા છે. વડાપ્રધાન મોદીએ જણાવ્યુ કે હુ ડૉ. જોસેફને શુભકામનાઓ આપુ છુ અને હુ તેમના લાંબા જીવન અને સર્વશ્રેષ્ઠ સ્વાસ્થ્યની કામના કરૂ છુ. ડૉ. જોસેફ માર થોમાએ આપણા સમાજ અને રાષ્ટ્રના સારા માટે પોતાનુ જીવન સમર્પિત કરી દીધુ. તેઓ વિશેષરીતે ગરીબી હટાવો અને મહિલા સશક્તિકરણને લઈને ઉત્સાહી રહ્યા. માર થોમા ચર્ચ સેન્ટ થૉમસના મહાન આદર્શો, પ્રભુ મસીહના પ્રેરિતોની સાથે નિકટતા સાથે જોડાયેલા છે. ભારત હંમેશાથી કેટલાક સ્ત્રોતોના આધ્યાત્મિક પ્રભાવને લઈને ખુલ્લુ રહ્યુ છે. આ વિનમ્રતાની ભાવનાની સાથે માર થોમા ચર્ચે ભારતીયોના જીવનમાં એક સકારાત્મક અંતર લાવવાનુ કામ કર્યુ છે. તેમણે સ્વાસ્થ્ય સેવા અને શિક્ષણ જેવા ક્ષેત્રોમાં કામ કર્યુ છે.

''દૂસરા ઉર્સે તાજુશ્શરીઆહ' (રહમતુલ્લાહિ તઆલા અલયહૈ) મુબારક હો.
અખ્તરે કાદરી ખુલ્દ મેં ચલ દિયે
ખુલ્દ વાં હૈ હરઈક કાદરી કે લિયે
મૌલાએ કરીમ અપને પ્યારે મહેબુબ (સલ્લલાહો અલયહી વ સલ્લમ) કે સદકે આલમે ઈસ્લામ કો આફાત વ બલ્લીયાતસે બચાએ ફૈઝાને હુઝુર તાજુશ્શરીયહ સે માલામાલ ફરમાએ આમીન- ખાકપાયે હુઝુર તાજુશ્શરીઆહ
મુહમ્મદ અસલમ રઝવી ખાદિમ જમાઅત રઝાએ મુસ્તફા અમદાવાદ, ગુજરાત -9574078625

# સરકારની માલિકી હેઠળના પ્રસાર ભારતીએ પીટીઆઈને દેશવિરોધી ગણાવ્યું, કહ્યું સંબંધો અંગે ફરી વિચારવામાં આવે

(એજન્સી) તા.૨૭

ભારતીય જાહેર પ્રસારક, પ્રસાર ભારતી દ્વારા કથિત રાષ્ટ્રવિરોધી રિપોર્ટિંગ અંગે સમાચાર એજન્સી પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા(પીટીઆઈ)ની સાથે પોતાના સંબંધોને સમાપ્ત કરવાની ચેતવણીની સાથે એક પત્ર મોકલાયાની માહિતી સામે આવી છે. પ્રસાર ભારતીયોએ આ પગલું ત્યારે ભર્યુ છે જયારે પીટીઆઈએ ચીનના રાજદૂત સુન વેદાંગનો એક ઈન્ટરવ્યૂ પ્રકાશિત કર્યો હતો. જેમાં તેણે ભારત-ચીન હિંસક અથડામણ અંગે કથિત રૂપે ભારતને દોષિત ઠેરવ્યો હતો. આ હિંસક અથડામણમાં ૨૦ ભારતીય જવાનો શહીદ થયા હતા.

સૂત્રોએ જણાવ્યું કે, શનિવારે બોર્ડની બેઠકથી ઠીક પહેલા પીટીઆઈને કડક ભાષામાં લખવામાં આવેલા પત્રમાં પબ્લિક બ્રોડકાસ્ટરે પીટીઆઈ દ્વારા રાષ્ટ્રવિરોધી રિપોર્ટિંગ કરાયા મામલે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. પ્રસાર ભારતીએ પીટીઆઈના સંપાદકીય વલણને જોતાં કહ્યું છે કે, હવે તેની સાથે સંબંધ જાળવી રાખવા મુશ્કેલ છે. સરકારી સૂત્રોએ દાવો કર્યો હતો કે, પીટીઆઈને પ્રસાર ભારતીયથી જુદા-જુદા પ્રકારની ફી તરીકે દાયકાથી કરોડો રૂપિયા મળી રહ્યાં છે. સૂત્રોએ જણાવ્યું કે, પીટીઆઈ ૨૦૧૬-૧૭થી તેની સમીક્ષા પર ભાર મૂકી રહ્યું છે.

હવે પીટીઆઈની કથિત દેશવિરોધી ચીન રિપોર્ટિંગથી પ્રસાર ભારતીને લાગે છે કે, આ કરાર સાથે આગળ વધવું ઠીક નથી. પ્રસાર ભારતીએ ન ફક્ત પીટીઆઈ સાથે પોતાના સંબંધોની સમીક્ષા શરૂ કરી છે પણ જલદીથી જલદી તે અંતિમ નિર્ણય પણ જણાવશે.

### પહેલાથી પચાવી પાડેલા વિસ્તારો છોડવાનો ચીનનો કોઈ ઈરાદો નથી

# લદ્દાખમાં ચીનની સેનાનો પીછેહટ કરવાથી ઈન્કાર, ભારતની આકરી ચેતવણી

### ચીને ફિંગર-૪ પર હેલિપેડ બનાવી લીધું છે અને સેનાની તૈનાતી વધારી દીધી છે, તે ભારતને ફિંગર-૨ સુધી સીમિત રાખવા માગે છે : વરિષ્ઠ અધિકારી

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૭

ચીનની સેના સામે ભારતના ૨૦ જવાનો શહીદ થયા બાદ લદ્દાખમાં એલએસી પર તંગદિલી વધતી જાય છે. આ દરમિયાન હવે ચીને સ્પષ્ટતા કરી દીધી છે કે, તેનો હાલ પાછળ હટવાનો કોઈ ઈરાદો નથી. અહેવાલો અનુસાર ચીને લદ્દાખમાં પેંગોંગ ત્સો વિસ્તારમાં પોતાની સ્થિતિ મજબૂત કરી લીધી છે. ચીને વિવાદિત વિસ્તાર ફિંગર-૪ પર એક હેલિપેડનું નિર્માણ કરી લીધું છે અને સાથે જ પોતાના સૈનિકોની તૈનાતી પણ વધારી દીધી છે. એક અધિકારીએ સમાચાર એજન્સી સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આ વાત સાચી છે કે, પેંગોંગ ત્સો લેકના ઉત્તરી વિસ્તારમાં પોતાની સ્થિતિ મજબૂત કરી લીધી છે જે આ વિસ્તારમાં છેલ્લા આઠ અઠવાડિયાથી કરાયેલા નિર્માણમાં વધારો કર્યો છે. અધિકારીઓએ એમ પણ જણાવ્યું કે, ચીનની સેના હવે ફિંગર-૩ની ટોચ સુધી પેટ્રોલિંગ કરી રહી છે. આ રીતે તેઓ ભારતને ફિંગર-૨ સુધી સીમિત રાખવા માગે છે. એક અન્ય અધિકારી અનુસાર ચીન અમને બતાવી રહ્યું છે કે, તેમને પાછળ હટવા અથવા એપ્રિલની પહેલાની સ્થિતિ જાળવી રાખવાની કોઈ ઈચ્છા નથી. આ જ કારણે તેઓ પેંગોંગ ત્સોમાં પાછળ હટવાની કોઈ પણ વાતચીતમાં રસ દાખવી રહ્યું નથી.

# દ્વેષવૃત્તિનું પ્રદર્શન : સાંડેસરા બંધુના પીએમએલએ કેસમાં પૂછપરછ માટે ઈડી અહમદ પટેલના નિવાસે પહોંચી

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૭

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ઈડી)ની ટીમે શનિવારે સાંડેસરા બંધુના મની લોન્ડરિંગ કેસમાં સંડોવણીમાં પૂછપરછ કરવા માટે દિલ્હીમાં કોંગ્રેસના સિનિયર નેતા અહમદ પટેલના આવાસની મુલાકાત લીધી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ત્રણ સભ્યોવાળી ટીમ અહમદ પટેલના મધ્ય દિલ્હીમાં આવેલા આવાસ ૨૩ મધર ટેરેસા ક્રેસન્ટની મુલાકાત લીધી હતી અને પીએમએલએ હેઠળ નિવેદન નોંધ્યું હતું. અધિકારીઓ અનુસાર ઈડીએ પૂછપરછ માટે અહમદ પટેલને બે વખત નોટિસ મોકલી હતી પરંતુ ગુજરાત કોંગ્રેસના રાજયસભા સાંસદે કોરોના વાયરસની ગાઈડલાઈનનો હવાલો આપીને કહ્યું હતું કે, સિનિયર સિટિઝન્સને ઘરમાં જ રહેવાની સલાહ અપાઈ છે. આ અંગે એજન્સીએ તેમનો અનુરોધ સ્વીકાર્યો હતો અને માહિતી આપી હતી કે, તેઓ તેમની પૂછપરછ માટે એક તપાસ અધિકારી મોકલશે. આ કેસ ચેતન અને નિતીન સાંડેસરા બંધુઓ તથા અન્યો વિરૂદ્ધ તપાસનો છે જેમાં ગુજરાત ખાતેની સ્ટર્લિંગ બાયોટેક કંપની દ્વારા બેંક સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી અને મની લોન્ડરિંગનો આરોપ છે.

# કોરોના પોઝિટિવ છો ? ખાનગી હોસ્પિટલમાં દાખલ થતાં પહેલાં ધ્યાનમાં રાખવા જેવી ૧૦ વાત

(એજન્સી) તા.૨૭

જો કોઈ વ્યક્તિને કોરોના વાયરસનો ચેપ લાગ્યો હોવાનો પોઝિટિવ રિપોર્ટ આવે અને તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થવાની નોબત આવે ત્યારે તેના મનમાં અને હૃદયમાં મોટો ધ્રાસકો પડે છે, પરંતુ આવા સમયે માનસિક સંતુલન ગુમાવ્યા વિના તદ્દન સ્વસ્છ ચિત્ત રાખીને સમગ્ર સ્થિતિને ધ્યાનમાં લેવી જોઈએ, વિશેષ કરીને જ્યારે ખાનગી હોસ્પિટલમાં દાખલ થવાનો નિર્ણય કરવામાં આવે ત્યારે અમારા ધ્યાને એવી ૧૦ વાતો આવી છે જેના ઉપર ખૂબ ધ્યાન આપવાની જરૂર છે.

**વીમો :-** જો તમે સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં જવાનું વિચારી રહ્યા છો તો એવા સમયે ચેક કરી લો કે, તમારી પાસે હેલ્થ ઈન્સ્યોરન્સ છે કે નહીં. જો હોય તો ખર્ચ માટે વીમો સર્વશ્રેષ્ઠ છે કેમ કે, તેમાં સાત દિવસ હોસ્પિટલમાં રોકાવને સારવાર લો તેના કર્ઝની પૂરી જોગવાઈ કરેલી હોય છે. કેશલેસ વીમો સર્વશ્રેષ્ઠ છે. કોવિડ-૧૯ની સાત દિવસ ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવાનો ખર્ચ અંદાજે રૂા. ૩.૫ લાખ જેટલો થાય છે.

**પથારીની ઉપલબ્ધતા :-** સરકારી હોસ્પિટલની તુલનાએ ખાનગી હોસ્પિટલની બેડ એટલે કે, પથારી વધુ મોંઘી હોય છે અને ઓછા પ્રમાણમાં ઉપલબ્ધ હોય છે, તેથી આ બંને વિકલ્પો માટે માનસિક તૈયારી રાખો. બંને વિકલ્પોનો વિચાર કર્યા બાદ હોસ્પિટલમાં દાખલ થવા અને ઉપલબ્ધ ખાનગી કે સરકારી સુવિધાની જાણ મુખ્યમંત્રી ઓફિસમાં કરો.

**ઓળખપત્ર અને કોવિડનો રિપોર્ટ :-** આધારકાર્ડ, ઓફિસનું કાર્ડ જેવા ઓળખપત્રો અને કોવિડનો રિપોર્ટ સાથે રાખવાનું ભુલશો નહીં કેમ કે, અનેક જગ્યાએ તેની જરૂર પડશે.

**તમારી બેગ તૈયાર કરો :-** ગરમ પાણીની બોટલ, ચવનપ્રાસ અને ગિલોયનો જયુસ લેવાનું ભુલશો નહીં. પાચ જોડ કપડાં, સાબુ, ટુથપેસ્ટ અને બ્રશ, ઉકાળો બનાવવાનો સૂકો પાવડર અને પાંચ-સાત દિવસ સુધી કોવાઈ ન જાય એવા સફરજન અને કેરી જેવા ફળો, ટી બેગ, ખાંડ, મીઠું, ટિસ્યુ પેપર, ચપ્પુ, કોફી-ચ્હા પીવોના મગ, કાગળની પ્લેટ, પ્લાસ્ટિકની ચમચીઓ જેવી ચીજવસ્તુઓ ફરજિયાત લઈ જવી.

**પુસ્તકો લઈ જવા :-** તમારે ઘણા કલાકો આરામ કરવાનો રહેશે અને ઉંઘવાનું રહેશે તેમ છતાં તમારી પાસે ઘણો નવરાશનો સમય બચશે. આ સમયને તમારા લાભમાં ફેરવી નાંખો, તમારા મનગમતા વિષયના અને તમે જેને વાંચવા માટે હંમેશા તત્પર રહેતાં હતા એવા પુસ્તકો સાથે લઈ જવાનું ભૂલશો નહીં.

**ટીવી જુઓ :-** આ સમય તમારો સંપૂર્ણ એકાંતવાસનો સમય હશે અને આ સમય કાપવા તમારે મનોરંજનના વિકલ્પ વિશે પણ વિચારવું પડશે. તમારા સૌથી વધુ ગમતા ટીવીના પ્રોગ્રામનું લિસ્ટ બનાવો કેમ કે, ખાનગી હોસ્પિટલમાં લગભગ પ્રત્યેક રૂમમાં ટીવી અને મોટાભાગની ચેનલોની સુવિધા ઉપલબ્ધ હોય છે. સમય પસાર કરવા મનોરંજક કાર્યક્રમો જોવા ઉત્તમ છે.

**તમારા પરિવારની કાળજી લો :-** આ સમયે તમે દૂર કોઈ હોસ્પિટલમાં કોરોન્ટાઈનમાં હશો એવા સમયે તમારા પરિવારજનો સલામત છે અને તેઓ પૈકી કોઈને પણ કોરોનાના ચિહ્નો નથી તેની ખાતરી કરો. તે માટે તમારે બ્લડપ્રેશર માપતા ઓક્સિમિટર અને થર્મોમિટર ખરીદવાની વ્યવસ્થા કરો અને આ સાધનોનો કેવી રીતે ઉપયોગ કરવો તે પણ પરિવારના સભ્યોને શીખવાડો.

**ઘરને જીવાણુમુક્ત બનાવો:-** તમારા ઘરને ડિસઈન્ફેક્ટ (જીવાણુમુક્ત) કરવા સરકારી સુવિધાની રાહ જોશો નહીં. તાત્કાલિક એના એ જ દિવસે અથવા તો બીજા દિવસે કોઈ ખાનગી એજન્સીનો સંપર્ક કરીને ઘરના ડિસઈન્ફેક્ટ કરાવી લો.

**એમ્બ્યુલન્સ ના બોલાવવી હોય તો!** જો તમારે એમ્બ્યુલન્સ બોલાવીને અડોસ-પડોશના લોકોનું ધ્યાન તમારા તરફ ન ખેંચવું હોય તો સરકાર દ્વારા શરૂ કરાયેલા કોવિડ વોર રૂમનો સંપર્ક કરીને ખાનગી વાહનમાં તમને હોસ્પિટલ જવાની મંજૂરી માંગો.

# દિલ્હી હાઈકોર્ટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શિક્ષકોને પગારો નહી આપવાનું સ્વયં સંજ્ઞાન લીધું

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

દિલ્હી હાઈકોર્ટે ઉત્તર દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનની એમના હસ્તકની શાળાઓના શિક્ષકોને પગારોની ચુકવણી નહીં કરવા બદલ ઝાટકણી કાઢી હતી, હાઈકોર્ટે નોધ્યું હતું કે, આ શિક્ષકોને દિલ્હી સરકારે કોવિડ-૧૯ની ફરજો સોંપી હતી જેથી આ શિક્ષકોને એક રીતે કોવિડ-૧૯ના વોરીયર્સ કહી શકાય.

હાઈકોર્ટની ડીવીઝન બેંચના જો હીમા કોહલી અને જજ સુબ્રમનીઅમ પ્રસાદે વધુમાં અરજીનો નિકાલ કરી સુઓમોટો અરજીમાં ફેરવવા નિર્ણય કર્યું હતું. ઉત્તર દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંચાલિત શાળાઓના શિક્ષકો દ્વારા એલ.પી.એ દાખલ કરી હતી જેમણે સિંગલ બેંચના જજના ચુકાદાનો અમલ કરવા અપીલ કરી હતી કારણ કે, કોર્પોરેશન એમના ચુકાદાનો અમલ કરવામાં નિષ્ફળ રહી હતી. બેન્ચે કોર્પોરેશનને માર્ચ ૨૦૨૦ના પગારો આપવા આદેશ આપ્યો હતો. કોર્પોરેશને સોગંદનામાંમાં જણાવ્યું હતું કે, ફકત શિક્ષકોના પગારો જ બાકી નથી પણ અન્ય કર્મચારીઓના પગારોની ચૂકવણી પણ થઈ નથી કારણ કે, દિલ્હી સરકારે એમને વિવિધ રકમો એપ્રિલ ૨૦૨૦થી જૂન ૨૦૨૦ સુધીની ચૂકવી જ નથી.

કોર્ટને વધુ માહિતી આપી જણાવવામાં આવ્યું હતું કે, કોર્પોરેશનની ૨૯૯ શાળાઓના ૫૦ ટકાથી વધુ શિક્ષકોને કોવિડ-૧૯ની ફરજો બજાવવા દિલ્હી સરકાર દ્વારા કહેવામાં આવ્યું હતું. જેમણે સરકારની અનાજ વિતરણ અને અન્ય ફરજો બજાવી હતી. લગભગ ૫૪૦૬ શિક્ષકોને આ પ્રકારની ફરજો માટે રોકવામાં આવ્યું હતું પણ એમના પગારોની ચૂકવણી માર્ચ મહિનાથી બાકી છે.

કોર્ટે જણાવ્યું કે, શિક્ષકોને આ રીતે ધક્કા ખવરાવવું યોગ્ય નથી. કોર્ટે દિલ્હી સરકારને સોગંદનામું દાખલ કરવા જણાવ્યું અને કહ્યું કે, તેઓ એક ચોક્કસ સમય આપે કે ક્યા સમય સુધી તેઓ ચૂકવણીઓ કરશે.

# વડાપ્રધાને ઘૂસણખોરી બદલ ચીનની જાહેરમાં ટીકા કરવી જોઈએ, 'મજબૂત અને ઝડપી પગલાં' લેવા જોઈએ : કોંગ્રેસ

### વડાપ્રધાને દેશને સંબોધિત કરીને આશ્વાસન આપવું જોઈએ કે કોઈ આપણી જમીન પર કબજો જમાવી ના શકે, છેલ્લા છ વર્ષમાં સૌથી મોટી રાજદ્વારી નિષ્ફળતા જોવા મળી : પૂર્વ કેન્દ્રીય મંત્રી કપિલ સિબ્બલ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૭

કોંગ્રેસે શનિવારે વડાપ્રધાન મોદીને કહ્યું હતું કે, ભારતના વિસ્તારોમાં બળજબરીથી ઘૂસણખોરી કરવા બદલ તેમણે ચીનની જાહેરમાં ટીકા કરવી જોઈએ અને સરકારને અનુરોધ કર્યો હતો કે, એલએસીનો મુદ્દો ઉકેલવા માટે કડક અને ઝડપી પગલાં લેવા જોઈએ. કોંગ્રેસના સિનિયર નેતા કપિલ સિબ્બલે વીડિયો પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાને દેશને સંબોધિત કરવું જોઈએ અને આશ્વાસન આપવું જોઈએ કે, ભારતના ક્ષેત્ર પર જે પણ કબજો જમાવશે તેને પરત ધકેલવામાં આવશે. સમગ્ર દેશ અને સમગ્ર વિપક્ષ તેમની સાથે અને તેમની વચનો સાથે ઉભો છે. મોદી સરકારમાં છેલ્લા છ વર્ષમાં સૌથી મોટી રાજદ્વારી નિષ્ફળતાનો આરોપ લગાવીને પૂર્વ કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે, ચીન સાથેના એલએસીના મુદ્દાને ઉકેલવા માટે કેટલાક ઝડપી પગલાં લેવા જોઈએ. ચીન સાથે સરહદ વિવાદ ઝડપી રીતે ઉકેલવા અંગે તેમણે કહ્યું કે, કેટલાક ઝડપી પગલાં જરૂરી છે જ્યારે એવું પણ ટાંક્યું કે, ચીન સાથે રાજદ્વારી અને આર્થિક અટકાવ કામમાં નહીં આવે.

# લદ્દાખ વિષય સંવેદનશીલ મુદ્દો, તેને સરકારની નિષ્ફળતા ન ગણાવી શકાય : શરદ પવાર

### ચીને આપણી ઘણી જમીન કબજે કરી લીધી છે : રાંકપા પ્રમુખ

(એજન્સી) સાતારા , તા.૨૭

ચીનની સાથે મડાગાંઠને લઈ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે આરોપ-પ્રત્યાઆરોપની વચ્ચે નેશનાલિસ્ટ કોંગ્રેસ(રાંકપા) પાર્ટીના પ્રમુખ શરદ પવારે કહ્યું હતું કે, રાષ્ટ્રીય સુરક્ષાને રાજકીય સ્વરૂપ આપવું ન જોઈએ અને આપણે એ યાદ રાખવું જોઈએ કે ૧૯૬૨ના યુદ્ધ પછી ચીને આપણી ૪૫ હજાર વર્ગ કિલોમીટર જમીન પર કબજો કરી લીધો છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી મોદી સરકાર પર લદ્દાખ મુદ્દે થઈ રહેલા પ્રહારોના સંદર્ભે પવારે આ નિવેદન આપ્યું હતું. રાહુલના નિવેદનો અંગે પવારનું આ સ્ટેટમેન્ટ સૂચક માનવામાં આવી રહ્યું છે. લદ્દાખના ગલવાન ખીણની ઘટનાને લઈ રક્ષામંત્રીની નિષ્ફળતા બતાવવામાં ઉતાવળ ન કરવી જોઈએ, કારણ કે, અથડામણ દરમ્યાન સૈનિકો એલર્ટ હતા. પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યુ કે, આ આખુ પ્રકરણ સંવેદનશીલ મુદ્દો છે, ગલવાન ખીણમાં ચીને ઉશ્કેરીજનક વ્યવહાર કર્યો. ચીની સૈનિકોએ અમારા રોડ પર કબજો કરવાનો પ્રયાસ કર્યો અને જવાનો સાથે ધક્કામૂક્કી કરી. આ કોઈની નિષ્ફળતા નથી, જો અથડામણ દરમ્યાન આપણા ક્ષેત્રમાં કોઈ આવે છે તો તે કોઈ પણ સમયે આવી શકે છે. આપણે એમ ન કહી શકાય રક્ષામંત્રીની નિષ્ફળતા છે.

# શા માટે ચીનથી મૂર્તિઓની આયાત સરળતાથી ઓછી થતી નથી ?

### તમિલનાડુ ભાજપના કાર્યકરોને સંબોધતાં કેન્દ્રીય નાણામંત્રીનો સવાલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

નાણાં પ્રધાન નિર્મલા સીતારામને ભાજપના તામિલનાડુ એકમના કાર્યકરોને સંબોધનમાં ચીનના ઉત્પાદન મામલે પ્રશ્ન છે તે ઉઠાવ્યો હતો. તેમણે પૂછ્યું કે, ગણેશ મૂર્તિ જેવા તૈયાર ઉત્પાદોને પણ ચીની કંપનીઓમાંથી કેમ આયાત કરવા પડે છે . તેમણે આત્મનિર્ભરતાના લક્ષ્ય અને એમએસએમઈ દ્વારા સ્થાનિક રીતે બનાવવામાં આવતી ધૂપ લાકડીઓ જેવા ઉત્પાદનોની આયાત કરવાના વલણ વચ્ચેના ગેરસમજ વિશે પણ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

તેના માટે એક સરળ જવાબ છે : કિંમત. ચીની કંપનીઓને સ્કેલના અર્થતંત્રના આધારે મોટી કિંમતનો લાભ છે. આ સ્કેલ ઈકોનોમિઝ એમએસએમઈને નથી, જે મોટી ભારતીય કંપનીઓ પણ ઈચ્છે છે.

**આપણે ચીનથી પણ ગણેશ મૂર્તિઓની આયાત કરવાની જરૂર કેમ છે તેવો સવાલ નિર્મલા સીતારમણ કર્યો હતો**

ભારતીય કંપનીઓને ઉત્પાદનના ધોરણે અર્થતંત્ર પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહિત કરવા માટે હાલની આર્થિક નીતિને ફરીથી કાર્યરત કરવામાં આ સમાધાન છે. આ તે છે જે સ્થાનિક ઉત્પાદનમાં ટકાઉ ફરક પાડશે. અગાઉ વાણિજ્ય પ્રધાન રહી ચૂકેલા નિર્મલા સીતારમણ જાણે છે કે, ઘરેલું ઉત્પાદન ક્ષેત્રે સ્કેલને પ્રોત્સાહન આપતા આર્થિક સ્થાપત્ય વિના આયાત ઓછી નહીં થાય.

# બાળપણમાં અપાતી રસીથી કોરોના વાયરસના ગંભીર ચિહ્નો અટકાવી શકાય છે : નવું સંશોધન

### માનવી બાળપણમાં જ કેટલાંક રોગો સામે પ્રતિકાર કરવા તૈયાર થઈ જતો હોય છે, અને બાળપણમાં વિકસેલી રોગપ્રતિકારક શક્તિ જ વાયરસના નાના-નાના કણોની સામે વ્યાપક પ્રમાણમાં ઈમ્યુનિટીને પ્રેરિત કરે છે

(એજન્સી) તા.૨૭

બાળપણમાં બાળકોને ઓરી-અછબડા જેવા રોગો સામે રક્ષણ પૂરૂં પાડવા અપાતી રસીથી કોવિડ-૧૯ની સાથે સંકળાયેલી ફેંફસા સૂજી જવાની તકલીફને અટકાવી શકાય છે એમ તાજેતરમાં હાથ ધરાયેલાં એક નવા સંસોધનમાં કહેવામાં આવ્યું હતું. આ સંશોધનની મદદથી મહામારીથી શારીરિક રીતે અત્યંત નબળા બની ગયેલા દર્દીને રક્ષણ આપતી કોઈ અસરકારક દવાની શોધ થઈ શકે છે.

mBio નામના મેડિકલ જર્નલમાં પ્રસિદ્ધ થયેલા આ સંશોધનમાં કહેવામાં આવ્યું હતું કે, નબળા રોગકારક ધરાવતી આ જીવંત રસી અસંબંધિત ચેપની સામે એક મજબૂત અને અસરકારક સંરક્ષણ ઊભું કરવા માટે રોગપ્રતિકારક શક્તિમાં રહેલાં શ્વેતકણોને તાલિમ આપવા રોગપ્રતિકારક કોષ સક્રિય કરી શકે છે.

અમેરિકાની લુસિયાના યુનિવર્સિટિના સંશોધકોને સમાવતી વૈજ્ઞાનિકોની ટુકડીએ પ્રયોગશાળામાં કરાયેલા પ્રયોગ દ્વારા દર્શાવ્યું હતું કે, ફૂગના નબળા અને જીવંત વાયરસની મદદથી તૈયાર થયેલી રસી ફૂગ અને બેક્ટેરિયાના મિશ્રણથી થતાં રોગોના કારણે શરીરના રક્તમાં જે ઝેર પ્રસરી જાય છે તેની સામે એક જન્મજાત સંરક્ષણ ઊભું કરી શકે છે.

સંસોધકોએ દાવો કર્યો હતો કે, MMR રસીના કારણે બાળકોમાં જે એન્ટિબોડીઝ (પ્રતિરોધક રક્તકણ) પેદા થાય છે તેમણે કોવિડ-૧૯ના પ્રોટિનના કેટલાંક ભાગને ઓળખી કાઢ્યા હતા. આ એન્ટિબોડી માનવીના રક્તકોષમાં વાયરસના પ્રવેશને રોકી શકે છે.

અહેવાલ અનુસાર સાર્સ-કોવ-૨નું એસ પ્રકારનું પ્રોટિનએ ચાવીરૂપ ઈમ્યુનોજેનિક પ્રોટિન છે જે માનવીની રોગપ્રતિકારક શક્તિને પ્રેરિત કરે છે, અને આ રોગપ્રતિકારક શક્તિ એન્ટિબોડીઝ પેદા કરીને બહારથી માનવીના રક્તકોષમાં પ્રવેશતા વાયરસની સામે લડત આપે છે.

માનવી સામાન્ય રીતે તેના બાળપણમાં જ કેટલાંક રોગો સામે પ્રતિકાર કરવા તૈયાર થઈ જતો હોય છે, અને બાળપણમાં વિકસેલી રોગપ્રતિકારક શક્તિ જ વાયરસના નાના-નાના કણોની સામે વ્યાપક પ્રમાણમાં ઈમ્યુનિટિને પ્રેરિત કરે છે. વૈજ્ઞાનિકોના કહેવા મુજબ તાજેતરના સંશોધનમાં જોવા મળ્યું હતું કે, MMR રસીની સામે પ્રતિરોધક રક્તકણોનું લેવલ ૧૫-૨૦ વર્ષ સુધી ચાલે છે, અને તેથી જ કોવિડ-૧૯ની સામેનું રક્ષણ પણ ૧૫-૨૦ વર્ષ સુધી ચાલી શકે છે.

# ડોનાલ્ડ ટ્રમ્પ ભારતીય-અમેરિકનોના મળતા અદ્‌ભુત વ્યાપક સમર્થન માટે ખૂબ આભારી : વ્હાઈટ હાઉસ

(એજન્સી) તા.૨૭

અમેરિકામાં વ્હાઈટ હાઉસે કહ્યું કે, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતના લોકો અને ભારતીય-અમેરિકનોના મળતા વ્યાપક સમર્થન માટે ખૂબ આભારી છે. વ્હાઈટ હાઉસે આ ટિપ્પણી એક સર્વેના જવાબમાં કરી હતી જેમાં સંકેત આપવામાં આવ્યો હતો કે, યુએસના કેટલાક મુખ્ય રાજ્યોમાં ભારતીય સમુદાયના ૫૦ ટકાથી વધુ સભ્યો નવેમ્બરમાં યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ટ્રમ્પની તરફેણમાં જઈ રહ્યા છે. વ્હાઈટ હાઉસના ડેપ્યુટી પ્રેસ સેક્રેટરી સારાહ મેથ્યુઝે તાજેતરના સર્વે પરિણામો પરના સવાલના જવાબ આપતી વખતે આ ટિપ્પણી કરી હતી. ભારતીય-અમેરિકનો કે, જેઓ સામાન્ય રીતે ડેમોક્રેટિક પાર્ટીને મત આપે છે તેઓ ૩ નવેમ્બરની ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીના ટ્રમ્પની તરફેણમાં હશે. મેથ્યુએ જણાવ્યું હતું કે, 'રાષ્ટ્રપતિ ટ્રમ્પ ભારતના લોકો અને અમેરિકાના લાખો ભારતીય-અમેરિકનો તરફથી મળેલા વિશાળ સમર્થન માટે ખૂબ આભારી છે.' ટ્રમ્પ વિક્ટ્રી ઈન્ડિયન-અમેરિકન ફાઈનાન્સ કમિટીના સહ અધ્યક્ષ અલ મેસન દ્વારા હાથ ધરાયેલા સરવેના પરિણામો અનુસાર ચૂંટણીના મુકાબલામાં મહત્ત્વપૂર્ણ રાજ્યો જેમ કે, મિશિગન, ફ્લોરિડા, ટેક્સાસ, પેન્સિલવેનિયા અને વર્જિનિયામાં ૫૦ ટકાથી વધુ ભારતીય-અમેરિકી ટ્રમ્પના પક્ષમાં જઈ રહ્યાં છે. રાષ્ટ્રપતિ પદના કાર્યકાળ દરમિયાન ટ્રમ્પે ભારતીય અમેરિકી સમુદાય સુધી પહોંચ બનાવવાના ભરપૂર પ્રયાસો કર્યા હતા. વડાપ્રધાન મોદીની સાથે તેમના નજીકના સંબંધોએ તેમને ભારતીય અમેરિકીઓના હૃદયમાં સ્થાન અપાવવામાં ઘણી મદદ કરી છે. મેથ્યૂઝે કહ્યું કે, ટ્રમ્પે અમારા અર્થતંત્રને વધારવા, અમારી સંસ્કૃતિને સમૃદ્ધ કરવા અને અમારા સમુદાયને મજબૂત કરવામાં ભારતીય અમેરિકીઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકાને ઓળખી હતી.

# કોવિડ -૧૯ના ગરીબ દર્દીઓ પાસેથી મફત સારવાર મેળવવા અંગેના પુરાવાની અપેક્ષા રાખી નહીં શકાય : હાઈકોર્ટ

(એજન્સી) મુંબઈ, તા.૨૭

બોમ્બે હાઈકોર્ટે અવલોકન કર્યું કે, કોવિડ-૧૯ના ગરીબ વર્ગના દર્દીઓ પાસેથી અપેક્ષા રાખી શકાય નહિં કે, તેઓ મફત સારવાર લેતી વખતે પોતાની આવકના દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરી શકશે અથવા જયારે હોસ્પિટલમાં દાખલ થવા આવે ત્યારે આ પ્રકારના પુરાવાઓ રજૂ કરી શકશે.

કોર્ટ શુક્રવારે બાંદ્રાના ઝૂપડ પટ્ટી વિસ્તારના ૭ નિવાસીઓની અરજીની સુનાવણી કરી રહી હતી. એમની પાસેથી કે.જે. સોમૈયા હોસ્પિટલે ૧૧ એપ્રિલ અને ૨૮મી એપ્રિલ દરમિયાન લીધેલ સારવાર માટે ૧૨.૫ લાખ રૂપિયા લીધા હતા.

હાઈકોર્ટની બેંચના જજો રમેશ ધનુકા અને માધવ જામદારે હોસ્પિટલને ૧૦ લાખ રૂપિયા કોર્ટમાં જમા કરાવવા નિર્દેશો આપ્યા હતા. અરજદારોએ ૧૨.૫ લાખ ચૂકવવા માટે ૧૦ લાખ રૂપિયા ઉછીના લીધા હતા. હોસ્પિટલ વાળાઓએ એમને ધમકી આપી હતી કે, જો તેઓ પૈસા નહિં ચૂકવશે તો એમને હોસ્પિટલ માંથી રજા આપવામાં આવશે નહીં. અરજદારના વકીલ વિવેક શુક્લાએ કોર્ટને જણાવ્યું હતું.

અરજી મુજબ અરજદારો પાસેથી પી.પી.ઈ. કીટના અને જે સેવાઓ લીધી ન હતી એના પણ પૈસા લેવામાં આવ્યા હતા.

૧૩મી જૂને કોર્ટે ચેરીટી કમિશરને નિર્દેશો આપ્યા હતા કે, તેઓ હોસ્પિટલની તપાસ કરે કે, એમણે ગરીબ દર્દીઓ માટે ૨૦ ટકા પથારીઓ અનામત રાખી છે કે નહીં. ગયા અઠવાડિયે નાયબ ચેરીટી કમિશનરે કોર્ટને જણાવ્યું હતું કે, જો કે હોસ્પિટલે ૨૦ ટકા પથારીઓ અનામત રાખી હતી પણ એમને લોકડાઉન દરમિયાન ફક્ત ત્રણ જ દર્દીઓને સારવાર આપી હતી. વકીલે કહ્યું કે, દુર્ભાગ્યપૂર્ણ વાત છે કે, ૯૦ પથારીઓ અનામત રાખી હોવા છતાય ફક્ત ત્રણ જ દર્દીઓને સારવાર આપી હતી.

એમને કહ્યું કે, જે ગરીબ દર્દીઓ કોવિડના લીધે તાણમાં હોય એમની પાસેથી પુરાવાઓની અપેક્ષા રાખી શકાય નહીં.

જો કે, હોસ્પિટલ તરફે રજૂઆત કરનાર વકીલે દાવો કર્યો હતું કે, અરજદારો ગરીબ વર્ગના નથી અને એમણે આ અંગેના કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કર્યા નથી.

બેન્ચે કહ્યું કે, કોવિડ-૧૯થી પીડાતા દર્દી પાસેથી અપેક્ષા રાખી શકાય નહીં કે, એ તહેસીલદાર પાસે જઈ હોસ્પિટલમાં દાખલ થતા પહેલા પ્રમાણપત્ર લઈ આવશે. જેથી હોસ્પિટલે બે અઠવાડિયામાં ૧૦ લાખ રૂપિયા કોર્ટમાં જમા કરાવવા.

### પતંજલિએ દેશના લોકોને ગુમરાહ કર્યાનો આરોપ

# કોરોનિલ દવા પર વિવાદ : જયપુરમાં રામદેવ સહિત પાંચ વિરૂદ્ધ FIR

(એજન્સી) જયપુર, તા.૨૭

કોરોના વાયરસને 'કોરોનિલ' દવાથી ઠીક કરવાનો દાવો કરવા અંગે યોગ ગુરુ બાબા રામદેવ મુશ્કેલીઓમાં ઘેરાતા જોવા મળી રહ્યા છે. રાજસ્થાનના જયપુરમાં આ દવાના દાવા વિશે બાબા રામદેવ, પતંજલિ આયુર્વેદના સીઈઓ આચાર્ય બાલકૃષ્ણ અને ચાર અન્ય લોકો સામે એફઆઈઆર નોંધાવવામાં આવી છે. એફઆઈઆરમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે બાબા રામદેવે પતંજલિ આયુર્વેદની દવા કોરોનિલને કોરોનાની દવાના રૂપમાં પ્રચારિત કરીને દેશના લોકોને ગુમરાહ કર્યા છે.

તમને જણાવી દઈએ કે ગયા મંગળવારે જ બાબા રામદેવે કોરોનિલને કોરોના વાયરસના ઈલાજની દવા ગણાવીને લૉન્ચ કરી હતી. ત્યારબાદથી જ આ દવા અને બાબ રામદેવ માટે વિવાદ ચાલી રહ્યો છે. આયુષ મંત્રાલયે પતંજલિ આયુર્વેદ પાસે કોરોનિલના ટ્રાયલ અંગેની બધી માહિતી માંગીને આ દવાને કોરોના વાયરસના ઈલાજની દવા સ્વરૂપે પ્રચારિત કરવા પર પણ પ્રતિબંધ લગાવી દીધો છે. આ વિશે જયપુરના જ્યોતિનગર પોલિસ સ્ટેશનમાં બાબા રામદેવ, તેમના સહયોગી અને પતંજલિ આયુર્વેદના એમડી આચાર્ય બાલકૃષ્ણ, વૈજ્ઞાનિક અનુરાગ વાષ્ણેય, એનઆઈએમસએસના ચેરમેન બલબીર સિંહ તોમર અને નિર્દેશક અનુરાગ તોમર સામે એફઆઈઆર નોંધવામાં આવી છે. એફઆઈઆરમાં આ લોકો પર કોરોનિલને કોરોના વાયરસની દવા તરીકે ભ્રામક પ્રચાર દ્વારા દેશને ગુમરાહ કરવાનો આરોપ લગાવવામાં આવ્યો છે.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫-૨૫૩૩૨૮૨૦ ● ફેક્સ : ૨૫૩૫૮૦૬૦-૨૫૩૨૬૨૭૩ ● Posting at Ahd. RMS

# ભિવંડીની મસ્જિદને ઓક્સિજનની જરૂરિયાત ધરાવતા બધા લોકો માટે ખુલ્લી મુકાઈ

## ભિવંડીની મક્કા મસ્જિદમાં જમાત-એ-ઈસ્લામી દ્વારા શરૂ કરવામાં આવેલા ઓક્સિજન સેન્ટરમાં અત્યાર સુધી ૧૧૩ દર્દીઓ સારવાર લઈ ચૂક્યા છે જેમાંથી ૨૭ હિન્દુ ભાઈઓ છે

(એજન્સી) તા.૨૭

ભિવંડીના હિન્દુભાઈઓએ મસ્જિદમાં પ્રવેશવાનું ક્યારેય વિચાર્યું નહીં હોય પરંતુ હાલ એક મસ્જિદમાં તેમની સારવાર થઈ રહી છે. ભિવંડીની મક્કા મસ્જિદમાં ૧૨ દિવસ પહેલા ઓક્સિજન સેન્ટર શરૂ કરવામાં આવ્યું હતું. અહીં ૧૧૩ જેટલા દર્દીઓ સારવાર માટે દાખલ થયા હતા જેમાંથી ૨૭ હિન્દુભાઈઓ છે. પાવરલુમ નગર તરીકે ઓળખાતા ભિવંડીમાં હિન્દુઓની વસ્તી ૩૯ ટકા છે જ્યારે મુસ્લિમોની વસ્તી ૫૬ ટકા છે. વર્ષોથી ભિવંડીને કોમી તંગદિલીનો પર્યાય ગણવામાં આવે છે. ૧૯૭૦ અને ૧૯૮૪માં અહીં મોટા પાયે કોમી રમખાણો થયા હતા. ૧૯૮૪ના રમખાણો પછી અહીં મોહલ્લા કમિટિ અભિયાનની શરૂઆત થઈ હતી. જેનો મુખ્ય ઉદ્દેશ શાંતિ સુનિશ્ચિત કરવાનો હતો. હાલમાં ભિવંડી એક જુદી કટોકટીમાંથી પસાર થઈ રહ્યું છે. અહીં કોરોના વાયરસના ૧૩૩૨ પોઝિટિવ કેસો નોંધાયા છે અને ૮૮ મુત્યુ થયા છે.આ સ્થિતિ પ્રત્યે સરકારની બેદરકારીના પગલે સ્થાનિક જમાત-એ-ઈસ્લામીએ શાંતિનગરની મસ્જિદને ઓક્સિજન સેન્ટરમાં ફેરવી દીધી. અહીંની મ્યુનિસિપાલિટી સંચાલિત ઈન્દિરા ગાંધી મેમોરિયલ હોસ્પિટલને કોવિડ કેર હોસ્પિટલમાં ફેરવવામાં આવી છે પરંતુ અહીં ઓક્સિજન અને વેન્ટિલેટરની અછત સર્જાઈ છે. જ્યારે મોટાભાગની ખાનગી હોસ્પિટલો અને ક્લિનિક બંધ છે. પુણે યુનિવર્સિટીમાંથી પી.એચ.ડી. કરી રહેલા જમાત-એ-ઈસ્લામીના ભિવંડી એકમના કાર્યકર મોહમ્મદ અલી શેખે કહ્યું હતું કે લોકડાઉનના કારણે અમારી મસ્જિદ બંધ પડી હતી. આથી અમે વિચાર્યું કે આ મસ્જિદના વાસ્તવિક કાર્ય સમાજ સેવાને પુનર્જીવિત કરવાનો શ્રેષ્ઠ સમય છે. અને આપણે બહુધાર્મિક સમાજમાં રહેતા હોવાથી તેને બધા માટે ખુલ્લી રાખવી જરૂરી છે. આ મસ્જિદના ઓક્સિજન સેન્ટરમાં સેવા આપી રહેલા સ્થાનિક ડોકટરોને પીપીઈ કિટ આપવામાં આવે છે. ધ મુવમેન્ટ ફોર પીસ એન્ડ જસ્ટિસ અને શાંતિનગર ટ્રસ્ટ પણ આ ઓક્સિજન સેન્ટરને ચલાવવામાં ફાળો આપી રહ્યા છે.


મક્કા મસ્જિદમાં તૈયાર કરવામાં આવેલા ઓક્સિજન સેન્ટર.

# કોરોનાના ગંભીર દર્દીઓની સારવારમાં ડેક્સામેથાસોનના ઉપયોગને સ્વાસ્થ્ય મંત્રાલયની મંજૂરી



(એજન્સી) તા.૨૭

ભારતમાં અનલોક-૧ પછી કોરોનાના કેસ ઘણા મોટા પ્રમાણમાં વધી રહ્યા છે. આપણા દેશમાં પાછલા કેટલાક દિવસોમાં કોરોનાના કેસોમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. ૩૧ મેના રોજ આપણા દેશમાં કુલ કેસોની સંખ્યા ૧,૯૦,૦૦૦ની આસપાસ હતી. આપણે ફક્ત ૨૭ દિવસમાં ૧,૯૦,૦૦૦થી ૨૭ જૂને સાંજે ૫ વાગ્યા સુધી ૫,૦૯,૦૦૦ જેટલા કેસ પર પહોંચ્યા છીએ. જો આરોગ્ય વિભાગ દ્વારા અપાતા આંકડાઓને સાચા અને સંપૂર્ણ ખામીરહિત માની લઈએ તો પણ આજે દેશમાં કુલ કેસ ૫,૧૧,૪૭૮, જેમાંથી સક્રિય કેસ ૧,૯૮,૬૭૬, અને ૧૫,૭૩૧ આટલા લોકોએ કોરોનાના લીધે જીવ ગુમાવ્યો છે. સરકારી આંકડાઓ મુજબ અત્યાર સુધી ૨,૯૭,૦૧૩ દર્દીઓ સાજા થયા છે.

સ્વાસ્થ્ય વિભાગે મધ્યમ અને ગંભીર લક્ષણોવાળા કોરોનાવાયરસ દર્દીઓની સારવાર માટે મેથિલપ્રેડનિસોલોન ના વિકલ્પ તરીકે ઓછી કિંમતના સ્ટીરોઈડ ડ્રગ (Steroid Drug) ડેક્સામેથાસોન (Dexamethasone)ના ઉપયોગને મંજૂરી આપી છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન(WHO) દ્વારા ડેક્સામેથાસોનના ઉત્પાદનમાં ઝડપથી વધારો કરવાની સૂચના અપાઇ છે. લંડનમાં બ્રિટિશ ક્લિનિકલ ટ્રાયલ્સ બાદ ડેક્સામેથાસોન ડ્રગ ગંભીર રીતે બીમાર કોરોનાવાયરસ દર્દીઓનો જીવ બચાવવા માટે અસરકારક નીવડવાનું સાબિત થયું છે.

મધ્યમ અને ગંભીર લક્ષણવાળા કોરોના વાયરસ દર્દીઓ કે જેમને ઓક્સિજન સપોર્ટની જરૂરિયાત પડે છે, તેવા દર્દીઓને હવે મેથિલપ્રેડનિસોલોનના વિકલ્પ તરીકે ડેક્સામેથાસોન સ્ટેરોઈડ આપી શકાય છે, આ જાહેરાલ ભારત સરકારે કરી છે. ડેક્સામેથાસોનનો ઉપયોગ જે સંધિવા જેવા અન્ય રોગોમાં બળતરા ઘટાડવા માટે થાય છે, જે ઓક્સિજન સપોર્ટની જરૂરિયાતવાળા દર્દીઓ અને જેમને અતિશય બળતરા થતા હોય તેવા દર્દીઓ માટે કરવામાં આવે છે, તે હવે ગંભીર લક્ષણવાળા કોરોનાવાયરસ દર્દીઓ માટે પણ વાપરી શકાશે.

તાજેતરમાં ઑક્સફર્ડ યુનિવર્સિટીની એક ટીમના નેતૃત્વ હેઠળ સંશોધનકારોએ નવા કોરોનાવાયરસથી હોસ્પિટલમાં દાખલ થયેલા ૨૦૦૦થી વધુ ગંભીર બીમારીવાળા દર્દીઓ પર ડેક્સામેથેસોનનું પરીક્ષણ કર્યું હતું. જે દર્દીઓ ફક્ત વેન્ટિલેટરની મદદથી શ્વાસ લેતા હતા તેવા ૩૫ ટકા દર્દીઓનું મૃત્યુ આ દવાના ઉપયોગ પછી ટાળી શકાયુ છે, એમ અભ્યાસ સૂચવે છે. ડબ્લ્યુએચઓ ભાર મૂકે છે કે ડેક્સામેથેસોનનો ઉપયોગ ફક્ત ગંભીર અથવા ગંભીર રોગવાળા દર્દીઓ માટે જ નિકટ તબીબી નિરીક્ષણ હેઠળ થવો જોઈએ. હાલમાં કોવિડ -૧૯ માટે કોઈ માન્ય સારવાર અથવા રસી નથી. ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ (ICMR) અનુસાર ૨૬ જૂન સુધી દેશમાં કુલ ૭૯,૯૬,૭૦૭ નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. જેમાં શુક્રવારે ૨,૨૦,૪૭૯ નમૂના લેવામાં આવ્યા છે, જે ભારતમાં કોરોનના રોગચાળાની શરૂઆત પછીના એક દિવસમાં લેવાયેલા નમૂનાઓનો સૌથી ઊંચો આંકડો છે.

# અફઘાન નાગરિક સાથે પોલીસની બર્બરતાનો વીડિયો વાયરલ થયા બાદ પાકિસ્તાનના પેશાવરમાં વિરોધ પ્રદર્શન શરૂ થયા

(એજન્સી) પેશાવર, તા.૨૭

પોલીસની બર્બરતાની વિરૂદ્ધ શુક્રવારે પાકિસ્તાનના પેશાવરમાં વિરોધ પ્રદર્શન શરૂ થઈ ગયા તેમજ સોશિયલ મીડિયા પર એક વીડિયો સામે આવ્યો છે જેમાં ખૈબર પખ્તુન્ખવા પોલીસે અપશબ્દોનો પ્રયોગ કરતાં એક અફઘાન નાગરિકને નગ્ન કરી દીધો હતો. સમાચાર મુજબ પ્રદર્શનકારીઓએ શુક્રવારે અધિકારીઓની વિરૂદ્ધ તહલકા પોલીસ સ્ટેશનની બહાર ભેગા થઈને સૂત્રોચ્ચાર કર્યા. તેમણે પથ્થરમારો પણ કર્યો અને આજુબાજુના વિસ્તારમાં લાગેલા સીસીટીવી કેમેરાઓને નુકસાન પહોંચાડ્યું. પોલીસની વિરૂદ્ધ વિરોધ પ્રદર્શનનો આ બીજો દિવસ હતો. એસપી સદર સર્કલ એ.એસ.ખાલિદે જણાવ્યું કે, પ્રદર્શનકારીઓના ભેગા થયાના તરત પછી સ્થિતિને નિયંત્રણમાં લેવામાં આવી. કેટલાક યુવાનો કાયદો વ્યવસ્થા બગાડવાનો પ્રયાસ કરી રહ્યા હતા. અધિકારીઓએ પ્રદર્શનકારીઓને વિખેરવા માટે ટીયરગેસનો ઉપયોગ કર્યો જેમને ત્યારબાદ પાણીથી પોતાની આંખો અને મોંઢાને ધોતા જોવામાં આવ્યા. ૨૦ વર્ષીય અહેમદખાને જણાવ્યું કે, અમે પીડિત માટે ન્યાય માંગવા માટે વિરોધ કરી રહ્યા છીએ. પ્રદર્શનકારી રાજકીય વિધાનસભાની ઈમારતની બહાર પણ ભેગા થયા અને પોલીસના અત્યાચારની વિરૂદ્ધ પ્રદર્શન કર્યા. બુધવારે ત્રણ પોલીસ કર્મચારીઓની ધરપકડ કરવામાં આવી અને મહામારી અને અન્ય આરોપોનો એક વીડિયો જોવામાં આવ્યો જેમાં તેમને એક વ્યક્તિને અપશબ્દો બોલતાં અને નગ્ન કરતાં દર્શાવવામાં આવ્યા હતા જેની ઓળખ એક ૩૦ વર્ષીય અફઘાન નાગરિક તરીકે કરવામાં આવી છે જે હાલમાં પેશાવરના તહલકા વિસ્તારમાં રહે છે. ગુરૂવારે અનેક પ્રદર્શનકારી તહલકા વિસ્તારના રસ્તાઓ પર ઉતરી આવ્યા. પ્રદર્શનકારીઓએ પેશાવર પ્રેસ કલબની ઈમારતની સામે ભેગા થઈને શેરશાહ સૂરી રોડને અવરોધીત કર્યો. ટાયર સળગાવ્યા અને પોલીસની બર્બરતાની વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા.



# ગુરૂગ્રામના ઘણા ભાગોમાં તીડનું ઝુંડ જોવા મળ્યું દિલ્હી સરકારે તાકીદની બેઠક બોલાવી

## ગુરૂગ્રામના જિલ્લા કલેકટરે તીડના હુમલાથી થયેલા નુકસાનની આકરણી શરૂ કરી

(એજન્સી)

નવી દિલ્હી, તા.૨૭

ગુરૂગ્રામના નવા અને જૂના વિસ્તારો સહિત સેક્ટર પાંચના રાજેન્દ્ર પાર્(, સરકત નગર, ધનવાપુર, પાલમવિહાર, સેકટર-૧૮ની મારૂતિ ફેક્ટરી, સેક્ટર-૧૭ના ડીએલએફ-૧ ખાતે શનિવારે તીડનું ઝુંડ જોવા મળ્યું હતું. સવારે ૧૧ વાગ્યે તીડોના હુમલાથી ગુરૂગ્રામના લોકો ચોંકી ગયા હતા. તીડના હુમલાના પગલે દિલ્હી સરકારે તાકીદની બેઠક બોલાવી હતી. ગુરૂગ્રામના વહીવટી તંત્રએ તીડના હુમલાથી થયેલા નુકસાનની આકરણી શરૂ કરી છે. તાકીદની બેઠક બાદ દિલ્હી સરકાર તીડના હુમલા મામલે નિર્દેશો બહાર પાડશે.



પાકિસ્તાનથી વાયા રાજસ્થાન હવે તીડનું ઝૂંડ શનિવારે ગુરૂગ્રામથી ફરીદાબાદ પહોંચી ગયું છે. પાનીપતના ડેપ્યુટી કમિશનરે ખેડૂતોને એલર્ટ પર રહેવાની ભલામણ કરી છે. પાકિસ્તાનથી આ ઝૂંડ રાજસ્થાન પહોંચ્યું હતું. ત્યાંથી તે મહેન્દ્રગઢ જિલ્લાથી હરિયાણામાં પ્રવેશ કરી ચૂક્યું છે. શુક્રવારે આ ઝૂંડે રેવાડી અને નારનૌલમાં ખેડૂતોના પાકને નષ્ટ કરી નાખ્યા હતા. હવે તે ધીમે ધીમે આગળ વધી રહ્યું છે.

પાનીપતના જિલ્લા ડેપ્યુટી કમિશનર ધર્મેન્દ્રસિંહે સમાલખ અને ઈસરાના ખંડના ખેડૂતોને અપીલ કરી છે કે તેઓ અવાજ કરે તેવા યંત્રો અને સામાન(થાળી, વાસણ, ચમચા, વાટકા વગેરે) લઈને તૈયાર રહે. આ ઝૂંડમાં ૬૦ લાખ તીડ છે જેની લંબાઇ ૧૦ કિલોમીટર અને પહોળાઇ ૬ કિલોમીટર છે. દિવસના સમયે આ ઝૂંડ ત્રાટકે તો અવાજ કરીને ભગાડવા પડશે. જો રાત્રે તીડ આવશે તો તેમને સ્પ્રે કરીને ભગાડવા પડશે.

# સતત ૨૧મા દિવસે પેટ્રોલ ૨૫ અને ડીઝલ ૨૧ પૈસા મોંઘું થયું : છેલ્લા ત્રણ સપ્તાહમાં ઈંધણમાં અનુક્રમે કુલ રૂા.૯.૧૨ તથા રૂા.૧૧.૦૧ વધ્યા

(એજન્સી)

નવી દિલ્હી, તા.૨૭

પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવ દિવસે દિવસે ગંભીર મુદ્દો બની રહ્યા છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં કાચા તેલના ભાવમાં ઘટાડો હોવા છતાં આજે સતત ૨૧મા દિવસે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો ઝીંકાયો છે. આજે ડીઝલ ૨૧ પૈસા જ્યારે પેટ્રોલના ભાવમાં ૨૫ પૈસાનો વધારો નોંધાયો છે. આ સાથે છેલ્લા ૨૧ દિવસમાં ડીઝલ કુલ ૧૧ રૂપિયા અને પેટ્રોલ કુલ ૯.૧૨ રૂપિયા મોંઘું થયું છે.

પેટ્રોલની કિંમતથી વધુ ડીઝલના ભાવ વધુ થતા લોકો દ્વારા અલગ-અલગ પ્રતિક્રિયા સામે આવી રહી છે. તેમ છતાં ૨૭ જૂનના રોજ સરકારી તેલ કંપનીઓએ ઈંધણની કિંમતોમાં વધારો કર્યો છે. રાજધાની દિલ્હીની વાત કરીએ તો પેટ્રોલની કિંમત ગઈકાલે ૮૦.૧૩ રૂપિયા હતી જે ૨૫ પૈસા વધીને આજે ૮૦.૩૮ રૂપિયા પ્રતિ લિટર બોલાઈ રહી છે. જ્યારે ડીઝલની વાત કરીએ તો ગઈકાલે ભાવ ૮૦.૧૯ રૂપિયા હતા જે આજે ૨૧ પૈસા વધીને ૮૦.૪૦ રૂપિયા પ્રતિ લિટરે પહોંચ્યા છે. આ સાથે દિલ્હી દેશનું પ્રથમ એવું રાજ્ય બન્યું છે જ્યાં પેટ્રોલ કરતા ડીઝલ વધુ મોંઘું થયું છે.

રાજ્યની વાત કરીએ તો મુખ્ય શહેરોમાં પણ પેટ્રોલ અને ડીઝલના ભાવ સતત વધી રહ્યા છે. સતત ૨૧મા દિવસે પેટ્રોલ-ડીઝલના ભાવ વધ્યાં છે. અમદાવાદમાં પેટ્રોલના ભાવ રૂા.૭૭.૯૨ પ્રતિ લિટર જ્યારે ડીઝલ પ્રતિ લિટર રૂા.૭૭.૭૮ બોલાઈ રહ્યું છે. ઉપરાંત, સુરતમાં પેટ્રોલ રૂા.૭૭.૭૬ અને ડીઝલ રૂા.૭૭.૬૪ પ્રતિ લિટરે, રાજકોટમાં પેટ્રોલ રૂા.૭૭.૬૬ અને ડીઝલ રૂા.૭૭.૫૪ પ્રતિ લિટર, જ્યારે જામનગરમાં પેટ્રોલના ભાવ રૂા.૭૭.૮૧ અને ડીઝલ રૂા.૭૭.૬૧ પ્રતિ લિટરે બોલાઈ રહ્યા છે.

ઈંધણના દરરોજના વધતા ભાવ એક ગંભીર મુદ્દો બની રહ્યો છે




# સમગ્ર રાષ્ટ્રને હચમચાવી નાંખનાર તામિલનાડુના પિતા-પુત્રના 'કસ્ટોડિયલ ડેથ'નો સમગ્ર ઘટનાક્રમ

## ક્રૂર અને ઘાતકી પોલીસે જયરાજ-બેનિક્સનો મેડિકલ રિપોર્ટ તદ્દન હળવો બનાવી દીધો હતો : જો કે મેડિકલ ઓફિસરે તે રિપોર્ટને ફગાવી દીધો હતો અને ગંભીર ઈજાઓ અને આઘાત લાગ્યો હોવાની રિમાર્ક મૂકી હતી

ચેન્નાઇ, તા.૨૭

દક્ષિણ તામિલનાડુના સત્તાનકુલમ ખાતે પોલીસને જીવલેણ હુમલા બાદ મોતને ભેટેલા જયરાજ અને બેનિક્સના મોત બાદ દેશની ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમની યથાર્થતા વિશે આશંકાઓ ઊભી થઈ છે કેમ કે, કોર્ટે આ હુમલો કરનાર પોલીસોને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યા છે જેથી કરીને બહુ મોડું થઈ જાય તે પહેલાં પોલીસની ક્રૂરતા ખુલ્લી પાડી શકાય અને ઈજાગ્રસ્તોને હોસ્પિટલ મોકલી શકાય સત્તાનકુલમના મેજિસ્ટ્રેટ દ્વારા અપાયેલા રિમાન્ડ ઓર્ડર અને ઓર્ડર આપતાં પહેલાં શારીરિક ચકાસણી થઈ હતી કે કેમ તે પ્રશ્ન હાલ ચર્ચાના ચકડોળે ચઢ્યો છે. કસ્ટડીમાં મોકલી આપવા મેજિસ્ટ્રેટ સમક્ષ આરોપીઓને હાજર કરાય તે પહેલાં તૈયાર થયેલા મેડિકલ રિપોર્ટ અંગે પણ અનેક આશંકાઓ જન્મી છે. તે ઉપરાંત નવા કેદીઓ જેલમાં આવે તે પહેલાં તેઓના ઘા ની ગંભીરતાને જોતાં કોવિલપટ્ટી સબ-જેલના જેલરના હૃદયમાં કોઇ સંવેદના જાગી હતી કે, કેમ તે અંગેની ચર્ચાએ પણ જોર પકડ્યું છે.



જયરાજ અને બેનિક્સના સંપર્કમાં આવેલાં જેલના કેટલાંક અધિકારીઓ અને ડોક્ટરોની સાથે વાત કર્યા બાદ અમે તેઓના મોત પહેલાં શું શું બન્યું હતું તે તમામ ઘટના અને બનાવોની એક હારમાળા અમે તૈયાર કરી છે.

જ્યારે કિલપટ્ટીની સબ-જેલ ખાતે ડોક્ટરોએ જયરાજ અને બેનિક્સની શારીરિક ચકાસણી કરી ત્યારે તેઓનો પ્રત્યાઘાત મૂંઝવણ અને આઘાત એમ બંનેથી મિશ્રિત હતો. બંનેને પીઠના ભાગે ખૂબ ગંભીર ઈજાઓ થઇ હતી પરંતુ તેઓના ચહેરાના હાવભાવ ઉપરથી તેઓના આઘાત વિશે થોડું ઓછું જાણી શકાયું હતું, કેમ કે, જયરાજ અને બેનિક્સ કોવિલપટ્ટીની સબજેલની પોતાની કોટડીમાંથી ડોક્ટરના રૂમ સુધી પગે ચાલીને આવ્યા હતા. આ બંને આરોપીઓને શનિવારથી જેલમાં રખાયા હતા. જો કે, જયરાજના ઘૂંટણ ખૂબ સુજી ગયેલા દેખાતા હતા.

સોમવારે સવારે ૧૦-૩૦ કલાકે સબજેલમાં કરાયેલી તબીબી ચકાસણી વખતે હાજર રહેલાં લોકોએ કહ્યું હતું કે, આ પિતા-પુત્રાના શરીર ઉપર આટલા ગંભીર ઘા પડ્યા હતા તો તેઓ સામાન્ય સ્થિતિમાં કેવી રીતે હોઇ શકે? ત્યારબાદ મેડિકલ ચેકઅપ કરનાર ડોક્ટરે સત્તાલકુલમ સરકારી હોસ્પિટલમાંથી પોલીસ દ્વારા પ્રાપ્ત મેડિકલ સર્ટિફિકેટ ચકાસ્યું હતું જેથી કરીને તેઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી શકાય. મેડિકલ રિપોર્ટમાં આરોપીઓના ઘાને કોઇ ચીજવસ્તુ સાથે ઘસાવાથી થયેલા ઘા એમ દશાવવામાં આવ્યું હતું જેની સાથે કોવિલપટ્ટી સબજેલમાં હાજર ડોક્ટર સહેજપણ સંમત નહોતા, તેથી તેમણે તાત્કાલિક સરકારી હોસ્પિટલના રિપોર્ટમાં મૂકાયેલી રિમાર્કને બદલીને પીઠના નીચેના ભાગે અને થાપાની વચ્ચે સંખ્યાબંધ ફટકા પડવાથી થયેલી ઈજા એવી રિમાર્ક લખી દીધી હતી.

જેલની અંદર કેદીઓનું મેડિકલ ચેકઅપ કરનાર ડોક્ટરો સામાન્ય રીતે હાઈપરસેન્સિટિવ અને ડાયાબિટીસના દર્દીઓ બાબતે ખૂબ જ કાળજી રાખતા હોય છે. બેનિક્સને હાઇ બ્લડપ્રેશરની બિમારી હતી જ્યારે તેના પિતા જયરાજને ડાયાબિટીસની તકલીફ હતી. ડોકટરે એવી પણ ખાતરી કરી હતી કે તેઓની પાસે જરૂરી ટેબ્લેટ છે કે, નહીં. ત્યારબાદ દર્દીને આઘાત લાગ્યો છે તેને જોતાં ડોક્ટરે કેટલીક દવાઓ લખી આપી હતી. જયરાજ ડાયાબિટીસનો દર્દી હોવાથી તેને તેના ઘાનું ડ્રેસિંગ કરાવવા નજીકની જનરલ હોસ્પિટલની મુલાકત લેવાની પણ સલાહ આપી હતી. ડોક્ટરેએ વાતની પણ વિશેષ નોંધ લીધી હતી કે, બંને આરોપીઓના ઘાનું ડ્રેસિંગ કરાવતી વખતે પરૂ જામી જવાની શરૂઆત થઇ ગઇ હતી. સોમવારે સાંજે ૭-૩૦ કલાકે ડોક્ટરને બેનિક્સની સ્થિતિ જણાવતો એક કોલ જેલ સત્તાવાળાઓ તરફથી મળ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે, તેને ખુબ જ પરસેવો અને ગભરામણ થઈ રહી છે અને તે હૃદયમાં દુખાવો થવાની ફરિયાદ કરે છે. બેનિક્સને એક ઓટો રિક્ષામાં હોસ્પિટલ લઇ જવાયો પરંતુ થોડી જ વારમાં હોસ્પિટલમાંથી જેલ સત્તાવાળાએને એક ફોન મળ્યો જેમાં બેનિક્સનું મોત થયું હોવાનું જણાવાયું હતું.

કોવિલપટ્ટી સબજેલની કોટડીમાં રહેલાં પિતાને તેના પુત્રના મોતના સમાચાર આપવા જ્યારે પોલીસ ગઇ ત્યારે જયરાજનું આખું શરીર તાવથી ધખતું હતું. જેલ સત્તાવાળાઓ રાત્રે ૧૦-૩૦ કલાકે તેને પણ હોસ્પિટલ લઇ ગયા હતા. જયરાજને કોરોના વાયરસનો ચેપ લાગ્યો છે કે, નહીં તે સુનિશ્ચિત કરવા પોલીસે તેનો રિપોર્ટ કઢાવવાનું પણ નક્કી કર્યું હતું, પરંતુ મંગળવારે સવારે ૫-૩૦ કલાકે જયરાજનું પણ મોત નિપજી ચૂક્યું હતું.

# પૂર્વી લદ્દાખમાં ચીનની તાજેતરની આક્રમકતા તેના પડોશીઓ વિરૂદ્ધ મોટા પાયે લશ્કરી ઉશ્કેરણીનો ભાગ છે : અમેરિકી સાંસદ

(એજન્સી) તા.૨૭

લદ્દાખમાં એલએસી ખાતે ગેલવાન ખીણમાં ચીન સાથેની હિંસક અથડામણમાં ભારતીય જવાનોની શહાદત બાદ અમેરિકા ભારતના સમર્થનમાં બહાર આવ્યું છે. એક અમેરિકન નેતાએ કહ્યું છે કે પૂર્વી લદ્દાખમાં ચીનની તાજેતરની આક્રમકતા તેના પડોશીઓ વિરૂદ્ધ મોટા પાયે લશ્કરી ઉશ્કેરણીનો ભાગ છે.

શાંતિપૂર્ણ રાષ્ટ્રોના ડર અને સૈન્ય કાર્યવાહી માટે અમેરિકા ચીન સાથે ઊભું નહી રહેશે. આ વાત અમેરિકાના પ્રભાવશાળી નેતા ટેડ યોહો દ્વારા કરવામાં આવી છે. અમેરિકન નેતા ટેડ યોહોએ કહ્યું છે કે હવે સમય આવી ગયો છે કે દુનિયા ભેગા થાય અને ચીનને કહે કે હવે બહુ થયું છે.



ટેડ યોહોએ શુક્રવારે કહ્યું હતું કે, "ભારત સામેની કાર્યવાહી કોરોના રોગચાળા અંગે મૂંઝવણ બનાવવા માટે ચીની કમ્યુનિસ્ટની કુટ નીતિનો એક ભાગ છે." ચાઈનામાં મોટા પાયે લશ્કરી ઉશ્કેરણી સાથે હોંગકોંગ, તાઈવાન અને વિયેટનામ સહિતના તેના પાડોશી પ્રદેશોમાં કોરોના રોગચાળો આવરી લેવાનું વલણ ધરાવે છે.

તેમણે વધુ એક ટ્વિટ કરતાં કહ્યું કે કોઈપણ રીતે શાંતિપૂર્ણ દેશને દબાવવા માટે કરવામાં આવતા સૈન્ય આક્રમણની પડખે અમેરિકા ક્યારેય ઊભું નહીં રહે. તેમણે કહ્યું કે હવે સમય પાકી ગયો છે કે આખી દુનિયા એકજૂટ થઈને ચીનને પડકારે. હવુ બધુ થઈ ગયું છે. બીજી બાજુ કોંગ્રેસ સાંસદ ડૉ. એમી બેરા જે હાઉસ ઓફ રિપ્રેઝન્ટટેવિટ્સમાં ભારતીય અમેરિકી સાંસદ છે તેમણે પણ ભારત પર ચીનના સૈન્ય આક્રમણ સામે ચિંતા વ્યક્ત કરી હતી.

### સુરતની મહિલાએ બંને સાધુ સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી

# ઈડરમાં બંને લંપટ જૈન સાધુની ધરપકડ



ઈડર,તા.૨૭

ઈડરના પાવાપુરી જલમંદિરના બે જૈન સાધુઓએ અનુયાયી મહિલા સાથે મંદિર પરિસરમાં દુષ્કર્મ આચરતા જેના જૈન તથા અન્ય સમાજમાં ઘેરા પડઘા પડયા હતા અને ઉગ્ર વિરોધ નોંધાવી નરાધમોની ધરપકડની માગ કરી હતી. લોકરોષને પારખી ઈડર પોલીસે આજે બંને સાધુની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે. સુરતની મહિલાએ ગત તા.૨૦-૬-ના રોજ ઈડર અંબાજી હાઈવે ઉપર આવેલ જલમંદિર જૈન દેરાસર અને પાવાપુરી સંમેય શીખર તીર્થ ધામના સંસ્થાના પ્રમુખ કલ્યાણ સાગર અને રાજતિલક સાગર સામે પોતાના પર મંત્રતંત્રના નામે વ્યભિચાર તથા દુષ્કર્મ આચર્યાનો વીડિયો વાયરલ થયો હોવાથી આ બંને સાધુ વિરૂદ્ધ દુષ્કર્મ ગુજાર્યાની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જેના લીધે ઈડર જૈન સમાજમાં આ બંને સાધુ વિરૂદ્ધ રોષની લાગણી ફેલાઈ જવા પામી હતી. દુષ્કર્મનો વીડિયો જોઈ આ બંને સાધુઓને સંસારિક કપડા પહેરાવીને જેલમાં નાંખી દોની માગ કરી જૈન સમાજના લોકો ઈડર પોલીસ સ્ટેશને ભેગા થઈ સૂત્રોચ્ચાર કર્યા હતા અને બંને વિરૂદ્ધ આવેદન પાઠવ્યું હતું.

આ અંગે ઈડરના ડો. આષિતભાઈ પ્રફુલચંદ દોશી તથા વડાલીના ડો. નિકુંજ વોરાએ આ બંને સાધુઓ વિરૂદ્ધ જૈન સિધ્ધાંતોનું ઉલ્લંઘન કરી સંસારિક જીવનજીવી મહિલા અનુયાયીઓને તંત્રમંત્ર વિદ્યા કરી દેવાની ધમકીઓ આપી દુષ્કર્મ આચરી ધાર્મિક સંસ્થા તેમજ ધર્મને લાંછન લાગાડતા કાર્ય અંગે સુરતના અનુયાયીએ તા.૩-૧-૨૦ના રોજ તેની પત્નીને આ બંને સાધુઓએ શારીરિક શોષણ કરી તેના વીડિયો બનાવ્યાની વાત કહેતા ઉકત સંસ્થાના ટ્રસ્ટીઓ દ્વારા બંને સાધુઓ વિરૂદ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે અનુસંધાને ઈડર પોલીસે બંને સાધુની ધરપકડ કરી જેલ હવાલે કરી દીધા હતા.

# આણંદ જિલ્લામાં કોરોના પોઝિટિવના વધુ ૧૬ કેસ નોંધાયા : એક વૃદ્ધનું મોત

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા. ૨૭

આણંદ જિલ્લામાં વધુ ૧૬ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાંથી ૯ કેસ માત્ર આણંદ શહેરના છે. જયારે આજે એક દર્દીનું મોત નિપજયું છે, આણંદ શહેરમાં છેલ્લા ૭૨ કલાકમાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૪૬ ઉપર પહોંચી છે. આજે આરોગ્ય વિભાગ અને નગરપાલિકાની જુદી-જુદી ટીમો દ્વારા સેનેટાઈઝ અને આરોગ્ય સર્વે હાથ ધરવામાં આવ્યું હતું. આણંદ શહેર સહિત જિલ્લાભરમાં લોકલ સંક્રમણ સતત વધી રહ્યું છે અને આણંદ શહેર કોરોનાનું હોટસ્પોટ બની રહ્યું હોય તેમ કોરોનાના સૌથી વધુ કેસો આણંદ શહેરના જોવા મળી રહ્યા છે. આજે કોરોના પોઝિટિવના વધુ ૧૬ કેસ નોંધાયા છે. જેમાં અબ્દુલરહેમાન યુસુફભાઈ વ્હોરા (ઉ.વ.૬૧), વ્હોરા રોશન સાલેશભાઈ, સલમાબેન ઐયુબભાઈ વ્હોરા (ઉ.વ.૫૭) રહે, વ્હોરા રૂકશાનાબેન યાસીનભાઈ (ઉ.વ.૪૦) રહે, ફિરોજભાઈ વ્હોરા (ઉ.વ.૪૭), યાકુબભાઈ વ્હોરા (ઉ.વ.૫૮), રૂકૈયાબાનુ એસ. વ્હોરા (ઉ.વ.૫૭), અબ્દુલ હઈભાઈ વ્હોરા (ઉ.વ.૫૯), નુરમહંમદભાઈ વ્હોરા (ઉ.વ.૫૫) રહે, જાવેદભાઈ વ્હોરા (ઉ.વ.૩૩), બાલશુબ્રમણ્ય રામાસ્વામી આર. (ઉ.વ.૫૯), કુરેશી સલીમ અબ્દુલભાઈ (ઉ.વ.૬૦), વ્હોરા અબ્બાસ ઈબ્રાહીમ (ઉ.વ.૬૦), કૃણાલ શાહ (ઉ.વ.૩૫), પીરજપુરનાં ૫૫ વર્ષીય પ્રૌઢ સહિત ૧૬ પોઝિટિવ કેસ નોંધાયા છે. જે પૈકી બે દર્દીઓ કરમસદની શ્રીકૃષ્ણ હોસ્પિટલમાં અને બાર દર્દીઓ વડોદરાના મુસ્લિમ મેડીકલ સેન્ટરમાં સારવાર હેઠળ છે. આણંદ શહેરમાં આજે વધુ ૧૬ કોરોના પોઝિટિવ કેસ નોંધાતા આણંદ શહેરમાં સૌથી વધુ કેસ છે. જેને લઈ આરોગ્ય વિભાગ દ્વારા કોરોના પોઝિટિવ દર્દીઓના પરિવારના સભ્યો તેમજ આસપાસમાં રહેતા લોકોના આરોગ્યનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું તેમજ સમગ્ર વિસ્તારમાં સેનેટાઈઝ કરી વિસ્તારને કન્ટેઈનમેન્ટ કરવામાં આવ્યું હતું. આજે આણંદ શહેરમાં એક કોરોનાં પોઝિટિવ વૃદ્ધ દર્દીનું મોત નિપજતા આણંદ જિલ્લામાં કોરોનાં પોઝિટિવથી મૃત્યુની સંખ્યા ૧૪ પર પહોંચી છે. આણંદ શહેરમાં ચિંતાજનક રીતે કોરોના પોઝિટિવના કેસો સતત વધી રહ્યા છે. છેલ્લા ૭૨ કલાકમાં ૪૬ કેસ નોંધાતા હાહાકાર મચી ગયો છે. અને જો હવે જનતા પોતે તકેદારી નહી રાખે તો આગામી દિવસોમાં કોરોના પોઝિટિવ કેસોનો વિસ્ફોટ થાય તેમ લાગી રહ્યું છે.

### આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ દિવસ નિમિત્તે

# અમદાવાદ જિલ્લામાં તા. ૨૦થી ૨૬ દરમિયાન પોલીસ દ્વારા અવેરનેસ કાર્યક્રમ યોજાયા

અમદાવાદ, તા.૨૭

NCORD (Narco coodination centre) અને ગુજરાત રાજય સરકારના પરિપત્ર આધારે ગુજરાત રાજયના સી.આઈ.ડી. ક્રાઈમન્સના અધિક પોલીસ મહાનિર્દેશકના આદેશથી ૨૬મી જૂન "Intemational Day Against Drug Atuse and Illicit Traf-ficking" અન્વયે લોકો વચ્ચે જાગૃતિ કેળવવા સારૂ રાજયની સ્કૂલ, કોલેજોમાં કાર્યક્રમો, ડ્રગ્સ વિરોધી રેલીઓ, જાહેર સભાઓ, વર્ક શોપ, સેમિનાર પ્રદર્શનો યોજવામાં આવે છે. પરંતુ કોવિડ-૧૯ની મહામારીના કારણે આવા કાર્યક્રમ યોજી શકાય તેમ ન હોય જેથી તા. ૨૦-૦૬-૨૦૨૦થી તા. ૨૬-૦૬-૨૦૨૦ સુધી "જીવન ટકે જો ડ્રગ અટકે" ના શીર્ષક હેઠળ આ કાર્યક્રમોનું આયોજન ખાસ સોશિયલ તથા ડિઝિટલ મીડિયાના માધ્યમથી કરવામાં આવ્યું હતું. જેમાં શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાં, ધારાસભ્ય સાણંદ કનુભાઈ પટેલ, લોક ડાયરાના તેમજ સાહિત્ય કલાકાર સાઈરામ દવે. કિર્તીદાન ગઢવી, માયાભાઈ આહીર, ગુજરાતી ફિલ્મ આર્ટીસ્ટ સિદ્ધાર્થ રાંદેરિયા, જિનલ બેલાની, રાકેશ ૨ પૂંજારા, આરતીબેન પટેલ, આરોહી પટેલ, મલ્હાર ઠક્કર, પ્રશાંત બારોટ, તેમજ બીજા કલાકારો દ્વારા સોશિયલ મીડિયામાં રેડિયો ઉપર નશીલા માદક પદાર્થો અંગે લોકોમાં જાગૃતિ આવે તે સારૂ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા તેમજ કાર્યક્રમો દ્વારા મનોરંજન સાથે નશીલા માદક પદાર્થોના સેવનથી દૂર રહેવું તેમજ પોતાનું જીવન બચાવવા અંગે સંદેશ આપવામાં આવેલ છે.

# ભરૂચ જિલ્લામાં કોરોનાના વધુ ૮ કેસ નોંધાયા

ભરૂચ, તા.૨૭

ભરૂચ જિલ્લામાં આજે વધુ ૮ જેટલા લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો જેને લઈને જિલ્લામાં કુલ લે ૨૦૩ લોકો કોરોના પોઝિટિવ થયા હોવાનું જાણવા મળ્યું છે.

ભરૂચ જિલ્લામાં આમોદના ઈખર ગામેથી કોરોના પોઝિટિવના ચાર દર્દીઓથી શરૂઆત થઈ હતી અને ત્યાર બાદથી ચોથા તબક્કાના lockdown દરમિયાન જિલ્લામાં ૪૦ જેટલા લોકો કોરોના પોઝિટિવ થયા હતા મૃત્યુઆંક ત્રણ હતો પરંતુ પાંચમા તબક્કાના lockdown માં મળેલી છૂટછાટ બાદ લોકો એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં magic રેડ ઝોનમાં આવતા કોરોના વાયરસથી સંક્રમિત વિસ્તારોમાં કોરોના સંક્રમિત થયા લોકો સાથે મળી ના આવ્યા હવે ભરૂચ જિલ્લામાં જે જગ્યા ઉપર ગયા ત્યાં કોરોના પોઝિટિવના દર્દીઓમાં વધારો થયો હતો જિલ્લામાં રોજ પાંચથી આઠ લોકોકોરોનાથી સંક્રમિત થઈ રહ્યા છે ત્યારે ભરૂચ જિલ્લામાં અંકલેશ્વર ઝઘડિયા અને જંબુસર મળીને આઠ લોકોનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવતા જ જિલ્લાનું વહીવટીતંત્ર પણ દોડતું થયું હતું આરોગ્ય વિભાગની ટીમે લોકોનું મેડિકલ તપાસ શરૂ કર્યું હતું ત્યારે આજે અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલમાંથી સાત જેટલા લોકોએ કોરોના વાયરસને હરાવીને સાજા થઈને ઘરે જતા હાજર તબીબોએ તાળીઓના ગડગડાટથી તેઓને વિદાય આપી હતી જયારે ભરૂચ જિલ્લામાં આજે આઠ દર્દીઓ જંબુસર અને જયાબેન મોદી હોસ્પિટલમાં કોરોના વાયરસની સારવાર લેવા માટે પહોંચ્યા હતા ભરૂચ જિલ્લામાં હમણાં સુધીમાં કુલ ૨૦૩ જેટલા લોકો સંક્રમિત થયા છે

# સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના વધુ ૮ કેસ નોંધાયા : કુલ આંક ૧૪૦

હિંમતનગર, તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના આરોગ્ય વિભાગના કોરોના સંક્રમણને રોકવાના અને દર્દીઓને કોરોના મુક્ત કરાવવા માટે અથાગ પ્રયત્નો થઈ રહ્યા છે જેના પરીણામે અત્યાર સુધીમાં બે મહિનાની બાળકીથી લઈ ૮૦ વર્ષિય વૃધ્ધાને તબીબી ટીમ દ્વારા કોરોના મુક્ત કરવામાં આવ્યા છે. તબીબી ટીમની મહેનતના કારણે જિલ્લાના વધુ બે દર્દીઓ કોરોનાને માત આપી જેમાં હિંમતનગરના ૩૦ વર્ષિય રેખાબેન કલાસ્વા અને પ્રાંતિજના ૭૦ વર્ષિય ગોવિંદભાઈ પરમાર મેડીસ્ટાર હોસ્પિટલ હિંમતનગર ખાતેથી કોરોનાને માત આપતા ઘરે જવા રજા અપાઈ હતી. જિલ્લામાં આવેલા રીપોર્ટમાં પ્રાંતિજ તાલુકાના પ્રાંતિજના વ્હોરવાડ વિસ્તારના ૫૧ વર્ષિય પુરૂષ, હિંમતનગરના ગાયત્રી મંદિર રોડ વિસ્તાર સર્વોદય બંગ્લોઝના ૭૦ વર્ષિય વૃધ્ધા અને શનિવારે આવેલા કોવિડ-૧૯ના વધુ ૬ કેસ નોંધાયા જેમાં પ્રાંતિજ તાલુકામાં પ્રાંતિજ શહેરના પંડ્યા વાસ ના ૫૧ વર્ષિય પુરૂષ અને દેસાઈની પોળના ૪૬ વર્ષિય પુરૂષ , તલોદ તાલુકાના સલાટપુરના ૪૮ વર્ષિય પુરૂષ અને રણાસણના ૫૭ વર્ષિય પુરૂષ તેમજ ઈડર તાલુકાના ચિત્રોડાના સાબલી ગામના ૫૧ વર્ષિય પુરૂષ અને ખોડમ ગામના ૬૦ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. સાબરકાંઠા જિલ્લામાં કોરોનાના કુલ ૧૪૦ કેસ નોંધાયા છે. જેમાંથી ૧૧૩ દર્દી કોરોના મુક્ત થયા છે. જયારે ૬ કોરોના દર્દીના દુ:ખદ મૃત્યુ થયા હતા. હાલમાં ૨૧ દર્દી કોરોનાની સારવાર હેઠળ છે.

# વડોદરાના છ ગામને મનપામાં સમાવેશના વિરોધમાં ગ્રામજનોએ ચક્કાજામ કર્યો

વડોદરા,તા.૨૭

વડોદરા શહેર આસપાસના ૭ ગામના વડોદરા મહાનગરપાલિકામાં સમાવેશ લઈને છેલ્લા કેટલાક દિવસથી વિરોધનો વંટોળ ઉભો થયો છે. વડોદરા નજીક ભાયલી ગામના રાયપુરા અને પાદરા જવાના માર્ગ પર ૨૦૦ જેટલા ગ્રામજનોએ ચક્કાજામ કરીને વિરોધ વ્યકત કર્યો હતો અને ભાયલી બચાવો અને કોર્પોરેશન હટાવોના સૂત્રોચ્ચારો કર્યા હતા. ડભોઈના ભાજપ પૂર્વ ધારાસભ્ય બાલકૃષ્ણ પટેલ વિરોધમાં જોડાયા હતા. આજે શનિવારે બપોર બાદ બિલ ગામનો લોકોએ પણ વડોદરા મહાનગરપાલિકામાં સમાવેશ સામે પોતાનો વિરોધ વ્યકત કર્યો હતો. બિલ ગામના લોકો મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા અને થાળી વગાડીને વિરોધ કર્યો હતો અને પાલિકામાંથી બિલ ગામને હટાવવાની માગ કરી હતી. રાજય સરકાર દ્વારા વડોદરા શહેરની આસપાસના ૭ ગામને પાલિકામાં સમાવેશ બાદ સાતેય ગામના લોકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે અને રોજેરોજ વિરોધ કરી રહ્યા છે.

# પાટણ - બાલીસણામાં કોરોનાના બે કેસ : જિ.માં ૧૬૮ કેસ નોંધાયા

પાટણ,તા.૨૭

પાટણ શહેર સહિત જિલ્લાને કોરોનાનો કહેર હંફાવી રહ્યો છે. ગઈકાલે એક સાથે આઠ પોઝિટિવ કેસો પ્રકાશમાં આવ્યા બાદ આજે શહેરીજનો પર તેની અસર પડી હોય તેમ બજારોમાં ચહલપહલમાં ઘટાડો જોવા મળ્યો છે. તો બીજી તરફ આજે પાટણ અને બાલીસણામાં એક એક પોઝિટિવ કેસ નોંધાતા પાટણ જિલ્લાનો કુલ આંક ૧૬૮ અને પાટણ શહેરનો ૭૭ થયો છે. તો પાટણ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ મનોજ ઝવેરી અને અન્ય બે કોરોના પોઝિટિવ દર્દીઓ ધારપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર મેળવી કોરોનાને મ્હાત કરી સ્વસ્થ થતા રજા આપવામાં આવી હતી. પાટણ જિલ્લામાં આજે નોંધાયેલ બે કોરોના પોઝિટિવ કેસોમાં પાટણના અંબાજી નેળિયામાં જગન્નાથ બંગ્લોઝમાં રહેતા પટેલ મોહનભાઈ (ઉ.વ.૬૦) અને બાલીસણા ગામના શેખ મુનાફભાઈ (ઉ.વ.૪૮)ને કોરોનાના લક્ષણો દેખાતા બંનેને ધારપુર સિવિલ હોસ્પિટલ ખસેડી ટેસ્ટ સેમ્પલ લેવામાં આવ્યા હતા જે આજે કોરોના પોઝિટિવ આવ્યા હતા. તો પાટણ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ મનોજ ઝવેરી કોરોનાને મ્હાત આપી સ્વસ્થ થતા તેઓને ધારપુર સિવિલ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ ઉપરાંત પાટણના ખેજડાની પોળમાં રહેતી ૭૦ વર્ષીય વૃદ્ધા અને રાજવંશી બંગ્લોઝના ૫૪ વર્ષીય પુરૂષ પણ સ્વસ્થ થતા આ બંનેને પણ આજે રજા આપવામાં આવી છે. આમ પાટણ જિલ્લામાં ૧૧૨ દર્દીઓ કોરોનાને મ્હાત આપી સ્વસ્થ થયા છે.

# અંકલેશ્વરમાં કોરોનાના બે કેસ

**અંકલેશ્વર, તા. ૨૭**

છેવટે અંકલેશ્વર શહેરી અને નગરપાલિકા હદ વિસ્તારમાં કોરોના વાયરસએ પ્રવેશ મેળવી લીધો છે અંકલેશ્વર નગરપાલિકા હદ વિસ્તારના વોર્ડ નંબર ૯માં આવતા આદર્શ હાઈસ્કુલના વિસ્તારમાં જ કોરોના વાયરસનો પ્રથમ કેસ સામે આવતા લોકોમાં ફફડાટ વધી ગયો છે.

પ્રાપ્ત સત્તાવાર માહિતી અનુસાર અંકલેશ્વર આદર્શ સ્કૂલ વિસ્તારમાં કોરોના વાયરસ સંક્રમિત એક દર્દીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. અંકલેશ્વર વોર્ડ નંબર નવના વિસ્તારમાં આવતા ગંગાજમના સોસાયટીની પાસેના વિસ્તારમાંથી ૫૯ વર્ષના અશ્વિનભાઈ મોદીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે જેને લઈને ભારે ફફડાટ પ્રજામાં જોવા મળી રહ્યો છે.

અંકલેશ્વર તાલુકા આરોગ્ય અધિકારી દિનેશ વસાવાના જણાવ્યા અનુસાર દર્દી જયાબેન મોદી હોસ્પિટલમાં એડમિટ હતા અને તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બીજી તરફ સતત બીજા દિવસે અંકલેશ્વરના ગડખોલ ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં આવતી સુરમ્ય સોસાયટીમાં પણ ૩૪ વર્ષીય જયવિરસિંહ રઘુવીરસિંહને કોરોના સંક્રમિત જણાયો છે. એનો પણ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે આ સાથે ગડખોલમાં બે કેસ બે દિવસમાં નોંધાયા છે.

અંકલેશ્વર શહેર, તાલુકા, જીઆઈડીસી પોલીસ તેમજ વહીવટી તંત્ર આ બાબતે જો ગંભીરતા નહીં દાખવે તો આ સંક્રમણ વધશે એવી બીકથી પ્રજા ફફડી રહી છે.

### મોડાસા-હિંમતનગર રોડની ઘટના

# કારમાં આવેલી નાગા બાવાની ગેંગ શિક્ષકે પહેરેલ લકી અને વીંટી ખેંચી ગઈ

મોડાસા, તા.૨૭

મોડાસા-હિંમતનગર રોડ પર આવેલ ભવાનપુર પાટિયા નજીકથી પસાર એક્ટિવા લઈ પસાર થતા દિવ્યાંગ શિક્ષકને નંબર પ્લેટ વગરની બ્રેઝા કારમાં નાગાબાવાની ગેંગે અટકાવી કાર પાછળ દિગંબર અવસ્થામાં બેઠેલ સંતને આરામ કરવો છે તો નજીકમાં આશ્રમ હોય તો બતાવો કહી કાર નજીક બોલાવી પાછળ બેઠેલ ભભૂતિ ધારી નાગાબાવા જેવા દેખાતા શખ્સે શિક્ષકનાં હાથમાં પહેરેલ સોનાની લકી અને વીંટી ખેંચી લઈ કારમાં ફરાર થઈ જતાં શિક્ષક હોફાળો-ફોફાળો બની ગયો હતો. મોડાસા તાલુકાની ખુમાપુર પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા જયંતિભાઈ રણછોડભાઈ પાઠક થોડા દિવસ અગાઉ શાળામાં નોકરી પૂર્ણ થતા એક્ટિવા લઈ પરત મોડાસા ઘરે આવવા નીકળ્યા હતા ત્યારે ભવાનપુર પાટિયા નજીક રાજેન્દ્રનગર તરફથી આવેલી નંબર પ્લેટ વગરની બ્રેઝા કાર તેમની નજીક આવી હતી. જેમાં ડ્રાઈવર, તેની બાજુમાં સાધુના વેશમાં એક શખ્સ અને પાછલી સીટમાં એક શખ્સ એમ ત્રણ શખ્સો બેઠા હતાં. આ સાધુએ કારનો કાચ ઉતારીને નજીકમાં કોઈ આશ્રમ હોય તો જણાવવા માટે કહ્યું હતું. જયંતિભાઈ પાઠકે નજીકમાં આશારામ આશ્રમ હોવાનું કહેતા આ સાધુએ તેમને આશ્રમ જવાનો રસ્તો પૂછ્યો હતો. રસ્તો બતાવ્યા બાદ પાછળ બેઠેલા સાધુએ શિક્ષકના હાથમાં પહેરેલી સોનાની લકી અને વીંટી કિં.રૂા. ૪૮૦૦૦/- ખેંચી લઈ કાર દોડાવી મૂકતા શિક્ષકે એક્ટિવા પર કારનો પીછો કરીને નંબર મેળવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ કાર નંબર પ્લેટ વગરની હોવાનું જાણવા મળ્યું હતું. નાગાબાવાની ગેંગનો શિકાર બનેલા શિક્ષકે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા રૂરલ પોલીસે કારમાં સરનામું પૂછી લૂંટ ચલાવનાર ત્રણ શખ્સો સામે ગુનો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# વડોદરામાં પત્ની પિયર જતા પતિએ ફાંસો ખાધો

વડોદરા,તા.૨૭

પી.એમ.આવાસ યોજનાના મકાનમાં રહેતો રણજીત રમેશભાઈ પાટીલ (ઉ.વ.૩૦) છૂટક મજૂરી કરતો હતો. પતિ-પત્ની વચ્ચે કંકાશ થતો હોઈ તેની પત્ની નાના પુત્રને લઈને ત્રણ દિવસ પુર્વે પીયર મહારાષ્ટ્ર જતી રહી હતી. ઘરમાં એકલા જ રહેતા રણજીત પાટીલે પંખામાં દોરડુ બાંધીને આપઘાત કરી લીધો હતો. રણજીતના મકાનની જાળી બંધ હતી પરંતુ દરવાજો ખુલ્લો હતો. સવારે સામેના મકાનમાં રહેતા શખ્સો રણજીતને પંખા પર લટકતો જોતા રણજીતના ભાઈને ફોન કરીને બનાવની જાણ કરી હતી. બનાવની જાણ સમા પોલીસને કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ઘટના સ્થળેથી રણજીતના હાથે ત્રુટક-ત્રુટક રીતે મરાઠી ભાષામાં લખેલી ચિઠ્ઠી મળી આવી હતી. જે ચિઠ્ઠી પોલીસે કબજે લીધી છે. રણજીત ઓછું ભણેલો હોઈ તેને બરાબર લખ્યું ન હતું.

આ ચિઠ્ઠીમાં રણજીતનું લખાણનો કોઈ અર્થ સમજી શકતો ન હતો. માત્ર એટલું જ જાણી શકાયું કે રણજીતે હું બહુ કંટાળી ગયો છું તેવું લખ્યું હતું.

# પાલેજ નજીક કારને પાછળથી ટક્કર મારતાં આગળ જતા ટેન્કરમાં ઘૂસી ગઈ

### કારમાં સવાર બે વ્યકિતને ઈજા

પાલેજ, તા.૨૭

પાલેજ નજીક ટ્રકે કારને પાછળથી ટક્કર મારતા કાર આગળ ચાલી રહેલા ટેન્કર પાછળ ઘૂસી જતાં કારમાં સવાર બે વ્યક્તિઓને ઈજાઓ થવા પામી હતી. પાાલેજને હાઈવે નંબર ૪૮ પર ભરૂચના પાલેજ નજીક એક ટ્રકે કારને પાછળથી ટક્કર મારતા કાર આગળ ચાલી રહેલા ટેન્કર પાછળ ઘૂસી જતાં કારમાં સવાર બે વ્યક્તિઓને ઈજાઓ થવા પામી હતી. પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદથી સુરત જઈ રહેલા એક પરિવારની કાર પાલેજ ઓવરબ્રિજ ઉપરથી પસાર થઈ રહી હતી તે સમયે પાછળથી આવી રહેલી એક ટ્રક કે જેની જાણકારી પ્રાપ્ત થઈ શકી નથી તે ટ્રકે કારને ટક્કર મારતા કાર આગળ ચાલી રહેલા ટેન્કર પાછળ ઘૂસી જતાં અકસ્માત સર્જાયો હતો. સર્જાયેલા અકસ્માતમાં કારમાં સવાર પરિવારના પાંચ સદસ્યોમાંથી બે સદસ્યોને



સામાન્ય ઈજાઓ થતાં ૧૦૮ દ્વારા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. અકસ્માતમાં કારના આગળના ભાગને ખૂબ મોટું નુક્સાન થવા પામ્યું હતું. સદનસીબે અકસ્માતમાં કોઈ જાનહાનિ સર્જાતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો. અકસ્માત સંદર્ભે પોલીસ ફરિયાદ વિશે જાણવા મળ્યું નથી.

### મહુધાના શેરી ગામમાં ગમગીની છવાઈ

# ટાયર ફાટતાં કાર ખેતરમાં ફેંકાઈ પતિ-પત્ની અને બહેનનું મોત

નડિયાદ, તા.૨૭

મહુધા તાલુકાના શેરી ગામમાં રહેતાં ચૌહાણ પરિવારના ત્રણ સભ્યો આજે અલીણા ખાતે પોતાની પિતરાઈ બહેનને દવાખાનામાં બતાવી પરત ફરતાં હતાં. તે વખતે શેરી નજીક ગાડીનું ટાયર ફાટતાં ગાડી પલ્ટી ખાઈ રોડની સાઈડમાં ખેતરમાં ફેંકાઈ હતી. આ સર્જાયેલા અકસ્માતમાં પતિ-પત્નિ અને કઝીનનું ઘટનાસ્થળે જ મોત નિપજતાં નાના એવા ગામમાં દુખની લકીર ખેંચાઈ ગઈ છે. મહુધા પોલીસને આની જાણ થતાં પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ મહુધા તાલુકાના શેરી ગામમાં રહેતાં સુરજસિંહ ચૌહાણ (ઉ.વ ૩૦) ની કઝીન પાયલબેન (ઉ.વ ૧૮) બિમાર હોઈ તેને આજે પોતાની કાર નં જીજે ૦૭ ડીબી ૯૭૯૩ માં બેસાડી સાથે પત્નિ જયશ્રીબેન ચૌહાણ (ઉ.વ ૨૮) ને લઈ અલીણા ગામે બહેનની સારવાર માટે આવ્યાં હતાં. દવાખાને બતાવ્યાં બાદ તેઓ પોતાની કાર લઈ પરત જતાં હતાં. તે વખતે શેરી નજીક જ કારનું ટાયર ફાટ્યું હતું. જેથી સુરજસિંહ ચૌહાણે પોતાના કાર પરનો કાબુ ગુમાવી દીધો. જેથી કાર રોડની સાઈડેથી દુર જઈ ખેતરમાં ફેંકાઈ હતી. આ સર્જાયેલા અકસ્માતમાં અંદર બેઠેલાં ત્રણેયને ગંભીર ઈજા થઈ હતી. કારનો આગળનો ભાગ લોચો વલી ગયો હતો. આજુબાજુના લોકો બચાવ કામગીરી માટે દોડી આવ્યાં હતાં. અને મહામુસીબતે કારમાં ફસાયેલા લોકોને બહાર કાઢ્યાં હતાં. કમનસીબે ત્રણેયના મોત નિપજ્યાં હતાં.

# આણંદના લાલપુર પાસે મહી નદીમાં બ્રિજ પરથી મહિલાએ મોતની છલાંગ લગાવી

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા. ૨૭

આણંદ જિલ્લાનાં ઉમરેઠ તાલુકાનાં સુંદલપુરા ગામની મહિલાએ કેન્સરની ગંભીર બિમારીથી ત્રસ્ત થઈને લાલપુરા પાસે મહીસાગર નદીનાં બ્રીજ પરથી નદીમાં પડતું મૂકી આત્મહત્યા કરતા સ્થાનિક તરવૈયાઓ દ્વારા નદીમાંથી મૃતદેહને બહાર કાઢી આ બનાવ અંગે ઉમરેઠ પોલીસે અપમૃત્યુની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સુંદલપુરા ગામે રહેતા જશોદાબેન પ્રવિણભાઈ ઝાલા છેલ્લા પાંચ માસથી કેન્સરની ગંભીર બિમારીથી પીડાતા હોઈ તેઓએ બિમારીથી કંટાળીને આજે સવારે ઘરેથી નીકળીને લાલપુરા પાસેથી પસાર થતી મહીસાગર નદી પર પહોંચી ગયા હતા અને નદીનાં બ્રીજ પરથી નદીમાં પડતું મૂકી આત્મહત્યા કરી હતી, આ ઘટનાને લઈને આસપાસનાં લોકો દોડી આવ્યા હતા અને ઉમરેઠ પોલીસને જાણ કરતા પોલીસે સ્થાનિક તરવૈયાઓની મદદથી નદીમાંથી મહિલાનો મૃતદેહ બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલી આપી આ બનાવ અંગે ઉમરેઠ પોલીસે અપમૃત્યુની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### કોરોનાની સારવાર લઈ સ્વસ્થ થયેલ

# દર્દીના લોહીમાંથી એન્ટીબોડી પ્લાઝમા લઈ અન્ય દર્દીમાં દાખલ કરાયા

વડોદરા,તા.૨૭

કોરોના પોઝિટિવ દર્દી ઉપર પ્લાઝમા થેરાપી દ્વારા સાજા કરવાનું રિસર્ચ ગૌત્રી હોસ્પિટલ અને ઈન્દુ બ્લડ બેંકના સંયુકત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ વખત સફળતા મળી છે અને વડોદરાના કોરોના પોઝિટિવ દર્દી અશ્વિન રાણાને પ્લાઝમા થેરાપીથી સાજા કરવામાં આવ્યા છે. ગોત્રી હોસ્પિટલના ડીન વર્ષાબેન ગોડબોલે અને ઈન્દુ બ્લડ બેંકના વિજય શાહે જણાવ્યું હતું કે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ ડિપાર્ટમેન્ટ દ્વારા ગોત્રી હોસ્પિટલને પ્લાઝમા થેરાપી અંગે રિસર્ચ કરવાની મંજૂરી આપી હતી જેમાં ઈન્દુ બ્લડ બેંકમાં કોરોના વાયરસથી અસર થયા બાદ સાજા થયેલા દર્દીઓના લોહીમાંથી એન્ટીબોડીને લેવામાં આવી અને કોરોના ગ્રસ્ત દર્દીને ટ્રાન્સફયુઝન કરવાની પ્રક્રિયા કરવામાં આવી છે. સ્વસ્થ હોય એવી વ્યકિતના લોહીમાંથી એન્ટીબોડી પ્લાઝમા મેળવી લેવામાં આવે છે. આ અંગેનો પ્રયોગ અને તેનું રિસર્ચ તાજેતરમાં કરવામાં આવ્યું હતું તેમાં સફળતા મળી છે. ગૌત્રી હોસ્પિટલમાં ગત તારીખ ૧૧મી મેના રોજ અશ્વિન રાણા નામના કોરોના પોઝિટિવ આવેલા દર્દીની સારવાર ચાલી રહી હતી ત્યારે વડોદરા ગૌત્રી હોસ્પિટલમાં કોરોના પોઝિટિવની સારવાર લીધા બાદ સ્વસ્થ થયેલા હોય તેવા દર્દી વિપુલ પટેલના લોહીમાંથી એન્ટીબોડી પ્લાઝમા લેવામાં આવ્યા હતા અને અશ્વિન રાણાની બોડીમાં દાખલ કરવામાં આવ્યા હતા. અશ્વિન રાણા પર પ્લાઝમા થેરાપીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તેઓને સારી રીતે સ્વસ્થ કરવામાં ગૌત્રી હોસ્પિટલને સફળતા મળી છે. ગોત્રી હોસ્પિટલના ડોકટર વર્ષાબેન ગોડબોલે અને ડોકટર વિજય શાહે જણાવ્યું હતું કે કોરોનાની હજી કોઈ રસી શોધી શકાઈ નથી પરંતુ કોરોના પોઝિટિવ આવ્યા હોય તેવા દર્દી પર પ્લાઝમા થેરાપી દ્વારા સારવાર આપી સ્વસ્થ બનાવવામાં જે પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો તેમાં સફળતા મળી છે.

# ફતેપુરામાં શંકાસ્પદ ૧૫૦ સોયાબીન તેલના ડબ્બા જપ્ત કરાયા

દાહોદ, તા.૨૭

ફતેપુરા તાલુકાના મુખ્ય મથક ફતેપુરા નગરમાં પોલીસ દ્વારા સોયાબીન તેલના ડબ્બાઓને શંકાના આધારે પકડી પાડી ફૂડ એન્ડ ડ્રગ્સને જાણ કરતા ફૂડ એન્ડ ડ્રગ્સના અધિકારીઓ સ્થળ પર પહોંચી તેલના ડબ્બા સીલ કરી તેલનો નમૂનો લઈ તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવેલ છે.

ફતેપુરા પોલીસ દ્વારા સોયાબીન તેલના ૧૫ લિટરના ૧૫૦ ડબ્બાઓ શંકાના આધારે ઝડપી પાડી ફૂડ એન્ડ ડ્રગ્સ દાહોદને જાણ કરતા ફૂડ એન્ડ સેફટી ઓફિસર એન.આર. રાઠવાની ટીમ ફતેપુરા મુકામે દોડી આવી તમામ ૧૫ લિટરના ૧૫૦ સોયાબીન તેલના ડબ્બા સીલ કરી તેલનો નમૂનો લઈને તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવેલ છે. આ તેલના ડબ્બાઓ ફતેપુરાને બે પેઢીઓના હોવાનું જાણવા મળેલ છે અને તમામ તેલના ડબ્બાઓ વેપારીના ગોડાઉનમાં સીલ કરેલો હોવાનું જાણવા મળેલ છે.

ફતેપુરા પોલીસ દ્વારા જાણ કરવામાં આવતા તેલના તમામ ડબ્બાઓ સીલ કરી તેલના નમૂના લઈ તેલને તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલી આપવામાં આવેલ છે રિપોર્ટ આવ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# સીરિયામાં ભૂખમરાનું સંકટ વધ્યું કોવિડનો પ્રકોપ વધે તેવી શક્યતા : UN

(એજન્સી) દમાસ્કસ, તા.૨૭

ગત ડિસેમ્બર મહિનામાં ચીનના વુહાન શહેરમાં ફાટી નીકળેલા કોરોના વાયરસનો કહેર દિવસે-દિવસે વધી રહ્યો છે. એવામાં હવે સંયુક્ત રાષ્ટ્ર (યુ.એન.) દ્વારા જણાવવામાં આવ્યું છે કે, સીરિયામાં વધી રહેલા ભૂખમરાના સંકટને કારણે અહીં કોરોના વાયરસનો પ્રકોપ વધે તેવી શક્યતા છે.

યુ.એન.ની સહાય એજન્સીઓએ શુક્રવારે જણાવ્યું હતું કે, સીરિયામાં ૯.૩ મિલિયન લોકોને પર્યાપ્ત ભોજન મળી શકતું નથી, જેને પરિણામે અહીં ભૂખમરાનું સંકટ ઊભું થયું છે. આ સંકટની સાથે-સાથે અહીં કોરોના વાયરસનો પણ ફેલાવો થઈ રહ્યો છે, જે ધીમે-ધીમે વધે તેવી શક્યતાઓ જોવા મળી રહી છે. જો કે, હાલ તો કોરોના વાયરસના ફેલાવા પર નિયંત્રણ મેળવી લેવામાં આવ્યું છે, પરંતુ જો લોકોને પૂરતા પ્રમાણમાં ભોજન નહીં મળી રહે તો તેઓ કોરોનાની લપેટમાં આવી શકે છે. તેમ રોયટર્સે તેના અહેવાલમાં જણાવ્યું છે.

વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (ડબ્લ્યુએફપી)એ જિનીવામાં એક બ્રીફિંગ દરમિયાન જણાવ્યું હતું કે, છેલ્લા છ મહિનામાં આવશ્યક ખાદ્યપદાર્થોની અછત ધરાવતા લોકોની સંખ્યામાં ૧.૪ મિલિયન જેટલો વધારો થયો છે. ડબ્લ્યુએફપીના પ્રવક્તા એલિઝાબેથ બાયર્સે જણાવ્યું છે કે, પાડોશી દેશ લેબનનની અર્થવ્યવસ્થા નબળી થઈ જતાં અને સીરિયામાં કોવિડ-૧૯ માટે જાહેર કરવામાં આવેલા લોકડાઉનને લીધે ખાદ્યપદાર્થોના ભાવોમાં એક વર્ષ કરતાં ઓછા સમયગાળામાં ૨૦૦%થી વધુનો વધારો થયો છે. જેને લીધે મોટાભાગના લોકો પોતાની જરૂરીયાત પ્રમાણે ભોજન મેળવી શકતા નથી.



પ્રસ્તુત તસવીરમાં કેમ્પમાં તંબુ બાંધીને રહેતા સીરિયન શરણાર્થીઓને જોઈ શકાય છે. કોરોના વાયરસની મહામારીના આ સમયગાળા દરમિયાન, શરણાર્થીઓના કેમ્પને પણ જંતુમુક્ત કરવામાં આવી રહ્યાં છે.

# ઈઝરાયેલ વેસ્ટ બેંક પર કબજો કરે તો તેના પર પ્રતિબંધ મૂકવાની બેલ્જિયમની હાકલ

(એજન્સ) બ્રસેલ્સ, તા.૨૭

ઈઝરાયેલ દ્વારા પેલેસ્ટીનના જુદાં-જુદાં વિસ્તારો પર કબજો કરવામાં આવતો હોવાની ઘટનાઓ અવાર-નવાર સામે આવતી રહે છે. એવામાં હવે બેલ્જિયમે પણ ઈઝરાયેલની આ યોજનાનો વિરોધ કરતાં યુરોપિયન યુનિયનને એવી હાકલ કરી છે કે, જો ઈઝરાયેલ દ્વારા વેસ્ટ બેંક પર કબજો કરવામાં આવે તો તેના પર પ્રતિબંધ મૂકવામાં આવે.

બેલ્જિયમની સંસદે ગઈકાલે એક ઠરાવ પસાર કરીને સરકારને વિનંતી કરી છે કે, જો ઈઝરાયેલ કબજે કરાયેલા વેસ્ટ બેંકના મોટાભાગના વિસ્તારોને ઈઝરાયેલ સાથે જોડવાની તેની યોજના સાથે આગળ વધે તો તેના (બેલ્જિયમની સરકાર) દ્વારા યુરોપિયન યુનિયનને ઈઝરાઈલ વિરૂદ્ધ પ્રતિબંધો મૂકવાની હાકલ કરવામાં આવે.

પેલેસ્ટીનમાં કબજે કરાયેલા પ્રદેશોને ઈઝરાયેલ સાથે જોડવાની ગેરકાયદેસર યોજના અંગે પ્રતિનિધિ ગૃહના ૧૫૦ સભ્યોમાંથી ૧૦૧ સભ્યોએ હાકારાત્મક મતો આપ્યાં, જ્યારે ૩૯ લોકોએ મત આપવાનો ઈન્કાર કર્યો હતો અને એક સભ્ય દ્વારા શૂન્ય મત આપવામાં આવ્યો હતો અને ત્યારબાદ, એક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

મહત્વનું છે કે, ઈઝરાયેલની આ ગેરકાયદેસર યોજનાનો પેલેસ્ટીન ઉપરાંત અન્ય ઘણાં દેશો દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગત જાન્યુઆરી મહિનામાં પેલેસ્ટીન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ માટેની તેમની સ્વ-ઘોષિત યોજનાની જાહેરાત કરી હતી. જો કે, આ યોજના માત્ર ઈઝરાયેલને જ લાભ આપનારી છે એવો પેલેસ્ટીની લોકોએ દાવો કર્યો હતો.



પ્રસ્તુત તસવીરમાં માસ્ક પહેરીને ઈઝરાયેલના કબજાનો વિરોધ કરી રહેલા પ્રદર્શનકારીઓને જોઈ શકાય છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ દ્વારા અગાઉ એવી ઘોષણા કરવામાં આવી હતી કે, તેઓ આગામી ૧ જુલાઈથી વેસ્ટ બેંકના ભાગો પર કબજો કરવાની પ્રક્રિયા શરૂ કરશે.

# રૂહાનીએ વોશિંગ્ટન સાથે પુન : વાટાઘાટો કરવા માટે તેહરાનની શરતો નક્કી કરી

(એજન્સી) તેહરાન, તા.૨૭

ઈરાનના રાષ્ટ્રપતિ હસન રૂહાનીએ યુએસ સાથે પરમાણુ કરારની વાટાઘાટોને પુન : શરૂ કરવા માટે તેહરાનની ઘણી શરતોને નક્કી કરી છે. ઈરાન સાથેની વાટાઘાટો માટેની તૈયારીઓના અમેરિકી નિવેદનોના જવાબમાં રૂહાની દ્વારા બુધવારે એક સરકારી બેઠકમાં ભાગ લેવા દરમિયાન આ વાત જણાવવામાં આવી છે. રૂહાનીએ પુષ્ટિ કરી છે કે, તેહરાન વોશિંગ્ટન સાથે P5 + 1 ટેબલ પર વાટાઘાટો કરવા માટે તૈયાર છે, પરંતુ તે પહેલા વોશિંગ્ટને માફી માંગવી પડશે અને ઈરાનના નુકસાનની ભરપાઈ પણ કરવી પડશે. રૂહાનીએ ઉમેર્યુ કે, “યુએસ સાથેની વાટાઘાટોનો માર્ગ સરળ છે, પરંતુ તે પરમાણુ કરારમાં યુ.એસ.ના પરત ફરવા પર અને તેમની તમામ જવાબદારીઓના અમલીકરણ પર પણ આધારિત છે. તેમણે વધુમાં કહ્યું કે, “જો યુ.એસ. ગંભીર છે અને વાટાઘાટો માટેના તેમની હાકલ વિશે ખોટું નથી બોલી રહ્યું, તો તેનો માર્ગ મોકળો થશે, પરંતુ વોશિંગ્ટને આ બધા નિવેદનોને બદલે, માફી માંગવી જોઈએ અને આંતરરાષ્ટ્રીય નિર્ણયોનો અમલ કરવો જોઈએ. વોશિંગ્ટન દ્વારા આ તમામ બાબતોને અનુસરવામાં આવશે તે પછી જ ઈરાન ન્યાય, કાયદો અને આંતરરાષ્ટ્રીય નિર્ણયોના માળખાને અનુસરીને આગળ વધશે.



પ્રસ્તુત તસવીરમાં ઈરાનના રાષ્ટ્રપતિને જોઈ શકાય છે. ઈરાનના રાષ્ટ્રપતિ હસન રૂહાનીએ ગત ૬ જૂન, ૨૦૨૦ના રોજ ઈરાનના તેહરાનમાં કોરોના વાયરસ સામેની રાષ્ટ્રીય લડાઈ બોર્ડની એક બેઠકમાં રોગચાળાની પ્રક્રિયા અંગેના તાજેતરના વિકાસ અંગે નિવેદનો આપ્યા હતાં.

# દક્ષિણ ઈઝરાયેલમાં પેલેસ્ટીનનો બે રોકેટ વડે હુમલો

(એજન્સી) ગાઝા સિટી, તા.૨૭

ઈઝરાયેલના લશ્કરે દાવો કર્યો છે કે, ગાઝા પટ્ટી સ્થિત પેલેસ્ટીન દળોએ શુક્રવારે દક્ષિણ ઈઝરાયેલમાં બે રોકેટથી હુમલો કર્યો હતો. આ હુમલા સાથે જ છેલ્લા એક મહિનાથી ચાલી રહેલી શાંતિનો ભંગ થયો છે. વળતા જવાબમાં ઈઝરાયલના એરક્રાફ્ટે હમાસ સ્થિત બે સૈન્ય ઠેકાણાઓ પર હુમલો કર્યો હતો. ઉલ્લેખીય છે કે, ગાઝા સ્થિત ઈસ્લામિક જૂથ હમાસ પોતાનું શાસન ધરાવે છે. બન્ને પક્ષે થયેલા સામસામા હુમલાની ઘટનામાં કોઈ જાનહાનીના અહેવાલ પ્રાપ્ત થયા નથી. આ ઉપરાંત ઈઝરાયેલ પર હુમલાની જવાબદારી હજી સુધી કોઈ પેલેસ્ટાઈનના આતંકી જૂથે સ્વીકારી નથી. ઈઝરાયેલના દક્ષિણ ભાગમાં ખુલ્લી જગ્યામાં રોકેટ હુમલો કરાયો હતો. હમાસ દ્વારા એક દિવસ પૂર્વે એવો આક્ષેપ કરાયો હતો કે, ઈઝરાયેલના વિમાન દ્વારા ગાઝા પટ્ટીના પશ્ચિમ છેડે કેટલાક ભાગમાં કબજો કર્યો છે અને તેઓ વિમાન દ્વારા હુમલાઓ કરી રહ્યા છે. ત્યારબાદ પેલેસ્ટીન જૂથે ઈઝરાયેલ પર બે રોકેટ છોડતા એક માસથી ચાલી રહેલી શાંતિ ફરી ડહોળાઈ છે. ઈઝરાયેલના મતે હવાઈ હુમલાથી હમાસની ભાવિ ક્ષમતા હણાશે. ઈઝરાયેલ દ્વારા પશ્ચિમ કાંઠાને ખાસ કરીને મહત્વની જોર્ડર વેલીને જોડવા માટેની યોજનાને પગલે પેલેસ્ટીન સાથે છાશવારે ઘર્ષણ થતું જોવા મળે છે. ઈઝરાયેલની આ યોજનાને પગલે પેલેસ્ટીનની પશ્ચિમ કાંઠામાં ગાઝા પટ્ટી સ્થિત રાજ્ય સ્થાપવાની આશા પર પાણી ફરી વળશે.



# કોર્ટની ટીકા છતાં ઈઝરાયેલના સંરક્ષણ દળોનું બિન-યહૂદીઓ પર ધર્મ પરિવર્તન માટે દબાણ

(એજન્સી) તેલ અવિવ, તા.૨૭

દેશની હાઈકોર્ટ તરફથી ટીકા કરવામાં આવી હોવા છતાં પણ અને બે વર્ષ પહેલા આ પ્રથા પર પ્રતિબંધ મૂકવાના પગલા ભરવામાં આવ્યાં હોવા છતાં પણ ઈઝરાયેલના સંરક્ષણ દળો દ્વારા બિન-યહૂદીઓ પર ધર્મ પરિવર્તન કરીને યહુદી ધર્મ અપનાવવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. તેમ ટાઈમ્સ ઓફ ઈઝરાયેલે તેના અહેવાલમાં જણાવ્યું છે. આઈડીએફ એજ્યુકેશન કોર્પ્સ અને લશ્કરી કાર્યાલય પાસે એવા સૈનિકોની યાદી છે કે, જેઓને ઈઝરાયેલી કાયદા હેઠળ યહૂદીઓ તરીકે માન્યતા આપવામાં આવી નથી. આવા સૈનિકોને સંભવિત રીતે ધર્મ પરિવર્તન કરનાર લોકો તરીકે ચિહ્નિત કરવામાં આવે છે. કાર્યાલયની વેબસાઈટ અનુસાર, કમાન્ડરો તેમના આદેશ હેઠળ સૈનિકોને નાટિવ કોર્સમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા તેમનો સંપર્ક સાધી શકે છે અને પ્રોત્સાહિત કરવાની આ પ્રક્રિયા “ઈઝરાયેલી-યહૂદી-ઝાયોનિસ્ટ ઓળખને નિર્ધારિત અને મજબૂત બનાવવાનો એક સોદો માત્ર છે. નાટિવ કોર્સના વિદ્યાર્થીઓને “યહૂદી ઈતિહાસ, ઝાયોનિઝમ અને ઈઝરાયેલ, બાઈબલનું પઠન, યહૂદી ફિલોસોફી અને અન્ય ઘણી બધી બાબતોથી માહિતગાર કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ, IDFએ બિન-યહૂદી સૈનિકોએ નાટિવ કોર્સમાં ભાગ લેવાની જરૂર નથી તે બાબત અંગે સંમતિ આપી હતી. જો કે, તેણે એવું પણ જણાવ્યું હતું કે, તેઓએ ફક્ત હાજરી આપવાની રહેશે. પરંતુ હાઈકોર્ટની ટીકા બાદ, એસોસિએશન ફોર સિવિલ રાઈટ્સ ઈન ઈઝરાયેલ (એસીઆરઆઈ) દ્વારા બિન-યહૂદી સૈનિકોની આ કોર્સમાં હાજરી આપવી જરૂરી નથી, તેવી સહમતિ વ્યક્ત કરવામાં આવી હતી.



# ઈઝરાયેલ, યુએઈ કોરોના વાયરસ સામે લડવામાં સહકાર આપશે : નેતાન્યાહુ

(એજન્સી) તેલ અવિવ, તા.૨૭

ગત ડિસેમ્બર મહિનામાં ચીનના વુહાન શહેરમાં ફાટી નીકળેલા કોરોના વાયરસનો કહેર આજે આખા વિશ્વમાં વર્તાઈ રહ્યો છે, ત્યારે ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ ગુરૂવારે કહ્યું છે કે, ઈઝરાયેલ અને સંયુક્ત અરબ અમીરાત (યુએઈ) કોરોના વાયરસ સામેની લડતમાં સહકાર આપશે. શક્ય છે કે, આવા સહકારને કારણે ખાડીના અરબ દેશોની સાથે સંબંધોને સામાન્ય બનાવવાના ઈઝરાયેલના પ્રયત્નોને વેગ મળે. નેતન્યાહુએ કહ્યું કે, કોવિડ-૧૯ના રોગચાળાનો સામનો કરવા માટે યુએઈ સાથે મળીને કામ કરવાની ઔપચારિક જાહેરાત અનિવાર્ય હતી અને આ જાહેરાત યુએઈ અને ઈઝરાયેલના આરોગ્ય પ્રધાનો દ્વારા કરવામાં આવશે.

જો કે, યુએઈના વિદેશી બાબતોના મંત્રાલયે આ અંગે ટિપ્પણી કરવા માટેની જે વિનંતી કરવામાં આવી હતી, તેનો તાત્કાલિક ધોરણે કોઈ જ જવાબ આપ્યો નહોતો. યુ.એસ.ની શાંતિ યોજનાને અંતર્ગત - વેસ્ટ બેંકના કેટલાક ભાગોને ઈઝરાયેલ સાથે જોડવાની ઈઝરાયેલની ગેરકાયદેસર યોજનાનો અરબ દેશો દ્વારા સખત વિરોધ કરવામાં આવી રહ્યો છે, એવા સમયમાં આ સહકાર અંગેની પહેલ કરવામાં આવી છે. ગત સપ્તાહે, યુએઈના વિદેશપ્રધાન અનવર ગર્ગાશે કહ્યું હતું કે, રાજકીય મતભેદો હોવા છતાં પણ તેઓ કોરોના વાયરસ અને ટેક્નોલોજી સામેની લડતમાં તેમજ અન્ય કેટલાક ક્ષેત્રોમાં ઈઝરાયેલ સાથે મળીને કામ કરી શકે છે.



ઉપરોક્ત તસવીરમાં ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુને જોઈ શકાય છે.

# હમાસે સંયુક્ત રાષ્ટ્રને ઈઝરાયેલ દ્વારા કેદી પર થતા અત્યાચારને રોકવામાં મદદનો આગ્રહ કર્યો

(એજન્સી) તા.૨૭

પેલેસ્ટીની પ્રતિરોધ સમૂહ હમાસે શુક્રવારે સંયુક્ત રાષ્ટ્રને આહવાન કર્યું કે તે પેલેસ્ટીની કેદીઓ પર થઈ રહેલા અત્યાચારને રોકવા માટે ઈઝરાયેલ પર દબાણ નાખે. આ વાત સમૂહના પ્રવકતા અબ્દુલ લતીફ અલ-કન્નોઆએ આંતરરરાષ્ટ્રીય ટોર્ચર દિવસ પર પીડિતોના સમર્થનમાં જણાવી હતી. તેમણે જણાવ્યું કે ઈઝરાયેલ દ્વારા યુદ્ધના કેદીઓની સતત સતામણીને પોતાના નેતાઓને આંતરરાષ્ટ્રીય અદાલતોમાં લઈ જવા માટે એક કૂટનીતિક કાર્યવાહીની જરૂરત છે. પેલેસ્ટીની કેદીઓની સોસાયટી દ્વારા જારી એક રિપોર્ટ મુજબ ઈઝરાયેલની જેલોમાં ૯૫ ટકા કેદીઓને અત્યાચાર સહન કરવો પડી રહ્યો છે. ઈઝરાયેલી જેલોમાં હાલમાં ૫૦૦૦ પેલેસ્ટીની કેદી છે.



# સઉદી અરબ, ઈરાન, યુએઈ માટેનું યુદ્ધ હારી ગયું : યમનના પૂર્વ અધિકારી

(એજન્સી) સના, તા.૨૭

યમનના એક ભૂતપૂર્વ વરિષ્ઠ અધિકારીએ ગુરૂવારે કહ્યું કે, સઉદી અરબરએ ઈરાન અને સંયુક્ત અરબ અમીરાત (યુએઈ) માટેના યુદ્ધને યમનમાં હારી ગયું છે. આ વિગતો એનાદોલુ એજન્સીના અહેવાલમાં જણાવવામાં આવી છે. ભૂતપૂર્વ પરિવહન પ્રધાન સાલેહ અલ્ગાબવાનીએ ટ્વીટ કર્યુ કે, “જ્યારે અમે યમની યુદ્ધમાં પ્રાદેશિક શક્તિઓના પ્રદર્શનનું મૂલ્યાંકન કરી રહ્યાં હતાં, ત્યારે અમને જાણવા મળ્યું કે, આ યુદ્ધમાં ઈરાન અને યુએઈને લાભ થયો છે અને સઉદી અરબ આ યુદ્ધને હારી ગયું છે. ગત એપ્રિલ મહિનામાં, અલ્ગાબવાનીએ તેમને તેમના પદ પરથી સસ્પેન્ડ કરવાના નિર્ણયના વિરોધમાં રાષ્ટ્રપતિ અબ્દરબબુહ મન્સુર હાદીને તેમનું રાજીનામું સુપરત કર્યુ હતું.

પૂર્વ મંત્રીએ વડાપ્રધાન મઈન અબ્દુલમલિક પર “યુએઈ સમર્થિત સાઉથર્ન ટ્રાન્ઝિશનલ કાઉન્સિલને સમર્થન આપવાનો આરોપ લગાવ્યો હતો. યમન વર્ષ ૨૦૧૪થી હિંસાથી ઘેરાયેલું છે, જ્યારે ઈરાન સમર્થિત હૌથી જૂથ રાજધાની સના સહિત દેશના મોટા ભાગના વિસ્તારો પર કબજો જમાવી ચૂક્યું છે. યમનમાં ૨૦૧૪ પછીના વર્ષમાં સઉદી અરબ અને તેના અરબ સાથીઓએ હૌથીઓ દ્વારા પીછેહઠ કરવામાં આવે તે હેતુથી મોટા પાયે હવાઈ અભિયાન શરૂ કર્યા બાદ, દેશના સંઘર્ષમાં વધારો થયો છે.



સાઉથર્ન ટ્રાન્ઝિશનલ કાઉન્સિલ (એસટીસી)ના લડવૈયાઓ ગત ૧૨ મે, ૨૦૨૦ના રોજ દક્ષિણ અબયાન પ્રાંતના શેખ સલીમ વિસ્તારમાં સઉદી સમર્થિત સરકારી દળો સાથે અથડામણ થઈ હતી તે દરમિયાન ભેગા થયા હતા, તે વેળાની તસવીરને અહીં જોઈ શકાય છે.

# ઈરાકમાં ફેબ્રુઆરી પછી સૌથી વધુ દૈનિક કોરોનાના કારણે મૃત્યુના અહેવાલ

(એજન્સી) તા.૨૭

સમાચાર મુજબ કોરોનાના કારણે ફેબ્રુઆરી પછી મૃત્યુ પામનારાઓની સંખ્યા સૌથી વધુ કાલે રહી હતી. કાલે ૧૨૨ લોકોનાં મોત થતા કુલ મૃત્યુઆંક ૧૫૫૯ થયો હતો તેમજ ૨૦૫૪ નવા કેસ નોંધાતા કુલ પીડિતો ૪૧૧૯૩ થઈ ગયા હતા. જ્યારે ૧૮,૮૫૯ લોકો સ્વસ્થ થતા તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. ઈરાક સરકારે રાષ્ટ્રવ્યાપી કર્ફ્યુ લગાવ્યો છે જે આગામી સૂચના સુધી અમલમાં રહેશે. આ પગલું કોરોનાના વધતા જતા કેસને ધ્યાનમાં રાખીને ભરવામાં આવ્યું છે. ઈરાકમાં આરોગ્ય વ્યવસ્થા બરાબર ના હોવાના કારણે ભય પ્રસરી ગયો છે. ઈરાકે ૧૭ માર્ચે પ્રથમ વખત કર્ફ્યુ લગાવ્યો હતો અને ૨૧ એપ્રિલે તેણે પોતાના પ્રતિબંધોને ઘટાડવાનું શરૂ કર્યું હતું.



નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

# રૂબરૂમાં પરીક્ષા આપવી, ઓનલાઈન કે પછી માસ પ્રમોશન, વિદ્યાર્થીઓની સૌથી મોટી મૂંઝવણ

**કોરોનાએ ઉપાડો લીધો છે અને હજી તેનો કહેર ચાલુ જ છે ત્યારે બીજી તરફ સમય તેની ગતિ કરી રહ્યો છે. દરેક શાળા, કોલેજો, યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક સંસ્થાઓનું વર્ષ ક્યારનુંય પૂરૂં થઈ ગયું છે અને હવે નવા પ્રવેશ શરૂ થઈ ગયા છે ત્યારે ફીઝીકલ (રૂબરૂમાં હાજર રહીને) પરીક્ષા આપવાનો ભારે વિરોધ થઈ રહ્યો છે. ચાલો આજના સમયના સૌથી સળગતા મુદ્દાની કરીએ ચર્ચા**




## હેલ્લો સ્ટુડન્ટસ

**સાહેબ સોની**

કેમ છો મિત્રો. સૌ મજામાં જ હશો અથવા તો રહેતા હશો. મજામાં નહિ હોવ તેનું કારણ મને ખબર છે અને તે કારણ છે પરીક્ષાઓ લંબાતી જાય છે જ્યારે આગળના ધોરણમાં નવો પ્રવેશ શરૂ થઈ ગયો છે. ખાસ કરીને સ્નાતક અને અનુસ્નતાક કક્ષાના વિદ્યાર્થીઓ માટે આ કારકિર્દીનો સૌથી કપરો કાળ છે. કારણ છે છેલ્લું એક સમેસ્ટર તો અભ્યાસ કરાવ્યો જ નથી અને બીજી બાજુ ફાઈનલ પરીક્ષાઓની ઢોલ-નગારા સાથે તૈયારીઓ ચાલી રહી છે. મોટાભાગની યુનિવર્સિટીઓ ફિઝીકલ એટલે કે રૂબરૂ હાજર રહીને પરીક્ષા આપવાની તૈયારીઓ કરી રહી છે ત્યારે સમગ્ર મુદ્દો ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો છે અને વિદ્યાર્થી આલમનું ભવિષ્ય અધ્ધરતાલ થઈ ગયું છે. તો ચાલો આજે આપણે સમજીએ સમગ્ર મુદ્દો.

**શું છે પરીક્ષા અને તેને લગતા પ્રશ્નો...........**

કોરોનાના કહેરના કારણે લોકડાઉનની જાહેરાત માર્ચ મહિનાના અંતમાં કરવામાં આવી હતી અને તેના કારણે સમગ્ર જનજીવન થંભી ગયું હતું અને તેમાં શૈક્ષણિક કાર્ય પણ બાકાત નથી. તમામ શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ, કોચીંગ ક્લાસ, ટ્યુશન ક્લાસ તેમજ અન્ય શૈક્ષણિક સંસ્થાઓને બંધ કરવામો વારો આવ્યો હતો. આથી મોટાભાગની સંસ્થાઓએ ઓનલાઈન શિક્ષણ આપવાનું શરૂ કર્યું હતું અને જેમ-તેમ કરીને પોતાનો અભ્યાસક્રમ પુર્ણ કર્યો હતો. વિદ્યાર્થીઓને પણ ઓનલાઈન શિક્ષણ કપરૂ લાગ્યું હતું અને તેઓએ પણ અધકચરો જ અભ્યાસ કર્યો હતો તેવો એક બહુમત પ્રવર્તી રહ્યો છે. ત્યારે હવે જુલાઈ મહિનો આવી રહ્યા છે અને મોટાભાગની યુનિવર્સિટીઓએ પરીક્ષા લેવાની જાહેરાત કરવાની શરૂ કરી હતી. ગુજરાત યુનિવર્સિટી અને બીજી ઘણી યુનિવર્સિટીઓ તેમાં જોડાઈ હતી અને સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના તમામ ઉમેદવારોની પરીક્ષાની જાહેરાત આપી દીધી હતી. તના કારણે વિદ્યાર્થીઓ ધુંઆફુંઆ થયા છે અને તેઓમાં પણ બે જૂથ પડી ગયા છે. એક જૂથ ફીઝીકલ એક્ઝામ લેવાની તરફેણ કરી રહ્યું છે જ્યારે બીજું જૂથ માસ પ્રમોશન, મેરીટ બેઝ પ્રોગ્રેશન અથવા ઓનલાઈન પરીક્ષાની વાતો ચાલી રહી છે.

કોલેજના પહેલા, બીજા, કે ત્રીજા સમેસ્ટર વાળાનો બહુ વાંધો નથી કારણ કે સ્નાતક કક્ષાએ ઈન્ટરનલ માર્કસના આધારે માસ પ્રમોશ આપીને તેની ફાઈલ પરીક્ષાઓ ટાળી શકાય છે પરંતુ સૌથી મોટો પ્રશ્ન સ્નાતક અને અનુસ્તાનક કક્ષાએ ફાઈનલ એક્ઝામ અથવા તો આખરી સમેસ્ટર આપવા વાળાને થયો છે. કારણ કે આ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન કરવામાં આવે તો તેઓને આગળના પ્રવેશમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેમ છે. તો ચાલો શું છે આ વિદ્યાર્થીઓની મુશ્કેલી તે જણાવીએ.

**ફાઇનલ યરના વિદ્યાર્થીઓનો સળગતો પ્રશ્ન**

ઉપર આપણે ચર્ચા કરી છે તેમ આખરી વર્ષના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સમસ્યાને લઈને ખુદ વિદ્યાર્થીઓ તો મુશ્કેલીમાં મૂકાયા જ છે પરંતુ ખુદ સરકાર અને યુનિવર્સિટીઓ ધર્મસંકટમાં મૂકાઈ ગયા છે. ફાઈનલ યરમાં અને ખાસ કરીને સ્નાતક કરતા વિદ્યાર્થીઓને આગળ માસ્ટર ડિગ્રી, સરકારી નોકરી કે બીજા કોઈપણ કામ માટે ડિગ્રી અને તેના ગુણાંક અત્યંત જરૂરી છે. કોઈ સ્પર્ધાત્મક પરીક્ષા આપીને પ્રખ્યાત કોલેજોમાં પ્રવેશ માટે પણ તૈયારી કરવાની હોય તેમા પણ આવા માર્ક અમુક જગ્યાએ ધ્યાનમાં લેવાતા હોય છે. ત્યારે હવે કરવું શું ? એક વર્ગ એવી દલીલો કરી રહ્યો છે કે જે વિદ્યાર્થીઓ આટલા વર્ષો સુધી આકરી મહેનત કરીને આખરી વર્ષમાં પહોંચ્યા છે ત્યારે તેમને જો માસ પ્રમોશન કે કોઈ અન્ય વિકલ્પમાં જે ગુણ આવે તેમાં તેઓને અન્યાય થાય તેમ છે. વળી માર્કશીટમાં પણ 'માસ પ્રમોશન'નો ઉલ્લેખ કરવામાં આવે તે પણ કોઈને મંજૂર નથી. આગળના ધોરણમાં પ્રવેશ જો મેરીટ આધારીત હોય તો પણ એક પ્રશ્ન ઊભો જ છે. જ્યારે બીજી બાજુ જે વિદ્યાર્થીઓએ મહેનત નથી કરી તેઓ તે આસાનીથી પાસ થઈ જશે. જો કોલેજ સત્તાવાળાઓ દ્વારા ગુણાંકની ગણતરીમાં ભૂલ કરવામાં આવે તો પણ ભૂલનો તો અવકાશ રહેલો જ છે અને વિદ્યાર્થીઓને અન્યાય થાય તેમ છે. ત્યારે હવે આ એક સળગતો પ્રશ્ન બની ગયો છે.

**મામલો પહોંચ્યો છે કોર્ટમાં એટલે અંત ક્યારે આવશે ?**

ફિઝીકલ એક્ઝામ લેવાનો મામલો હવે કોર્ટમાં પહોંચ્યો છે. જો તેની ટૂંકમાં આપને સમજણ આપું તો દરેક યુનિવર્સીટીઓ ઉપર યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી)નું નિયંત્રણ રહેતું હોય છે અને તેના બનાવેલા નિયમો અને માર્ગદર્શનોનું પાલન કરવાનું હોય છે. યુજીસી દ્વારા એક પરિપત્ર બહાર પાડીને દરેક રાજ્યોની યુનિવર્સિટીઓને પોતાની રીતે પરીક્ષા લેવાની પ્રક્રિયા શરૂ કરી દેવાનું જણાવવામાં આવ્યું હતું. તેનું અર્થઘટન કરીને ગુજરાત યુનિવર્સિટી તથા અન્યોએ પરીક્ષાની તારીખો અને પ્રક્રિયા જાહેર કરી દીધી હતી. તેના કારણે વિદ્યાર્થી આલમમાં ભારે નારાજગી પ્રસરી ગઈ હતી. જે રૂબરૂ આવીને પરીક્ષાની ગોઠવણ કરવામાં આવે તો કોરોનાના સંક્રમણનો મોટો ભય છે કારણ કે તેમાં હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ અને પરીક્ષા માટેનો સ્ટાફ હાજર રહેવાનો હોય. તેના કારણે ફિઝીકલ એક્ઝામ લેવાની વિરૂદ્ધમાં એક જાહેર હિતની અરજી ગુજરાત હાઈકોર્ટમાં ગત સપ્તાહે કરવામાં આવી હતી. બીજી એક અરજી પણ આ મુદ્દે કરવામાં આવી છે અને તેમા એવી રજૂઆત કરવામાં આવી છે કે, વિદ્યાર્થીઓ સુરક્ષિત રીતે પરીક્ષા આપી શકે તે માટે એક એસઓપી (સ્ટાન્ટર્ડ ઓપરેટીવ પ્રોસીજર) એટલે કે એક સર્વમાન્ય પદ્ધતિ અખત્યાર કરો. હાલની પરીક્ષાઓ ઉપર મનાઈ હુકમ જારી કરી દો. ત્રીજી બાજુ પાંચ વર્ષના કાયદાના અભ્યાસક્રમના છેલ્લા વર્ષમાં ભણતા જુદી-જુદી કોલેજોના વિદ્યાર્થીઓએ પણ જાહેર હિતની અરજી કરીને રૂબરૂ પરીક્ષાનો વિરોધ કર્યો છે. ત્યારે હાલમાં આ તમામ પરીક્ષા પ્રક્રિયા અટકી ગઈ છે અને તે પણ હાઈકોર્ટના ચુકાદાના આધિન રહેશે. ચુકાદો ક્યારે આવશે તે તો સમય જ બતાવશે. હાલમાં ગુજરાત બહારની અનેક શૈક્ષણિક સંસ્થાઓમા પ્રવેશ શરૂ થઈ ગયો છે ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચિંતાનું મોજું પ્રસરી ગયું છે.

**સરકાર શું કરી રહી છે ?**

રાજ્ય સરકારે હાલ પુરતી તો ગુજરાત યુનિવર્સિટી અને પાટણની ઉત્તર ગુજરાત હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી દ્વારા પરીક્ષાઓ મોકૂફ કરી નાંખી છે. બીજી બધી યુનિવર્સિટીઓને પણ એવું કહેવામાં આવ્યું છે કે તેઓ કોઈ સુરક્ષિત રસ્તો અખત્યાર કરે. હાલમાં ખાનગી યુનિવર્સિટીઓ કે જેઓ સ્વતંત્ર રીતે કામ કરે છે તેમણે તો વિકલ્પો અપનાવીને પોતાના વિદ્યાર્થીઓને બચાવી લીધા છે પરંતુ સરકારી યુનિવર્સિટીઓ હસ્તકની કોલેજોમાં મોટો પ્રશ્ન ઊભો થયો છે. હાઈકોર્ટ હવે આવા કેસોની સુનાવણી કરીશે અને કોઈ વચ્ચેનો રસ્તો કાઢે તેવી આશા સેવાઈ રહી છે. ત્યારે હવે આ વિકટ પરિસ્થિતિમાં સરકાર એક સુંદર આયોજન કરીને સર્વમાન્ય હોય તેવી એક પ્રક્રિયા નક્કી કરીને હાઈકોર્ટમાં રજૂ કરે અને તે મંજૂર થાય તે જ સમયનો તકાદો છે નહીં તો લાખો વિદ્યાર્થોનું ભવિષ્ય અંધકારમય થશે, પૈસાપાત્ર વિદ્યાર્થીઓ તો કોર્ટમાં જઈને ન્યાય મેળવી લેશે પરંતુ ગરીબ અને મધ્યમવર્ગના વિદ્યાર્થીઓને ખાસ્સી તકલીફ પડે તેમ છે.

## મૂંઝવણ તમારી ઉકેલ અમારો

**સવાલ** – મારૂં નામ રઝા અન્સારી છે અને મારે જાણવું છે કે, એરપોર્ટ મેનેજમેન્ટ અને ગ્રાઉન્ડ સ્ટાફનો કોર્ષ કરવા માટે શું લાયકાત જોઈએ ? તેમાં શું કરવાનું હોય છે ? સરકારી નોકરી મળે કે ખાનગી ?

**જવાબ** – એરપોર્ટ મેનેજમેન્ટ કે એરલાઈન્સને લગતા કોઈપણ અભ્યાસક્રમ માટે ધોરણ-૧૨ની લઘુત્તમ લાયકાત જોઈએ. આ ઉપરાંત તમે દેખાવડા, વાચાળ, હાજર જવાબી અને સારી બુદ્ધિમત્તા ધરાવતા હોવ તે જરૂરી છે. કારણ કે આવા ઉમેદવારોની એરલાઈન્સ કંપનીઓમાં ઝડપથી પસંદગી થાય છે. હવે બીજી વાત કરૂં તો એરપોર્ટ મેનેજમેન્ટ અને એરલાઈન્સની આખી બાબત ભિન્ન છે. એરપોર્ટ સરકાર હસ્તક હોય છે અને એરલાઈન્સની આવન-જાવનની નિયંત્રણ તેમજ અન્ય વહીવટી બાબતો માટે જે સ્ટાફની ભરતી કરવામાં આવે છે તે મોટાભાગે સરકારી સ્ટાફ હોય છે. તેની ભરતી એરપોર્ટ ઓથરિટી ઓફ ઈન્ડિયા, સ્ટાફ સિલેક્શન કમિશન કે પછી યુનિયન પબ્લિક સર્વીસ કમિશન મારફતે થાય. જ્યારે એરલાઈન્સ કંપનીમાં નોકરી તે ખાનગી નોકરી છે પરંતુ પગાર સારા હોય છે. તેની તાલિમ પણ ખાનગી સંસ્થાઓ જ આપતી હોય છે અને તેઓ મોટાભાગે અખબારો અને બીજા માધ્યમોમાં જાહેરાત આપતા હોય છે. તો તેની યોગ્યતા તપાસીને ઝંપલાવવું. ઓલ ધ બેસ્ટ.

**ખાસ નોંધ – હાલમાં લોકડાઉન ખુલ્યા પછી શૈક્ષણિક બાબતો અંગે ખાસ્સા પ્રશ્નો ઊભા થયા છે. જેઓને કોઇ પ્રશ્ન મૂંઝવતો હોય અને માર્ગદર્શન જોઇતું હોય તે ખાસ અમોએ અહિં આપેલા ઇમેલ એડ્રેસ પર મોકલી શકે છે.**

**E-mail : sahebtoday@gmail.com ઉપર પ્રશ્નો મોકલે.**

**અમે જવાબ આપવાનો પ્રયત્ન કરીશું.**

# 'ધોળે દિવસે લૂંટ' : લોકડાઉનના સમયમાં ભારતના ટ્યુશન સેન્ટર્સ કેવી રીતે પોતાનો નફો ઊભો કરી રહ્યા છે

## ચર્ચા

**રચના ખૈરા**

આ વર્ષે માર્ચમાં, જયપુરના એક વિદ્યાર્થીએ આઈએએસ પ્રવેશ પરીક્ષાના કોચિંગ સેન્ટર માટે ૧.૧૬ લાખ રૂપિયાની ફીના પહેલા હપ્તા તરીકે રૂા. ૪૦,૦૦૦ ચૂકવ્યા હતા. જ્યારે ૨૫ માર્ચે લોકડાઉનની ઘોષણા કરવામાં આવી ત્યારે, આ કેન્દ્ર - જેણે દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત ધ્યાન આપવાનું વચન આપ્યું હતું - તેણે એક ઓનલાઈન કાર્યક્રમની ઓફર કરી હતી જેમાં પૂર્વ-રેકોર્ડ કરેલ પ્રવચનોનો સમાવેશ થાય છે. ત્યારબાદ આ મે મહિનામાં, તેના પિતા જે સ્થાવર મિલકત ક્ષેત્રે કામ કરતાં હતા, અને તેની કંપની દ્વારા કોરોના વાયરસની મંદીને કારણે તેઓને વિદાય આપવામાં આવી હતી. આ વિદ્યાર્થીને જે કોચિંગ સેન્ટરે તેની ગોપનીયતાને સુરક્ષિત રાખવા માટે ગુપ્ત નામ રાખવાની વિનંતી કરી હતી, તે છોડી દેવાનું નક્કી કર્યું હતું કારણ કે તેને હવે તેના કોચિંગના વર્ગો પરવડી શકે તેમ નથી.

તેણે એક ટેલિફોન વાતચીતમાં અમને જણાવ્યું હતું કે, તેઓએ મને ઓનલાઈન જૂથમાંથી દૂર કરી દીધા છે કારણ કે હું એપ્રિલમાં માસિક EMI ચૂકવવા અસમર્થ હતો. તેણે જણાવ્યું હતું કે, પ્રવેશ ઉપરાંત, તેઓએ મારી પહેલાની ચૂકવણી (ડાઉન પેમેન્ટ) પરત કરવાની ના પાડી દીધી છે.

સ્કૂલ અને કોલેજના શિક્ષણ પર ભારતના લોકડાઉનના પ્રભાવોની ચર્ચા અને દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. હજુ સુધી, આ આકર્ષક ટ્યુશન સેન્ટર ઉદ્યોગ પર લોકડાઉનની અસર રડાર હેઠળ આવી ગઈ છે.

**પેનથી લઈને ઇલેક્ટ્રોનિક્સ સુધી**

જ્યારે મોટા ભાગના આવા સંગઠિત કેન્દ્રો ઈ-લર્નિંગના કેટલાક પ્રકારો પ્રદાન કરે છે, ત્યારે વિદ્યાર્થીઓ કહે છે કે ઓનલાઈન વર્ગોમાં વિદ્યાર્થીઓ પર વ્યક્તિગત ધ્યાન આપવામાં આવતું નથી, જ્યારે તેઓએ નોંધપાત્ર રકમ ચૂકવવાની તૈયારી બતાવી હતી પણ તેઓને તેનું વળતર મળતું નથી. ભારતના અસ્થિર સમાજમાં ગતિશીલતા માટેની કેટલીક બાકી તકો પૈકી એક તરીકે શિક્ષણને જોવામાં આવે છે, અને વર્ગ-સ્પેક્ટ્રમના માતા-પિતા માટે શાળા પછીના ખર્ચાળ ટ્યુશન્સ માટે નાણાં ખર્ચ કરવા એ કોઈ સામાન્ય બાબત રહી નથી. હવે, આ માતાપિતા આશ્ચર્યચકિત થઈ રહ્યા છે કે શા માટે તેઓએ આવા મોટા પ્રમાણમાં ઓછી સેવાઓ માટે ભારે ફી ચૂકવવાનું ચાલુ રાખવું જોઈએ. ઘણાં માતાપિતા અને વિદ્યાર્થીઓ હવે તેમના પૈસા પાછા માંગે છે, તો શિક્ષકો કહે છે કે તેઓ હંમેશાં ઓનલાઈન શિક્ષણની માંગની સાથે સંઘર્ષ કરી રહ્યા છે. પરંતુ હવે ટ્યુશન સેન્ટરો આ મુદ્દે મક્કમ રહ્યા છે.

દિલ્હી સ્થિત બેન્કર એ જે મિન્હાસે કહ્યું કે "જ્યારે તેઓ અમારા બાળકોને માત્ર પૂર્વ-રીતે રેકોર્ડ કરેલા પ્રવચનો સંભળાવતા હોય તો તેઓ વર્ગખંડની કોચિંગની સમાન ફી શા માટે લે છે ? તેઓએ તેમના સ્ટાફમાં ઘટાડો કર્યો છે, તેઓને હવે કોઈ વીજળી બિલ અથવા અન્ય જાળવણી બિલ ચૂકવ્યું નથી અને તે જ ફેકલ્ટીના સમૂહ સાથે અનેક બેચ પણ ઓનલાઈન ચલાવી રહ્યા છે."

મિન્હાસે કહ્યું કે તેણે આ વર્ષે માર્ચમાં તેના પુત્રને સંયુક્ત પ્રવેશ પરીક્ષા (જેઈઈ) માટે એક પ્રતિષ્ઠિત એન્જિનિયરિંગ કોલેજમાં સ્થાન મેળવવા માટે તૈયાર કરવાના બે વર્ષના શાળાના ટ્યુશન કાર્યક્રમ માટે ૩ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. જ્યાં તેમના પુત્રને વર્ગખંડમાં વ્યક્તિગત ધ્યાન આપવાનું વચન આપવામાં આવ્યું હતું, અને ૪૩ પાઠયપુસ્તકો અને અભ્યાસ સામગ્રી આપવામાં આવી હતી. તે હવે માત્ર ઓનલાઈન વ્યાખ્યાન જોઈ શકે છે અને ઈમેઈલ પીડીએફ દ્વારા અભ્યાસ કરી રહ્યો છે. તેમણે કહ્યું કે "આ તો ધોળા દિવસે ઉઘાડી લૂંટ છે"




ચંદીગઢ સ્થિત કરિયાણાની દુકાનના માલિક ગુરતેજ સિંહે જણાવ્યું હતું કે ઓનલાઈન શિક્ષણ માટે પણ નોંધપાત્ર ખર્ચ કરવો પડે છે. જ્યાં વિદ્યાર્થીઓને એક સમયે મોટા પાઠ્યપુસ્તકો અને બોલપોઈન્ટ પેનથી ભણવા માટે જતાં હતા તો હવે તેમને ઈલેક્ટ્રોનિક્સ ગેઝેટની અને ઈન્ટરનેટની પણ જરૂર પડે છે.

તેમણે જણાવ્યું હતું કે, હવે સંપૂર્ણ અભ્યાસક્રમ ફીની સાથે માતાપિતાને તેમના બાળકો માટે અનેક ખર્ચ કરવા પડશે જેમાં ઈન્ટરનેટ કનેક્શન્સ પણ સામેલ છે. અમને તેમના માટે અલગ લેપટોપ અને મોબાઈલ ફોન્સ ખરીદવા પડશે, અને અભ્યાસક્રમના પુસ્તકોના પીડીએફના સેંકડો પાના ડાઉનલોડ કરવા માટે પ્રિંટર, કાગળ અને કર્ટિજ જેવી વધારાની સ્ટેશનરી ચીજોની કિંમત પણ સહન કરવી પડશે."

**ઓનલાઇન વર્ગોની ફી અને તેની ગુણવત્તા**

શિક્ષણ-સંશોધન નોન પ્રોફિટ સેન્ટર ફોર સિવિલ સોસાયટીના પ્રમુખ પાર્થ જે શાહે જણાવ્યું હતું કે કોરોના રોગચાળાને લીધે ટ્યુશન સેન્ટરોને અનેક મુશ્કેલીઓ પડી રહી છે.

શાહે ઈમેઈલ પર જણાવ્યું હતું, 'સંસ્થાઓ ચલાવવાના તેમના ખર્ચમાં બહુ પરિવર્તન આવ્યું નથી - પગાર, મકાન ભાડા, લોન, હાર્ડવેર અને સોફ્ટવેર માટે ચુકવણી, એ બધા એક સમાન છે.' જો તેઓ કોઈ ઓનલાઈન શિક્ષણ આપતા નથી અને યથાવત ખર્ચ પૂરા કરવા માટે ફી માંગશે તો તેઓની નિંદા કરવામાં આવશે. અને જો તેઓ તેમના શિક્ષકો અને સ્ટાફને ઓનલાઈન શિક્ષણ આપવા માટે રોકાણ કરે છે અને તાલીમ આપે છે અને પછી પહેલા જેટલી જ ફી માંગે છે તો પણ તેઓને વખોડવામાં આવે છે. તો હવે તેઓ શું કરી શકે ?" શાહે જણાવ્યું હતું કે શિક્ષણની ઉદ્યોગમાં રોગચાળાને લીધે આવેલ અનન્ય અવરોધોનો સામનો કરવાનો અગાઉનો અનુભવ નહીં હોવા છતાં શિક્ષણની ગુણવત્તા સમાન રહી શકે તો તે "જાદુઈ વાત" હશે.

તેમણે ઉમેર્યું કે "ન તો શાળાઓ, ન માતા-પિતા, કે વિદ્યાર્થીઓએ આવી પરિસ્થિતિ ક્યારેય અનુભવી છે, આ એવું એક કારણ છે કે તેમાંથી કોઈ પણ ટૂંકા સમયમાં શિક્ષણશાસ્ત્ર, ધ્યાન, તકનીક, સ્વ-શિક્ષણની નવી રીતો શોધી અને તેને અમલમાં લાવી શકશે નહીં. ઉપરાંત રોગચાળાનો સતત ડર રહે છે."

ભારતના સૌથી પ્રાચીન આઈઆઈટી-પ્રેપ કેન્દ્રો પૈકી એકના ડિરેક્ટર રામ લુભૈયા ત્રિખાએ જણાવ્યું હતું કે તેમના જેવા કોચિંગ સેન્ટર્સ ઓનલાઈન અને ઓફલાઈન વર્ગખંડો વચ્ચેનું અંતર અને ગુણવત્તા સાથે સમાધાન કરવા માટે પ્રયાસ કરી રહ્યા છે.

ત્રિખાએ સ્વીકાર્યું કે "શિક્ષકો સાથે રૂબરૂ શિક્ષણ મેળવતા હો ત્યારે તમે જે અનુભવો તેવી જ શિસ્ત, વાતાવરણ અને ખ્યાલની સ્પષ્ટતાની અપેક્ષા તમે ઓનલાઈનમાં કરી શકતા નથી. ઓનલાઈન સત્રોમાં ભાગ લેનારાઓની તુલનામાં જ્યારે લોકો વર્ગખંડ કોચિંગમાં ભાગ લે છે ત્યારે એક અલગ ઊર્જા, જુસ્સો, ખ્યાલની સ્પષ્ટતા અને શિસ્ત હોય છે."

ચંદીગઢ સ્થિત રાજ મલ્હોત્રા આઈએએસ કોચિંગ સેન્ટરોના એડમિનિસ્ટ્રેશન વડા વિનય જોશીએ હફપોસ્ટ ઈન્ડિયાને જણાવ્યું હતું કે જ્યારે સંસ્થાએ ઓનલાઈન અભ્યાસક્રમો પર મોટી છૂટની ઘોષણા કરી છે, ત્યારે તેમણે લોકડાઉન પહેલાં જમા કરાવનારા લોકોને તેમના પૈસા પાછા આપ્યા નથી. જોશીએ જણાવ્યું હતું કે "લોકડાઉન પૂર્ણ થઈ ગયા પછી અમે તેમના માટે વર્ગખંડની કોચિંગ ફરીથી શરૂ કરીશું."

**જૂની ફેકલ્ટી (જૂની પેઢીના શિક્ષકો) સંઘર્ષ કરી રહ્યા છે**

માર્ચમાં, ભારતની એક નામાંકિત આઈ.એ.એસ. કોચિંગ સંસ્થાએ તેના વર્ગખંડના સંપર્ક કાર્યક્રમોને ચંદીગઢમાં કાયમી ધોરણે બંધ કરી દીધા હતા અને ઓનલાઈન કોચિંગમાં પરિવર્તન કર્યું હતું.

વિવેક રાણા, જે વિજ્ઞાન અને તકનીકના એક શિક્ષક છે, તેઓની સાથે, વર્ગખંડના શિક્ષકોની આખી ટીમને કહેવામાં આવ્યું હતું કે કાં તો ખાદ્યપદાર્થો અને જીવન જરૂરિયાત પૂરી કરવા અને ઘરનું ભાડું ચૂકવવા માટે ઓછામાં ઓછો પગાર સ્વીકારો - જે તેમના પગારના આશરે ૧૦ ટકા છે - અથવા રાજીનામું આપો. તેમણે કહ્યું કે "હું અન્ય પાંચ વરિષ્ઠ શિક્ષકો સાથે રૂા.૧.૧૫ લાખ માસિક પગાર મેળવતો હતો અને હવે તેઓ ઈચ્છે છે કે અમે મહિનાના માત્ર ૧૧,૫૦૦ રૂપિયા લઈને કામ કરીએ. શરૂઆતમાં, અમે તે કામચલાઉ તબક્કો હોવાનું માનીને તેઓને સહકાર આપ્યો હતો, પરંતુ તે પછી તેઓએ ભૌતિક સંપર્ક કાર્યક્રમ (કોચિંગ ક્લાસ) કાયમી ધોરણે બંધ કરી દીધો."

ઓનલાઈન કોચિંગના વલણો પર નજીકથી નજર નાખતાં જાણવા મળ્યું છે કે જ્યારે નાના શિક્ષકો વિવિધ ઓનલાઈન ચેનલોમાં લઘુતમ પગાર પર કામ કરીને આ રોગચાળાના લોકડાઉનમાં સફળ થયા છે, ત્યારે આ સમય દરમિયાન જૂના અને અનુભવી શિક્ષકોની હાલત કથળી રહી છે. રાણાએ જણાવ્યું હતું કે, ઓનલાઈન ચેનલો એવા યુવાન અને ઊર્જાસભર શિક્ષકોની ઈચ્છા છે કે જેઓ સરળતાથી એક મિલિયન વ્યૂ મેળવી શકે અને તે અમારા જેવા ફેકલ્ટીઓ કરી શકતા નથી અને જેઓ ઓનલાઈન રજૂઆતો કરવામાં અને પ્રવચનોનું આયોજન કરવામાં ધીમા હોય છે.

તેમણે ઉમેર્યું કે કોઈ પણ વર્ગખંડના કોચિંગ સાથે ઓનલાઈન કોચિંગની તુલના કરી શકતો નથી.

રાણાએ કહ્યું કે, "જ્યારે પહેલેથી જ રેકોર્ડ કરેલા પ્રવચનોથી ઓનલાઈન પર વધુ પેસિવ કોચિંગ આપવામાં આવે છે, ત્યારે વર્ગખંડની કોચિંગમાં વિદ્યાર્થીઓ કાઉન્ટર સવાલ ઊભો કરી શકે છે અને જો તમે યોગ્ય પ્રતિસાદ નહીં આપો તો તમે કોઈ પણ સમયમાં આ ધંધાની બહાર ફેંકાય જશો."

પ્રીતમ શર્મા, જેમણે પોતાની નોકરી આ સમયગાળામાં ગુમાવી હતી, તેઓએ એ વાતનો ખુલાસો કર્યો હતો કે તેમને પણ માસિક પગાર રૂા. એક લાખ માસિક વેતનની સામે માત્ર ૧૦,૦૦૦ રૂપિયા સ્વીકારવાનું કહેવામાં આવ્યું હતું.

શર્માએ હફપોસ્ટ ઈન્ડિયા સાથે વાત કરતાં કહ્યું હતું કે, "હું હાલમાં મારી બચત પર ટકી રહ્યો છું જે પાંચથી છ મહિના સુધી ટકી શકે છે. હું રોગચાળાની સમાપ્તિ પછી વર્ગખંડની કોચિંગ સિસ્ટમના પુનરુત્થાનની નિષ્ઠાપૂર્વક આશા રાખું છું અથવા અન્યથા અનુભવી ફેકલ્ટીને માર્ગદર્શક ક્ષેત્રમાંથી સંપૂર્ણ રીતે ખતમ કરી દેશે, હિમાચલ પ્રદેશના ખાનગી શિક્ષક સાલગોત્રા આ રોગચાળો ફાટી નીકળવાની શરૂઆતથી જ ઝૂમ અને ગૂગલ હેંગઆઉટ પર તેના વર્ગ લઈ રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે, ઓનલાઈન શિક્ષણ સાથે કોચિંગ સેન્ટર્સ તેમના ખર્ચ ઘટાડીને પૈસા કમાવવાનું ચાલુ રાખતા હોવા છતાં, શિક્ષણનો અપ્રમાણસર બોજો તેમના શિક્ષકો પર મૂકે છે. તેમણે કહ્યું કે "જ્યારે શિક્ષકો તેમના ઘરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઉપયોગ કરીને કેન્દ્રની વેબસાઈટ પર પ્રવચનોની યોજના બનાવવા અને અપલોડ કરવા માટે મધરાત સુધી કામ કરી રહ્યા છે અને વિદ્યાર્થીઓ તેમના પોતાના ખર્ચે તેને ડાઉનલોડ કરી રહ્યા છે, ત્યારે આ કોચિંગ સેન્ટરો મધ્યસ્થી તરીકેની ભૂમિકા ભજવી રહ્યા છે અને તેમના નફાના આલેખને વધારવામાં સફળ રહ્યા છે, કોવિડ-૧૯ના આ સમયમાં તેઓએ નાણાં કમાવવા માટે આ એક નવો અભિગમ તેઓએ અપનાવ્યો છે."

(સૌ. : હફિંગ્ટનપોસ્ટ)

# શું દિલ્હીમાં કોવિડ-૧૯ને નિયંત્રિત કરવા કરતાં ભાજપ અને આપ વચ્ચે એકબીજા સામે રાજકીય બદલો લેવાની ઇચ્છા વધુ બળવત્તર છે ?

**કોરોના વાયરસની રાજધાની તરીકે અત્યાર સુધી મુંબઇનું નામ હતું ત્યારે હવે રાષ્ટ્રીય રાજધાનીએ કોરોના કેસની બાબતમાં મુંબઇને પણ પાછળ રાખી દીધું છે ત્યારે ભાજપ અને આપ બંને વિવિધ પ્રોટોકોલ અને કાર્યવાહી માટે યશ ખાટવાના હેતુસર સામસામા દાવા કરી રહ્યા છે**

(એજન્સી) તા.૨૭

ભાજપ શાસિત કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય અને આમ આદમી શાસિત દિલ્હી સરકાર વચ્ચે જાહેરમાં શબ્દોનું શાંત-આક્રમક યુદ્ધ ચાલી રહ્યું છે. આ મોરચે જનરલ તરીકે એક બાજુ ગૃહ પ્રધાન અમિત શાહ છે અને બીજી બાજુ દિલ્હીના નાયબ મુખ્ય પ્રધાન મનિષ સિસોદીયા છે. બંને પોતાના વડાઓના વિશ્વાસુ સાથીઓ છે. કોવિડ-૧૯ની રાજકીય લડાઇ જેમ જેમ શહેર અને રાજ્યમાં સંક્રમણના કેસો વધતાં જાય છે તેમ તેમ વધુ આક્રમક બની રહી છે. દિલ્હીમાં રોજ નવા નવા નોટીફિકેશન જાહેર થાય છે તેના કારણે નાગરીકો વધુને વધુ ગુંચવાય છે. હોસ્પિટલોમાં પથારીઓની જંગી સંખ્યા પૂરી કરવાની જાહેરાત કરવામાં આવી રહી છે એ જ રીતે બન્ક્વેટ હોલ, હોટેલ, અને ધાર્મિક કેન્દ્રોમાં પણ વધારાની પથારી માટે વ્યવસ્થા કરવામાં આવી રહી છે. દરમિયાન લેફ. ગવર્નરે એવો આદેશ કર્યો છે કે રાષ્ટ્રીય પાટનગરમાં નિવાસીય દરજ્જાના આધારે કોઇને પણ તબીબી સારવારનો ઇનકાર કરવો જોઇએ નહીં અને પરીક્ષણના ધોરણો અગાઉ જેવા જ રાખવા જોઇએ. આમ પાટનગર દિલ્હીમાં કોવિડ-૧૯ની નવી



નીતિના નિર્ણયો વિવાદાસ્પદ બન્યાં છે. પરંતુ જો તે અસરકારક રહેશે તો બંને પક્ષો પોતાની જીતનો દાવો કરશે. આમાંના ત્રણ મુખ્ય મુદ્દાઓમાં-કોવિડ-૧૯ દર્દીઓના ઘરે આઇસોલેશન, શિરોલોજીકલ સર્વે અંગેના આદેશો અને એલએનજેપી હોસ્પિટલનો કેસ સ્ટડી તરીકે તેના પર ધ્યાન કેન્દ્રીત કરવા જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે.

હોમ આઇસોલેશનના મુદ્દે આપ સરકાર અને કેન્દ્રીય ગૃહ મંત્રાલય વચ્ચે વિવાદ થયો છે અને સામસામા નિવેદનો કરવામાં આવ્યાં છે. એ જ રીતે શિરોલોજીકલ સર્વે બાબતે કેન્દ્ર સરકારે વ્યાપક પરીક્ષણ આયોજનની જાહેરાત કરી છે. જેનો ૨૭ જૂનથી આરંભ થશે. આ બાબતે પણ આપ અને ગૃહ મંત્રાલય વચ્ચે નિવેદનો અને પ્રતિ નિવેદનો કરવામાં આવ્યાં છે. એલએનજેપી હોસ્પિટલનો કેસ સ્ટડી તરીકે તેના પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યું છે.

દિલ્હીના મુખ્ય પ્રધાન કેજરીવાલે જણાવ્યું હતું કે એલએનજેપી હોસ્પિટલમાં ઘણી પથારીઓ ઉપલબ્ધ છે અને હોસ્પિટલની નજીકમાં એક બેન્કવેટ હોલમાં પણ કોવિડ-૧૯ કેર સેન્ટર તરીકે ચલાવવાનો નિર્ણય કર્યો છે. આમ કોરોના વાયરસની રાજધાની તરીકે અત્યાર સુધી મુંબઇનું નામ હતું ત્યારે હવે રાષ્ટ્રીય રાજધાનીએ કોરોના કેસની બાબતમાં મુંબઇને પણ પાછળ રાખી દીધું છે ત્યારે ભાજપ અને આપ બંને વિવિધ પ્રોટોકોલ અને કાર્યવાહી માટે યશ ખાટવાના હેતુસર સામસામા દાવા કરી રહ્યાં છે.

# મમતા બેનરજીનો વડાપ્રધાનને કોલસા ક્ષેત્રમાં ૧૦૦ ટકા FDIને મંજૂરી આપવાના નિર્ણય પર પુનર્વિચારણા કરવા અનુરોધ

**મુખ્ય પ્રધાને જણાવ્યું કે બહુરાષ્ટ્રીય કંપનીઓ માટે કોલસા ક્ષેત્રમાં ૧૦૦ ટકા FDI માટે મંજૂરી આપવાનો નિર્ણય ખોટો સંદેશ આપશે કારણ કે આ નિર્ણય આત્મનિર્ભર ભારતની ભાવનાથી પ્રતિકૂળ છે**

પ. બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ કોલસા ક્ષેત્રમાં ૧૦૦ ટકા સીધા વિદેશી મૂડીરોકાણને (એફડીઆઇ) મંજૂરી આપવાના કેન્દ્ર સરકારના નિર્ણય પર પુનર્વિચારણા કરવા વિનંતી કરી છે.

તેમણે વડાપ્રધાનને આ અંગે એક પત્ર લખીને જણાવ્યું છે કે બહુરાષ્ટ્રીય કંપનીઓ માટે કોલસા ક્ષેત્રમાં ૧૦૦ ટકા એફડીઆઇની મંજૂરી આપવાનું પગલું આત્મનિર્ભર ભારતની ભાવનાની પ્રતિકૂળ છે એવો ખોટો સંદેશ જશે અને આ એ આત્મનિર્ભર નીતિની વિચારધારાને ખતમ કરી નાખશે કે જેને આપણે શરુઆતથી અનુસરતા આવ્યાં છીએ. મમતા બેનરજીએ ૨૫, જૂનના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે તેથી હું આપને કોલસા ક્ષેત્રમાં ૧૦૦ ટકા એફડીઆઇને મંજૂરી આપવાના નિર્ણય પર પુનર્વિચારણા કરવા વિનંતી કરું છું અને આપને આ બાબતે ખાસ હસ્તક્ષેપ કરવા અનુરોધ કરુ છું કે કોલસા મંત્રાલયને એવી સલાહ આપવામાં આવે કે કોલકાત્તામાં સબોર્ડિનેટ કચેરીઓ સમેટી લેવાના કોલ ઇન્ડિયા લિમિટેડના નિર્ણયમાં આગળ વધવામાં ન આવે.

કોલસાના ખનન, તેની સંલગ્ન પ્રોસેસ અને કોલસાના વેચાણ ક્ષેત્રમાં ૧૦૦ ટકા એફડીઆઇની મંજૂરી આપવા અંગે કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરવામાં આવે. નવી નીતિનો ઉલ્લેખ કરીને મુખ્ય પ્રધાને સબળ આધારે આ નીતિ વિષયક જાહેરાત સામે પોતાનો ગંભીર વિરોધ વ્યક્ત કર્યો છે.

પત્રમાં જણાવાયું છે કે આ નીતિ ન તો પ્રત્યક્ષ વિદેશી રોકાણ લાવશે કે ન તો ટેકનોલોજી કે નો-હાઉ લાવશે કે જેના સુધી અત્યારે આપણે પહોંચ બનાવવામાં અસમર્થ છીએ. વર્તમાન પ્રવાહ અને અનુભવજન્ય પુરાવા વૈશ્વિક રોકાણકારોના રસને કોલસા ખનન પ્રોજેક્ટ્સની તુલનાએ નવીનીકરણ ઉર્જા પ્રોજેક્ટમાં વધુ સ્પષ્ટ રીતે પ્રદર્શિત થાય છે. વાસ્તવમાં સંશોધન એવો



નિર્દેશ આપે છે કે ૧૦૦ જેટલી વૈશ્વિક નાણા સંસ્થાઓએ તેમનું થર્મલ કોલ ઇન્વેસ્ટમેન્ટ પાછું ખેંચી લીધું છે અને તેથી થર્મલ કોલમાં એફડીઆઇ આવવાની દૂરની પણ શક્યતા નથી.

તેમણે જણાવ્યું છે કે એવા સમયે જ્યારે દુનિયાની સૌથી મોટી કોલસા ખનન કંપની કોલ ઇન્ડિયા લિમિટેડ દેશના કુલ કોલસાના ઉત્પાદનનું ૮૦ ટકા ઉત્પાદન એકલી કરી રહી છે અને તેણે નાણાકીય વર્ષ ૨૦૧૯માં કરવેરા પૂર્વે રૂા.૨૭૦૦૦ કરોડનો નફો કર્યો છે અને સાથે જ રૂા.૩૧૦૦૦ કરોડનું રિઝર્વ ધરાવે છે ત્યારે એફડીઆઇના નિયંત્રણો હળવા કરવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય કોલ ઇન્ડિયા લિમિટેડની ક્ષમતાનું અવમૂલ્યન કરવાનો છે. મમતા બેનરજીએ વધુમાં જણાવ્યું હતું કે ૮૦ ટકા કોલસાની ઉપલબ્ધી દેશના પૂર્વ પ્રદેશમાં આવેલ છે અને તેથી જ મુખ્ય કેન્દ્રીય જાહેરક્ષેત્રના સાહસ એવી કોલ ઇન્ડિયા લિમિટેડ કંપની કોલકાત્તા ખાતે પોતાના વડા મથક સાથે કામ કરી રહી છે. તાજેતરમાં તેની ચાર સબસિડીયરી કંપની-ભારત કોકિંગ પોલ લિમિટેડ (બીસીસીએલ), સેન્ટ્રલ કોલ ફિલ્ડ લિમિટેડ (સીસીએલ), સાઉથ ઇસ્ટર્ન કોલ લિમિટેડ (એસીસીએલ) અને મહાનાડી કોલ ફિલ્ડ લિમિટેડનો (એમસીએલ) તેની ડેસ્ક ઓફિસ અન્ય ક્ષેત્રોમાં આવેલ તેમના પોતપોતાના હેડક્વાર્ટરમાં ખસેડવાનો અણધાર્યો નિર્ણય કોલસા ક્ષેત્રના તમામ સ્ટેક હોલ્ડર્સ અને તેના કર્મચારીઓના હિત માટે અત્યંત નુકસાનકારક રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે અત્યારે કેન્દ્ર સરકાર આપણા રાષ્ટ્રના પ્રત્યેક નાગરિકને તેમની અવરજવર નિયંત્રિત કરીને કોવિડ-૧૯ મહામારીથી પોતાની જીંદગી બચાવવા માટે સતત વિનંતી કરી રહી છે. આથી ૩૦, જૂન ૨૦૨૦ સુધીમાં કોલ ઇન્ડિયા લિમિટેડનો પોતાની ઓફિસ ખસેડવાનો ટાળી શકાય એવો નિર્ણય માનવીય નથી અને તેના કારણે તેના મોટી સંખ્યામાં કર્મચારીઓ તેમજ પરિવારોની નિર્દોષ જીંદગીઓ ખતરામાં મૂકાઇ શકે છે. આ ઉપરાંત કોલકાત્તા અને આસપાસમાં રહેતા કોન્ટ્રેક્ટ પર કામ કરતાં કર્મચારીઓ આ ઓફિસો બંધ થવાથી તેમની આજીવિકા ગુમાવશે. બેનરજીએ જણાવ્યું હતું કે એક જ શહેરમાં તમામ ચારેચાર સબસિડીયરીની ઓફિસો હોવાને કારણે તેઓ એક બીજા વચ્ચે વધુ સારી રીતે તેમજ કોલકાત્તા ખાતે કોલ ઇન્ડિયા લિમિટેડના વડા મથક સાથે સંકલન સાધી શકશે અને વર્તમાન વ્યૂહાત્મક કેન્દ્ર પરથી તેમજ વાણિજ્ય કેન્દ્ર પરથી આ ઓફિસો અન્ય વિસ્તારોમાં ખસેડવાથી આપણા અર્થતંત્ર પર તેની વિપરીત અસર પડશે.

**(સૌ. : ન્યૂ ઇન્ડિયન એક્સપ્રેસ.કોમ)**

# કોલસાનું વાણિજ્ય લિલામ રાષ્ટ્રીય હિતમાં છે એવો વડાપ્રધાનનો દાવો સત્યથી તદ્દન વેગળો છે

**૧૮, જૂન રોજ વડાપ્રધાને લોન્ચ કરેલ ૪૧ કોલ બ્લોકના ઓક્શનનો ત્રણ રાજ્ય સરકારોએ ઉગ્ર વિરોધ કર્યો છે. જેમ વધુને વધુ માહિતી સામે આવતી જાય છે તેમ એક વાત વધુને વધુ સ્પષ્ટ થતી જાય છે કે કોલ બ્લોકના ઓક્શનને રાષ્ટ્રીય હિત સાથે કોઇ નિસબત નથી**

કેન્દ્ર સરકારે ત્રણ રાજ્યો-ઝારખંડ, છત્તીસગઢ અને મહારાષ્ટ્રમાં પથરાયેલા ૪૧ કોલ બ્લોક્સનું લિલામ (ઓક્શન) શરુ કરવાનો આપખુદી નિર્ણય લીધો તે પહેલા આ ત્રણ રાજ્યો સાથે કોઇ પણ જાતનો પરામર્શ કરવામાં આવ્યો નથી. બીજો યોગાનુયોગ એ છે કે આજે આ ત્રણેય રાજ્યોમાં વિરોધ પક્ષોની સરકાર છે.

આ ત્રણેય રાજ્યોએ સુપ્રીમકોર્ટ સમક્ષ કોલ બ્લોકની ઓક્શનને પડકારીને વિરોધ કર્યો છે. તેમાં અપવાદરુપ રાજ્ય ઓરિસ્સા છે કે જ્યાં અંગુરમાં ચેંદિપારાના ગાઢ જંગલોમાં કોલસાના ક્ષેત્ર આવેલ છે જે જૈવિક વૈવિધ્યને નાશ કરી શકે એવો ખતરો ઊભો થયો છે. ઝારખંડના પૂર્વ મુખ્ય પ્રધાન બાબુલાલ મરાંડી સહિત ભાજપના નેતાઓએ અપેક્ષા મુજબ કેન્દ્ર સરકારનો બચાવ કરવા કૂદી પડ્યાં છે. તેમણે આ ઓક્શનના આલોચકો રાષ્ટ્રીય હિતની વિરુદ્ધ કાર્ય કરી રહ્યાં હોવાનો આક્ષેપ કર્યો છે.

તેમની દલીલ એવી છે કે કોલ બ્લોક્સની ઓક્શન દ્વારા ખનન ક્ષેત્રમાં મૂડીરોકાણ આવશે લોકો માટે રોજગાર ઊભા થશે, સરકાર માટે આવક ઊભી થશે અને તે દેશની ઉર્જાની જરુરીયાતની પણ પૂર્તતા કરશે. વડાપ્રધાને એક ટીવી સંબોધનમાં એવો દાવો કર્યો છે કે પર્યાવરણને લગતી તમામ દરકાર રાખવામાં આવી છે અને કોલસાના ક્ષેત્રમાં આવેલ મિથેન ગેસનો ઉપયોગ કરીને સ્વચ્છ ઉર્જા માટે વાણિજ્ય રીતે માર્ગ મોકળો કરવામાં આવશે.

વડાપ્રધાન મોદી એવું કહી રહ્યાં છે કે વાણિજ્ય ઓક્શન રાષ્ટ્રીય હિતમાં છે. વાસ્તવમાં તેમની આ વાત સાચી નથી. આ અંગે વધુને વધુ માહિતી જેમ જેમ સામે આવતી જાય છે તેમ તેમ વધુ સ્પષ્ટ થતું જાય છે કે કોલ બ્લોકની ઓક્શનને રાષ્ટ્રીય



હિત સાથે કોઇ નિસ્બત નથી. મોટા ભાગના કોલ બ્લોક્સ ગાઢ જંગલોમાં આવેલા છે અને બંધારણના પાંચમાં શિડ્યુલમાં સંરક્ષિત આદિવાસી વિસ્તારોમાં આવેલા છે. પાંચમાં શિડયુલ તેમજ ફોરેસ્ટ રાઇટ એક્ટ હેઠળ ત્યાં વસતા આદિવાસી નિવાસીઓને જમીનનો ઉપયોગ અને ખનન અંગે નિર્ણય કરવાનો અધિકાર છે. ગ્રામસભાને વૃક્ષોને જમીનદોસ્ત કરવાની દરખાસ્તને ફગાવી દેવાની પણ સત્તા છે. આમ કોલસાના બ્લોક્સની વાણિજ્ય ઓક્શન કરવાના વડાપ્રધાનના એકપક્ષીય નિર્ણય સામે અનેક બંધારણીય અવરોધો ઊભા થયાં છે અને તેથી આ નિર્ણયને સુપ્રીમકોર્ટમાં પડકારવામાં આવ્યો છે.

કર્મશીલો અને પર્યાવરણવિદો એક સરખી રીતે કોલ બ્લોક ઓક્શનનો વિરોધ કરી રહ્યાં છે. આ માટે તેમણે અનેક વેધક પ્રશ્નો અને મુદ્દાઓ પણ ઉઠાવ્યાં છે. આ માટે તેમણે કેટલાક મહત્વના પ્રશ્નો ઉઠાવ્યાં છે. જે નીચે મુજબ છે.

૧. કેન્દ્ર સરકાર ઓક્શન માટે આટલી બધી ઉતાવળ કેમ કરે છે ?
૨. જ્યારે બહુ ગાઢ નહીં એવા જંગલોમાં બ્લોક્સ અવેલેબલ છે ત્યારે ગાઢ જંગલોમાં શા માટે કોલ બ્લોક્સની ઓક્શન કરવામાં આવે છે ?
૩. જ્યારે સમગ્ર વિશ્વ જીવાશ્મી ઇંધણથી વિમુખ થઇ રહ્યું છે ત્યારે સરકાર કોલસાના ખનને શા માટે મંજૂરી આપે છે ?
૪. શું ઉર્જાના ગંદા સ્રોત જેવા કોલસાની નિકાસને અન્ય દેશો સ્વીકારશે ?
૫. જ્યારે ૪૫ વર્ષ જેટલો અનુભવ કોલ ઇન્ડિયા લિમિટેડ ધરાવે છે ત્યારે ખનન સોંપવાને બદલે શા માટે આ કોલ બ્લોક્સનું ઓક્શન કરવામાં આવી રહ્યું છે ?
૬. ઓક્શન દ્વારા કેવા પ્રકારના રોજગારનું સર્જન થશે ?
૭. શું ઓએનજીસી કોલસા આધારીત મિથેનનો વાણિજ્ય લાભ ઉઠાવાવમાં સફળ રહ્યું છે ?

આમ કોલ બ્લોકની ઓક્શન સામે ઉગ્ર વિરોધ થઇ રહ્યો છે અને વડાપ્રધાને ઓક્શનનું લોંચિગ કર્યાના બીજા દિવસે પૂર્વ વન અને પર્યાવરણ પ્રધાન જયરામ રમેશે પ્રકાશ જાવડેકરને પત્ર લખીને આ ઓક્શન રદ કરવા જણાવ્યું હતું.

- વી પી સરન

(સૌ. : નેશનલ હેરાલ્ડ ઇન્ડિયા.કોમ)

# સિવિલ સોસાયટીને થરથરાવી મૂકતો સંદેશ : UN નિષ્ણાંતોએ ભારતને CAA વિરોધી દેખાવકારોને છોડી મૂકવા જણાવ્યું

**UN નિષ્ણાંતોએ જણાવ્યું છે કે તેમની ધરપકડ ભારતની વાયબ્રન્ટ સિવિલ સોસાયટીને થરથરાવી મૂકે એવો સંદેશ આપવા માટે કરવામાં આવી હતી કે સરકારી નીતિઓની ટીકા કોઈ રીતે સાંખી લેવાશે નહીં**

સંયુક્ત રાષ્ટ્રસંઘના ૧૩ સ્વતંત્ર નિષ્ણાતોએ ભારતને નાગરિકતા સુધારા કાયદા (સીએએ) વિરુદ્ધ દેખાવો કરવા બદલ ધરપકડ કરાયેલા માનવ અધિકાર કર્મશીલોને તાત્કાલિક છોડી મૂકવા જણાવ્યું છે. જીનિવાથી એક નિવેદનમાં સંયુક્ત રાષ્ટ્રસંઘના સાત રેપર્ટર (દૂત) અને યુએન અને આર્બિટરી ડીટેન્શન (આપખુદી અટકાયત) પરના યુએન વર્કિંગ ગ્રુપના પાંચ સભ્યોએ સફુરા ઝરગરથી લઇને કાફિલ ખાન અને અખિલ ગોગોઇ સુધીના ૧૧ કર્મશીલોની ધરપકડનો ખાસ ઉલ્લેખ કર્યો છે.

આ સંરક્ષકો કે જેમાંના મોટા ભાગના વિદ્યાર્થીઓ છે તેમની ધરપકડ એટલા માટે કરી હોવાનું જણાય છે કારણ કે તેમણે સીએએ સામે વિરોધ વ્યક્ત કરવાનો અને તેને વખોડી કાઢવાનો પોતાના અધિકારનો ઉપયોગ કર્યો હતો અને તેમની ધરપકડ ભારતની વાયબ્રન્ટ સિવિલ સોસાયટીને થરથરાવી મૂકે એવો સંદેશ આપવા માટે સ્પષ્ટપણે કરાઇ હોવાનું જણાય છે કે સરકારી નીતિની ટીકા અને આલોચના સાંખી લેવામાં આવશે નહીં એવું માનવ અધિકાર માટેના યુએન હાઇકમિશનરના કાર્યાલય દ્વારા જારી કરાયેલ નિવેદનમાં જણાવાયું હતું.

સંયુક્ત રીતે નિવેદનો જાહેર કરનાર નિષ્ણાતોમાં માનવ અધિકાર રક્ષક પરની સ્થિતિના સ્પેશિયલ રેપર્ટર મેરી લોલર,



અભિવ્યક્તિ અને વાણી સ્વાતંત્ર્યના અધિકારના રક્ષણ પરના સ્પેશિયલ રેપર્ટર ડેવિડ કાયે , શાંતિપૂર્વક એકત્ર થવા અને એસોસિએશન રચવાના અધિકાર પરના સ્પેશિયલ રેપર્ટર ક્લિમેન્ટ ન્યાયેલોસી વાવલે, લઘુમતીઓના મુદ્દાઓ પરના સ્પેશિયલ રેપર્ટર ફર્નાન્ડી વારેનેસ, વંશવાદના સમકાલિન સ્વરુપ પરના સ્પેશિયલ રેપર્ટર ઇ ટેન્ડાઇ આચિઉમે, ધર્મ કે માન્યતાની સ્વતંત્રતા પરના સ્પેશિયલ રેપર્ટર અહમદ શાહીદ, ત્રાસવાદનો પ્રતિકાર કરતા માનવ અધિકાર અને મૂળભૂત સ્વતંત્રતાના રક્ષણ પરના રેપર્ટર ફિઓનુઆલા ડી ડી આઉલેન અને ટોર્ચર તેમજ અન્ય ક્રૂર, અમાનવીય વ્યવહાર કે શિક્ષા પરના સ્પેશિયલ રેપર્ટર નીલ્સ મેલ્ઝેરનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત યુએન વર્કિંગ ગ્રુપ ઓન આર્બિટરી ડિટેન્શનના પાંચ સભ્યો-વેઇટુમે (અધ્યક્ષ) એલીના સ્ટેનર્ટે (ઉપાધ્યક્ષ), જોઝ ગુવેવારા બર્મુડિઝ, સીઓન્ગ-ફીલહોંગ અને સેતોંદજી એડ જોવીનો સમાવેશ થાય છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના આ નિષ્ણાતોએ જણાવ્યું છે કે તેઓ ભારત સરકારના સંપર્કમાં છે અને ૧૧ વ્યક્તિગત કેસોમાં ઘણા કેસો માનવ અધિકાર ઉલ્લંઘનના છે તો કેટલાક કેસો ધરપકડ અને અટકાયત દરમિયાન પ્રક્રિયાની નિષ્ફળતાને લગતા છે અને ટોર્ચર તેમજ દુર્વ્યવહારના આક્ષેપોને લગતા છે.

તેમણે જણાવ્યું છે કે માનવ અધિકારના તમામ રક્ષકોને સત્તાવાળાઓએ છોડી મૂકવા જોઇએ કે જેમની પર્યાપ્ત પુરાવા વગર ખટલા પૂર્વેની અટકાયતમાં રાખવામાં આવ્યાં છે અને સીએએના ભેદભાવયુક્ત સ્વરૂપની ટીકા કરતાં તેમના ભાષણોના આધારે તેમની ધરપકડ કરવામાં આવી છે. આ નિવેદનમાં જે વ્યક્તિના નામો લેવામાં આવ્યાં છે તેમાં મીરા હૈદર, ગુલફીસા ફાતિમા, સફુરા ઝરગર, આસિફ ઇકબાલ તન્હા, દેવલગાના કાલિતા, નતાશા નારવલ, ખાલીદ સૈફી, સીફા ઉર રહેમાન, કાફીલ ખાન, સરજીલ ઇમામ અને અખિલ ગોગોઇનો સમાવેશ થાય છે.

આ નિવેદનમાં નોંધવામાં આવ્યું છે કે સૌથી ચિંતાજનક કેસ સફુરા ઝરગરનો હતો કે જેમની સગર્ભાવસ્થા હોવા છતાં બે મહિના કરતાં વધુ સમય માટે તેમને અટકાયતમાં રાખવામાં આવ્યાં હતાં અને આખરે માનવતાવાદી આધારે આ સપ્તાહે તેમને જામીન મળ્યાં હતાં. નિષ્ણાતોએ જણાવ્યું છે કે સફુરા ઝરગરને એકાંત કેદ જેવી સ્થિતિમાં રાખવામાં આવ્યાં હતાં અને તેમને પોતાના પરિવાર કે કાનૂની પ્રતિનિધિ સાથે નિયમિત સંપર્ક કરવા દેવામાં આવતો ન હતો અને તેમને પર્યાપ્ત તબીબી સહાય કે ભોજન પૂરૂં પાડવામાં આવતું ન હતું. નિષ્ણાતોએ એવું પણ નોંધ્યું છે કે સત્તાવાળાઓ દ્વારા વિરોધમાં કરવામાં આવેલ તપાસ ભેદભાવયુક્ત છે.

એવું જણાય છે કે સત્તાવાળાઓએ સીએએના સમર્થકો દ્વારા નફરત ભડકાવવા અને હિંસાના આક્ષેપોમાં આવી તપાસ કરી નથી. આમાંના કેટલાક સીએએ સમર્થકોએ પ્રતિ રેલી યોજીને ગદ્દારોને ગોળી મારો એવા સૂત્રો પણ પોકાર્યા હતા.

(સૌ. : ધ વાયર.ઇન)

# વરવી વાસ્તવિકતા : દેશના ખરા શત્રુ કોણ છે ?

**અમિત શાહે ખાસ કરીને એ સ્પષ્ટ કર્યું હતું કે તેમનું માનવું છે કે ભારતના સૌથી કટ્ટર શત્રુઓ (અલબત્ત પાકિસ્તાન સિવાય) એ એવા ભારતીય નાગરિકો છે કે જેઓ લોકશાહી રીતે પોતાની અસંમતિ અને પ્રતિકાર વ્યક્ત કરે છે**

(એજન્સી) તા.૨૭

અમિત શાહને જ્યારે દિલ્હી એનસીઆરમાં કોવિડ-૧૯ સામે લડવાનો કાર્યભાર સોંપવામાં આવ્યો હતો ત્યારે જોરશોરથી સીટીઓ વગાડનાર લોકોમાં મારો સમાવેશ થતો ન હતો. એ વાત સાચી કે દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ જેટલા જોઇએ એટલા ડેટાની બાબતમાં પ્રમાણિક અને પારદર્શી ન હતાં પરંતુ તેઓ પણ માત્ર ભાજપ રાજ્યોની નકલ કરી રહ્યાં હતા. ખાસ કરીને કુખ્યાત ગુજરાત મોડલની. જે મૂર્ખ લોકો પક્ષની ટોપીઓ લાવ્યાં હતાં અને સીટીઓ વગાડતાં હતાં તેમણે ભાજપની સોશિયલ મીડિયા ટીમને અમિત શાહે કરેલું ઉદ્‌બોધન યાદ કરવું જોઇએ. તેમણે જણાવ્યું હતું કે સાચો કે ખોટો અમે કોઇ પણ સંદેશ વાયરલ કરી શકીએ છીએ. આથી જો અને જ્યારે કોવિડ-૧૯ સંકટ બેકાબૂ બનશે અને એનસીઆરમાં હોસ્પિટલો, હોટલો, ટ્રેનના ડબાઓ, સ્ટેડિયમ અને ફૂટપાથ અને રસ્તાઓ વગેરે પર પથારીઓ ખૂટી પડશે ત્યારે પણ અમિત શાહને કોવિડ-૧૯ના વિજેતા તરીકે પ્રોજેક્ટ કરવામાં આવશે. હંમેશા યાદ રાખજો કે તેમની ભાજપ સોશિયલ મીડિયા ટીમ સૌથી વધુ ઘાતક વાયરસ ફેલાવે છે. અમિત શાહે જ્યારે દિલ્હીની એલએનજેપી હોસ્પિટલની મુલાકાત લીધી અને




તમામ સરકારી હોસ્પિટલના કોવિડ-૧૯ વોર્ડમાં સીસી ટીવી કેમેરા મૂકવાનો આદેશ કર્યો ત્યારે મને હસવું આવ્યું હતું. આ માણસ હજુ એવું માને છે કે જાસૂસી એ દરેક બાબતનો એક માત્ર ઇલાજ છે. જો અમિત શાહે ચીન સાથેની આપણી સરહદ પર સીસી ટીવી કેમેરા મૂકાવ્યાં હોત તો મને તેમના પ્રત્યે લાગણી થાત. અમિત શાહે ખાસ કરીને એવું સ્પષ્ટ કર્યુ હતું કે તેમનું માનવું છે કે ભારતના સૌથી કટ્ટર દુશ્મનો (અલબત પાકિસ્તાન સિવાય) ભારતીય નાગરિકો છે કે જેઓ પોતાનો વિરોધ કે અસંમતિ લોકતાંત્રિક રીતે વ્યક્ત કરે છે. મને હવે ખાતરી થઇ છે કે જો ભાજપ સામે કાંટાળા પાઇપલાઇને જતાં ચીનના સૈનિકને રજૂ કરવામાં આવશે અને સીએએ વિરોધી બેનરને લઇને જતા ભારતીય નાગરિકને રજૂ કરાશે તો ભારતીય નાગરિકને વિદેશી આક્રમણખોર જેટલી જ કઠોર શિક્ષા કરવામાં આવશે. આ એક વાસ્તવિકતા છે. દેશના ખરા શત્રુ કોણ છે તે બાબતની આ એક વરવી વાસ્તવિકતા છે. **(સૌ : નેશનલ હેરાલ્ડ ઇન્ડિયા)**

# વડોદરા શહેર-જિલ્લામાં ૨૦૮૭ પોઝિટિવ કેસ નોંધાયા જેમાં ૪૯ ટકા યુવાનો સંક્રમિત

## હાલમાં ૫૭૧ એક્ટિવ કેસ, ૧૪૬૬ દર્દીઓ રિકવર

વડોદરા, તા.૨૭

વડોદરા શહેરમાં છેલ્લા ૧૦૦ દિવસથી કોરોના વાયરસનો કહેર યથાવત છે. વડોદરામાં કોરોનાનો પહેલો કેસ ૨૦ માર્ચના રોજ નોંધાયો હતો. વડોદરા શહેર અને જિલ્લામાં અત્યાર સુધી કોરોના વાયરસના કુલ ૨૦૮૭ પોઝિટિવ કેસ નોંધાયા છે. જો કે, તે પૈકી હાલ માત્ર ૫૭૧ એક્ટિવ કેસ છે અને ૧૪૬૬ દર્દીઓ રિકવર થયા છે. જો કે, ચોંકાવનારી બાબત તો એ છે કે, વડોદરામાં નોંધાયેલા ૨૦૮૭ પોઝિટિવ કેસ પૈકી ૪૯ ટકા જેટલા યુવાન દર્દીઓ સંક્રમિત થયા છે. જેમની ઉંમર ૨૧થી ૫૦ વર્ષની છે. સામાન્ય રીતે વૃદ્ધો અને બાળકો કોરોના વાયરસની વધારે અસર થાય છે. પરંતુ વડોદરામાં સૌથી વધુ યુવાનો કોરોનાની ચપેટમાં આવ્યા છે.

વડોદરા શહેરમાં અનલોક-૧માં કોરોના વાયરસના કેસ ખૂબ જ વધી રહ્યા છે. છેલ્લા ૧૫ દિવસથી વડોદરા શહેરમાં કોરોના વાયરસના કેસની સંખ્યા રોજ ૪૦થી ૪૫ સુધી પહોંચી ગઈ છે. જો કે, વડોદરામાં છેલ્લા એક અઠવાડિયામાં ટેસ્ટીંગ પણ વધારવામાં આવ્યું છે. પહેલા રોજ સરેરાશ ૧૫૦થી ૧૬૦ ટેસ્ટ કરવામાં આવતા હતા હવે રોજ ૨૫૦થી ૨૬૦ જેટલા ટેસ્ટ કરવામાં આવ્યા છે જેના કારણે પણ કોરોના પોઝિટિવ કેસ સામે આવી રહ્યા છે. વડોદરા શહેર અને જિલ્લામાં અત્યાર સુધી લેવાયેલા કુલ ૧૪,૨૪૪ સેમ્પલમાંથી ૨૦૮૭ દર્દીના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. આમ ૧૪.૫૮ ટકા સેમ્પલ પોઝિટિવ આવ્યા છે.

વડોદરા શહેરમાં હાલ ૧૦,૨૪૩ ઘરમાં ૪૩,૭૬૦ લોકો રેડ ઝોનમાં છે જ્યારે ૧૪,૯૫૩ ઘરમાં ૬૩,૩૮૪ લોકો ઓરેન્જ ઝોનમાં છે અને ૨૪,૬૬૨ ઘરમાં ૯૯,૯૦૫ લોકો યલો ઝોનમાં છે. વડોદરા શહેરમાં હાલ ૭૦.૨૪ ટકા રિકવરી રેટ છે અને કોરોના વાયરસના કુલ કેસ પૈકી ૨૭.૩૫ ટકા કેસ એક્ટિવ છે અને ૨.૩૯ ટકા ડેથ રેશિયો છે. વડોદરા શહેરમાં અત્યાર સુધી કુલ ૨૦૮૭ પોઝિટિવ કેસ સામે આવ્યા છે જે પૈકી ૭૫૯ મહિલા દર્દી જ્યારે ૧૩૨૮ પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

વડોદરા શહેરમાં અત્યારે કુલ ૫૭૧ દર્દી કોરોના વાયરસની સારવાર લઈ રહ્યા છે. જે પૈકી ૧૧૮ દર્દી ગોત્રી હોસ્પિટલમાં, ૨૧૯ દર્દી ખાનગી હોસ્પિટલમાં, ૩૦ દર્દી કોવિડ કેર સેન્ટરમાં અને ૧૪૬ દર્દી હોમ આઈસોલેશનમાં છે.

### કોરોના વાયરસના પગલે વાલીઓ મુંઝવણમાં

# પૂરક પરીક્ષા જિલ્લામાં એક સેન્ટરના બદલે જે તે સેન્ટરો હતા તે જ રાખવા માંગ

(સંવાદદાતા દ્વારા)

પાવીજેતપુર, તા.૨૭

છોટાઉદેપુર જિલ્લામાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે ત્યારે એસ.એસ.સીના એક-બે વિષયની પૂરક પરીક્ષાઓનું જિલ્લા કક્ષાએ એક જ સેન્ટરના બદલે માર્ચ માસમાં લેવાયેલી દરેક પરીક્ષા સેન્ટરો ઉપર પૂરક પરીક્ષાના સેન્ટરો મળે તેવું આયોજન તંત્ર દ્વારા કરવામાં આવે તેવી વાલીઓમાં માંગ જોવા મળી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ સમગ રાજ્યમાં એસએસસીની પરીક્ષાઓમાં ૩૯% જેટલા બાળકો નપાસ થયા છે સ્વાભાવિક રીતે જુલાઈ માસમાં યોજાનાર પૂરક પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓની સંખ્યા પણ ખૂબ મોટા પ્રમાણમાં રહેવાની સંભાવના છે. જિલ્લા કક્ષાએ એક જ સેન્ટર આપવામાં આવે તો હજારોની સંખ્યામાં ભેગા થનાર બાળકોના સ્વાસ્થ્યનું શું ? આ વેધક સવાલ વાલીઓમાં ઉઠી રહ્યો છે. સામાન્ય રીતે નાની મોટી દરેક શાળાઓમાં એક બે વિષયની પૂરક પરીક્ષા આપનાર ૫૦થી ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ નોંધાઈ રહ્યા છે. જિલ્લાકક્ષાના સ્થાને તાલુકા કક્ષાએ પણ એસ.એસ.સી.નું પૂરક પરીક્ષાનું સેન્ટર ફાળવવામાં આવે તો પણ ૭૦૦થી ૧૦૦૦ જેટલા બાળકો ભેગા થાય તેવી દહેશત છે. તેથી તાલુકામાં આવેલા દરેક એસ.એસ.સી. સેન્ટરો ઉપર પૂરક પરીક્ષાઓ લેવામાં આવે તો બાળકોની સંખ્યા પણ દરેક સેન્ટર પર ઓછી થશે અને કોરોના વાયરસના કહેરથી બચી શકાશે. વર્તમાન સમયમાં છોટાઉદેપુર જિલ્લામાં પણ રોજેરોજ કોરોનાના કેસો વધી રહ્યા છે ત્યારે આવા સમયે પૂરક પરીક્ષા માટે હજારોની સંખ્યામાં બાળકોને ભેગા કરી બાળકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કર્યા બરાબર છે. વાલીઓ પોતાના બાળકોને પૂરક પરીક્ષા આપવા માટે મોકલવામાં મૂંઝવણમાં છે જ્યારે કેટલાક વાલીઓ તો કોરોના વાયરસનો વધી રહેલા કહેરથી ગભરાઈને પોતાના બાળકોને પૂરક પરીક્ષા આપવા માટે ન મોકલવાના નિર્ણય પર મક્કમ જણાઈ રહ્યા છે. સી.બી.એસ.સી. જે રીતે પરીક્ષા કેન્સલ કરી છે તે રીતે ગુજરાત માધ્યમિક બોર્ડ પણ પૂરક પરીક્ષા કેન્સલ કરી બાળકોને પાસ કરી દે એવી વિદ્યાર્થીઓ વાલીઓની માંગ ઉઠી છે. આમ, સમગ્ર રાજ્યની સાથે-સાથે છોટાઉદેપુર જિલ્લામાં પણ કોરોના વાયરસનો કેહેર વધી રહ્યો છે ત્યારે તંત્ર પૂરક પરીક્ષાનું સેન્ટર જિલ્લાકક્ષાના સ્થાને જે સેન્ટરો ઉપર માર્ચમાં બાળકે પરીક્ષા આપી હતી તે જ સેન્ટર રાખવામાં આવે તેવી વાલીઓની બુલંદ માંગ ઉઠી છે.

# ગોધરા ખાતે રેડક્રોસ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



ગોધરા, તા.૨૭

કોવીડ - ૧૯ કોરોનાની મહામારીના અનલોકના સમય દરમિયાન જિલ્લા કલેક્ટર અને ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી, પંચમહાલ,ગોધરાના પ્રમુખ અમીત અરોરા, ઉપપ્રમુખ અને પ્રાંત અધિકારી ગોધરા વિશાલ સક્સેના જિલ્લા વિકાસ અધિકારી એ. જે. શાહના માર્ગદર્શન હેઠળ તથા ચેરમેન ડો. કે.વી.પંચાલ, વાઈસચેરમેન કે.ટી.પરીખ અને ટ્રેઝરર આનંદ ઘડિયાળી ,માનદમંત્રી કિશોરીલાલ ભાયાણી , મેડિકલ ઓફિસર ડો. આર કે ચૌહાણ ના આયોજન મુજબ ગોધરા પોલન બજાર નજીક આવેલ ઈકબાલ ગર્લ્સ હાઈસ્કુલ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો જેમાં મુસ્લિમ સમાજના અગ્રણીઓ અને નવયુવાનો દ્વારા ૧૫૦ બ્લડ યુનીટ આપ્યુ હતું દ્વારા આ બ્લડ કેમ્પમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો.એન.એમ ડામોર, ડો. પ્રદીપ ભુરીયા, ડો. અલ્કેશ પરમાર, ડો. સંદીપ પટેલ ડો. આસિફભાઈ જમાલ, ડો. સોહેલ મોહન ,ડો. શાહિદ જુજારા તથા મુસ્લિમ સમાજના નવયુવાનો ધર્મગુરૂઓ અગ્રણીઓ અને રેડક્રોસ ગોધરાના પદાધિકારીઓ તથા સભ્યોની ઉપસ્થિતિમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ૧૫૦ યુનિટ રક્તદાન કરવામા આવ્યું હતું તે બદલ તેઓને તથા રક્તદાતા ને પ્રોત્સાહિત કરી અંતઃકરણ પૂર્વક જીલ્લા કલેકટર, જિલ્લા કલેકટર પંચમહાલ જિલ્લા વીકાસ અધિકારી, જીલ્લા આરોગ્ય અધિકારી, અને પ્રાંત અધિકારી ગોધરા વતી મુસ્લિમ સમાજ અને નવયુવાનાનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

### વધુ પાંચ કેસો સાથે જિલ્લામાં કુલ ૧૪૪ દર્દીઓ નોંધાયા

# નડિયાદ, કઠલાલ, કપડવંજ, ડાકોર અને વળેવામાં કોરોનાના કેસો દેખાયા

નડિયાદ, તા.૨૭

ખેડા જિલ્લામાં ચિંતાજનક રીતે કોરોના પોઝીટીવના દર્દીઓ વધી રહ્યાં છે. આજની વાત કરીએ તો વધુ પાંચ દર્દીઓ કોરોનાના જિલ્લામાં નોંધાયા છે.

ખેડા જિલ્લામાં કોરોના પોઝીટીવના દર્દીઓની સંખ્યામાં છેલ્લાં પાંચ છ દિવસમાં મોટો ઉછાળો જોવા મળે છે. એમાંય વળી કોરોનાનો અજગરી ભરડો ગામડાં વિસ્તારમાં દિવસે દિવસે પ્રસરી રહ્યો છે.

યાત્રાધામ ડાકોરમાં અત્યારસુધીમાં એક પણ દર્દી નોંધાયો ન હતો. આજે પ્રથમ દર્દી ડાકોરમાં નોંધાતા સ્થાનિક પ્રજા ચિંતીત બની રહી છે. ડાકોરમાં બંસરી એપાર્ટમેન્ટના ઘર નં ૧૨ માં રહેતાં ૬૪ વર્ષીય દિવાકર ચંદ્રશંકર પંડ્યાને તાવ આવતી હતી. તા.૧૮ જુનના રોજ નડિયાદ સિવિલ હોસ્પિટલમાં આવેલા. પરંતુ તેમને કોવિડ ૧૯ ના લક્ષણો ના હોઈ તેમનું સેમ્પલ લેવાયુ ન હતું. પરંતુ તાવ ના ઉતરતાં ગઈકાલે આણંદમાં આવેલ અશ્વિની મેડિકલ સેન્ટર ખાતે તેમણે કોરોનાનો પ્રાઈવેટ ટેસ્ટ કરાવ્યો હતો. તેમના રિપોર્ટમાં કોરોના પોઝીટીવ આવતાં જિલ્લા આરોગ્ય કચેરીના ડોકટરો દોડતાં થયાં હતાં. જ્યારે માતર તાલુકાના હાડેવામાં રહેતાં નિતીનભાઈ શાંતીલાલ પટેલ (ઉં.વ ૩૭) ને ગત તા.૨૪ જુનના રોજ તાવ, ખાંસી, શરદી જણાતાં તેમણે માતરની ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી હતી. જો કે તેમને તબિયતમાં સુધારો ન થતાં ગઈકાલે તેમણે આણંદ ખાતે પ્રાઈવેટ ટેસ્ટ કરાવ્યું હતું. જેમાં કોરોના પોઝીટીવ આવ્યું છે.

ત્રીજામાં કપડવંજમાં નીલકંઠ મહાદેવના ખાંચામાં રહેતાં મનીશભાઈ દોશીને ક્યાંકથી કોરોનાનો ચેપ લાગ્યો હતો. તેમને નડિયાદની એનડી દેસાઈ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં છે. ચોથો કેસ કઠલાલમાં આવેલ આઝાદ પોળમાં રહેતાં બંદિશભાઈ નટુભાઈ દરજીનો છે. ૩૮ વર્ષીય આ બંદિશભાઈ કઠલાલમાં જ દરજીની દુકાન ધરાવે છે. તેમને લોકલ સંક્રમણથી કોરોનાનો ચેપ લાગ્યો હોવાનું બહાર આવ્યું છે. નડિયાદમાં પણ કોરોનાના દર્દીઓ વધી રહ્યાં છે. નડિયાદના દલાલપોળ સલુણબજારમાં રહેતાં ૭૩ વર્ષીય અમરીશભાઈ મોહનલાલ પરીખને ક્યાંકથી કોરોનાનો ચેપ લાગ્યો હતો. જેથી તેમને સારવાર માટે નડિયાદની હોસ્પિટલમાં દાખલ કરાયાં છે. નડિયાદમાં વધતા કેસને લઈ પ્રજામાં ફફડાટ છે.

### કપડવંજમાં કોરોનામાં પ્રથમ મરણ

કપડવંજ શહેરના ભાવસાર વાડામાં રહેતાં સફીભાઈ શેખ (ઉં.વ.૬૫ )નો આજે કોરોનાના કારણે અવસાન થયું છે. તેઓ અમદાવાદ નારોલ ખાતેની ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાં હતા. તેઓનો મૃતદેહ કપડવંજ ખાતે લાવીને અંતિમ ક્રિયા કરવામાં આવનાર છે.

# બનાસકાંઠામાં વધુ બે કોરોના પોઝિટિવ કેસ નોંધાયા

પાલનપુર, તા.૨૭

બનાસકાંઠા જિલ્લામાં કોરોનાનો કહેર દિવસે દિવસે વધી રહ્યો છે. જ્યાં શનિવારે પાલનપુરના મડાણા (ડાં)નો યુવક અને ડીસાની મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેની સાથે જિલ્લામાં આંક ૧૭૨ પહોચ્યો છે. જ્યારે અત્યાર સુધીમાં નવ વ્યકિતનાં મોત નિપજી ચૂક્યા છે. બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે. એક પછી એક કેસ વધતાં લોકોમાં ફફડાટ પ્રસરી રહ્યો છે. જ્યાં પાલનપુરના મડાણા (ડાં)નો યુવક અને ડીસાની મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનિષ ફેન્સીએ જણાવ્યું હતું કે, પાલનપુર પાલનપુરના મડાણા (ડાં)નો યુવક અને ડીસાની મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેમને તાત્કાલિક કોવિડ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. જ્યારે તેમના સંપર્કમાં આવેલા પરિવાર તેમજ અન્ય લોકોને હોમ ક્વોરન્ટાઈન કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં આંક ૧૭૨ પહોચ્યો છે. જ્યારે અત્યાર સુધીમાં નવ વ્યક્તિનાં મોત નિપજી ચૂક્યા છે.



બનાસકાંઠા જિલ્લા ઓટો રીક્ષા સંઘર્ષ સમિતી ના પ્રમુખ સાજીદ મકરાણી, અવનીશ યાદવ, જગદીશ પરમાર, આફતાબ સિંધી, ફારૂક ભાઈ વ્હોરા, સુરેશભાઈ ખત્રી, ઈમરાન અરબ, ભરત પરમાર, દ્વારા બનાસકાંઠા જિલ્લાના ડી.એસ.પી.ને કોરોના મહામારીના સમયથી લઈને આજ દીન સુધી રીક્ષા ચાલક આર્થીક મુશ્કેલીનો સામનો કરી રહેલ છે, તો રીક્ષા ઓ ડીટેઈન ન કરવામાં અને જો કદાચ કોઈ રીક્ષા ચાલક ભુલચુકથી ગુનો કરે તો તેનો સ્થળ દંડ લઈ જતો કરવા બાબતે આવેદનપત્ર આપી તા- ૩૦/૯/૨૦૨૦ સુધી રીક્ષાઓ ડીટેન ન કરવી તેવા ગૃહ ખાતા અને હાઈકોર્ટના આદેશ મુજબ તમામ બનાસકાંઠા જિલ્લાના પોલીસ સ્ટાફને સૂચના આપવા બાબતે આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. **(તસવીર : અખ્તર ચૌહાણ, પાલનપુર)**

## દાહોદમાં દંપતીનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતા આરોગ્યતંત્રમાં દોડધામ

દાહોદ, તા.૨૭

દે.બારીયા નગરના સ્ટેશન શેરીના રહેવાસી મિતેષ નાથાણી તેમજ તેમની પત્ની જે નગરપાલિકા ઉપપ્રમુખ પણ છે. તેઓનો રિપોર્ટ પોઝિટિવ આવવા પામ્યો હતો. આજરોજ કોરોના પોઝિટિવ આવેલા દંપતી ગત તારીખ ૭મી જૂનના રોજ અમદાવાદથી પોતાના વતન બારીયા ખાતે આવ્યા હતા. ત્યારબાદ તેઓને કોરોનાના લક્ષણો જણાતા આરોગ્ય વિભાગ દ્વારા તેનો સેમ્પલ કલેક્ટ કરી ચકાસણી અર્થે મોકલવામાં આવ્યો હતો જ્યાં આજરોજ તેનો રિપોર્ટ પોઝિટિવ આવવા પામ્યો હતો. આરોગ્ય વિભાગે હાલ કોરોના પોઝિટિવ આવેલા બંને પતિ-પત્નીના સંપર્કમાં આવેલા લોકોની શોધખોળ આદરી તેઓને ક્વોરન્ટાઈન કરવાની તજવીજ હાથ ધરી છે તેમજ સ્ટેશન શેરીના આસપાસના વિસ્તારોને સેનિટાઈઝર સહિત દવાના છંટકાવની કામગીરીમાં પણ જોતરાયા છે. દાહોદમાં અત્યાર સુધીમાં કુલ કોરોના પોઝિટિવના ૫૨ કેસો નોંધાવા પામ્યા છે. જે પૈકી ૪૨ દર્દીઓ કોરોના મુક્ત થતાં તેઓને અત્રેના હોસ્પિટલમાંથી રજા મળી જવા પામતા હાલ કોરોના સંક્રમિત એક્ટિવ કુલ ૧૦ કેસો અત્રેની ઝાયડસ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

### અંકલેશ્વરની ખાનગી શાળાઓએ માનવતાને કોરાણે મૂકી

# શાળાઓ શરૂ થઈ ન હોવા છતાં ફીની ઉઘરાણી કરાતાં વાલીઓમાં રોષ

**અંકલેશ્વર , તા.૨૭**

એક તરફ કોરોના વાયરસના કહેરમાંથી તમામ લોકો માંડ બેઠા થઈ રહ્યા છે અને જીવનને ફરી એક વાર ધબકતું કરવા મથામણ કરી રહ્યા છે ત્યારે પણ કેટલાક ખાનગી શાળાના સંચાલકો શાળાઓ બંધ હોવા છતાં વાલીઓને ફી માટે મેસેજ કરીને હેરાન કરી રહ્યા છે.

લોકડાઉન ના સમયને પગલે ખાસ કરીને મધ્યમવર્ગના અનેક પરિવારોએ નોકરી તેમ જ ધંધા રોજગાર ગુમાવવાનો વારો આવ્યો છે. હાલમાં આ પરિસ્થિતિમાંથી મુક્ત થયા બાદ થંભી ગયેલા જીવનને ધબકતું કરવા માટે લોકો મથામણ કરી રહ્યા છે ત્યારે કેટલાક ખાનગી શાળાના સંચાલકો શાળાઓ બંધ હોવા છતાં પણ વાલીઓ પાસેથી ઉઘરાણા કરે છે. સરકારે અને હવે તો હાઈકોર્ટે પણ સ્પષ્ટ આદેશ કર્યા છે કે કોઈપણ વાલી પાસેથી તારીખ ૩૦ જૂન સુધી ફીની ઉઘરાણી શાળા સંચાલકો કરી શકશે નહીં પરંતુ સરકારના આ આદેશની ધરાર અવગણના થઈ રહી છે.

હાલમાં શાળા બંધ છે પરંતુ ટ્યુશન ફીના નામે અંકલેશ્વરની ખાનગી શાળાના સંચાલકોએ વાલીઓને મેસેજ કરીને દબાણ કરવાનું શરૂ કર્યું છે અને ૨૭ જૂન સુધીમાં ફી ભરીને પ્રિ-પ્રાયમરી વિભાગમાંથી પ્રાઈમરી વિભાગમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી ફી ની ઉઘરાણી શરૂ કરી છે જેની સામે જિલ્લા શિક્ષણાધિકારી પણ સદંતર નિષ્ફળ પુરવાર થઈ રહ્યાં છે. તેથી સરકારે સમૃદ્ધ શાળા સંચાલકો ઉપર કડક કાર્યવાહી કરવી જોઈએ એવી વ્યાપક લાગણી જોવા મળી રહી છે.

# માતર તાલુકાના પૂર્વ સરપંચને તડીપારની નોટિસથી વિવાદ : પોલીસમાં આવેદન

### સર્વ સમાજ સેનાના રાજ્ય પ્રવક્તા યાત્રિક શાહે આખા શરીરે બેનર લગાવી ઉઘાડા પગે નગરયાત્રા કરી

નડિયાદ, તા.૨૭

માતર તાલુકાના પૂર્વ સરપંચ મહિતપસિંહ ચૌહાણને તડીપાર કેમના કરવા એવી નોટીસ જિલ્લા કલેક્ટરે પાઠવતાં આ વિવાદ ઘેરો બન્યો છે. દિવસે દિવસે તેમના સપોર્ટમાં લોકોની સંખ્યા વધી જાય છે. આજે સર્વ સમાજ સેનાના ગુજરાત પ્રદેશ પ્રવક્તા યાત્રિક શાહ માતર આવી ચડ્યાં હતાં. અને તેમણે પોતાના આખા શરીર પર બેનર લગાવી ઉઘાડા પગે નગરયાત્રા કરી હતી. અને બાદમા માતર પોલીસને આવેદનપત્ર આપ્યું હતું. આ આવેદનપત્રમાં તડીપાર શબ્દનો ખોટો ઉપયોગ થઈ રહ્યું હોવાનો દર્શાવ્યું છે.

વસો તાલુકાના લવાલના પૂર્વ સરપંચ મહિપતસિંહ ચૌહાણ સરપંચના હોદ્દા પર હતાં. ત્યારે તેમને ગામ તેમજ જિલ્લાની સળગતી સમસ્યાઓને વાચા આપવાનું ઝુંબેશ શરૂ કર્યું હતું. જેથી સ્થાનિક રાજકારણીઓ સામે તેમને સંઘર્ષમાં ઉતરવું પડ્યું હતું. રોડની ગ્રાન્ટ બાબતે સાંસદ દેવુસિંહ સામે તેમણે બાયો ચઢાવી હતી. કર્મચારીઓના પ્રશ્ન હોય કે ભ્રષ્ટાચારનો મુદ્દો હોય તેઓ હંમેશા આગળ રહેતાં. જેના કારણે તેમને ઘણું સહન કરવુ પડ્યું હતું. તાજેતરમાં જ કેટલાક મુદ્દાઓ ટાંકીને જિલ્લા કલેક્ટરે તેમને નોટીસ પાઠવી તમને તડીપાર કેમના કરવા તેવી નોટીસ ફટકારી છે. જેના પગલે સ્થાનિક રાજકારણમાં ગરમાવો આવ્યો છે. મહિપતસિંહની તરફેણમાં ઘણાં લોકો એકજૂથ થયાં છે. આજે સર્વ સમાજ સેનાના રાજ્યના પ્રવક્તા યાત્રિક શાહ આજે માતર આવી ચડ્યાં હતાં. અને તેમણે માતર પોલીસમથકમાં જઈ પીએસઆઈને આવેદનપત્ર આપ્યું છે. જેમાં એવો પ્રશ્ન ઉઠાવ્યો છે કે મહિપતસિંહ ચૌહાણને તડીપાર કરવા માટે દરખાસ્ત તમારા તરફથી જિલ્લા કલેક્ટરને થઈ છે. તે દરખાસ્ત ખરેખર સાચી છે. જો તે મુદ્દા સાચા હોય તો તેના પુરાવા રજુ કરો. મહત્વની વાત છે કે યાત્રિક શાહ આજે માતર શહેરમાં ફર્યા હતાં. તેમના આખા શરીર પર બેનર લગાવ્યાં હતાં. જેમાં હું પણ તડીપાર થવા તૈયાર છું. વગેરે શબ્દો લખ્યાં હતાં. તેઓ ઉઘાડા પગે બપોરના સમયે નીકળ્યાં હતાં.



**(તસવીર : ઈશાક શેઠ, હિંમતનગર)**

હિંમતનગર તાલુકાના શ્રીનાથ નગર વિરપુર ગામના એસ.આર.પી. જવાન ગાંધીનગર ખાતે ફરજ બજાવતા તેમને કોરોના થતા હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા જેમનું સારવાર દરમ્યાન ૧૯/૦૫/૨૦૨૦ના રોજના કોરોનાના લીધે મૃત્યુ થતાં મેનકાઈન્ડ ફાર્મા લિમિટેડ દ્વારા કંપનીના સેલ્સ ઓફિસર કમલેશ વિશ્વકર્માના હસ્તે આજરોજ એલ.સી.બી. પી.આઈ વી.આર. ચાવડા સાહેબની ઉપસ્થિતિમાં ત્રણ લાખ રૂપિયાનો ચીક એસ.આર.પી. જવાનના પુત્રને આપવામાં આવ્યો હતો.

# રોટરી કલબ દ્વારા દહેજ પંથકના લોકો માટે સ્વર્ગવાહિનીનું લોકાર્પણ



વાગરા, તા.૨૭.

દહેજ પંથકમાં મૃતદેહની અંતિમ વિધિ કરવા માટે પડતી અગવડનો અંત આવતા સ્થાનિકોમાં ખુશી પ્રસરી જવા પામી હતી. રોટરી કલબ દહેજને ઈન્ડોફીલ કંપની અને ઈન્ડોબાયજીન કેમિકલ્સ પ્રાઈવેટ લિ. કંપનીએ સ્વર્ગ વાહીનીનું લોકાર્પણ મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. રોટરી કલબ દહેજ સ્થાપના કાળથી લોક હિતના કાર્યોએ પ્રાધાન્યતા આપી રહી છે. શિક્ષણ, આરોગ્ય તેમજ અન્ય સમાજ ઉત્થાનના પ્રોજેકટ ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. દહેજના આસપાસના વિસ્તારમાં મૃતદેહની અંતિમ વિધિ કરવા માટે ભારે આપદાનો સામનો કરવો પડતો હતો. સુવિધાના અભાવે મૃતદેહની અંતિમક્રિયા અર્થે કયારેક ખૂબ જ લાંબુ અંતર કાપી પગપાળા પણ જવું પડતું હતું. પરંતુ રોટરી કલબ દહેજના પ્રયાસોથી સ્વર્ગ વાહીની બસ ઉપલબ્ધ થતા સમસ્યાનો અંત આવ્યો હતો. સ્વર્ગવાહીનીના લોકાર્પણ કાર્યક્રમમાં બોલતા રોટરી કલબ દહેજના પ્રમુખ આશિષ દેસાઈએ કહ્યું હતું કે દહેજ આસપાસના ગામડાંનો વિકાસ કરવો છે. તેમણે સ્વર્ગ વાહીનીની ભેટ ધરનારી ઈન્ડોફીલ કંપની અને ઈન્ડોબાયજીન કંપનીનો આભાર વ્યક્ત કર્યો હતો. રોટરી કલબ દહેજના સેક્રેટરી ભાવેશ રામીએ સંસ્થાના સેવાકીય કાર્યોની ઝાંખી કરાવવા સાથે ૨૦૨૦-૨૧ના વર્ષમાં વિવિધ પ્રોજેકટ ઉપર રોટરી કલબ કામ કરશે તેની રૂપરેખા પુરી પાડી હતી. આ તબક્કે લોકાર્પણ કાર્યક્રમના પ્રમુખ ઈન્ડોફીલના સિનિયર મેનેજર એસ.એન. પાંડે, ડી.આઈ.એ.ના જનરલ સેક્રેટરી ડૉ. સુનિલ ભટ્ટ, દહેજના અગ્રણીઓ તેમજ પંચાયતના હોદ્દેદારો તેમજ ફાઉન્ડર પ્રમુખ મહેન્દ્રસિંહ સહિતના ગ્રામજનો ખાસ ઉપસ્થિત રહ્યા.

# હિંમતનગરની માણેક ઈન્ટરનેશનલ સ્કૂલની ૧૦૦ ટકા ફી માફીની જાહેરાત

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૭

ગાયત્રી સિંહા દ્વારા આજરોજ બાળકોની શૈક્ષણિક કારકિર્દીમાં કોઈપણ પ્રકારની ઊણપ ન આવે તથા ટેકનોલોજી સહિતનું શિક્ષણ પૂરૂં પાડવાની સાથે શાળાના બાલ મંદિર (ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમ) તથા ધોરણ ૧થી ૮ના તમામ બાળકોની જૂન ૨૦૨૦થી એપ્રિલ ૨૦૨૧ સુધીની સો ટકા ફી માફ કરવાની જાણ સમગ્ર જાહેર જનતાને કરવામાં આવે છે. સમગ્ર વર્ષની અંદાજે રૂપિયા ૨૦,૦૦,૦૦૦ (વીસ લાખ) ફી માફ કરવાની જાહેરાત કરવામાં આવે છે.

**કોરોનાને કારણે આર્થિક હાડમારીને ધ્યાનમાં લઈ માનવતાવાદી નિર્ણય**

# દલવાડા પાસે ઓઈલના ડબ્બા ભરેલી ટ્રક પુલમાં ખાબકી



વાપીથી ઉત્તરાખંડ જતી ઓઈલના ડબ્બા ભરેલી ટ્રક શહેરા ગોધરા હાઈવે પર દલવાડા પાસે ટ્રકમાં ખામી સર્જાતા ટ્રકના ડ્રાઈવરે સ્ટેરીંગ કાબૂ ગુમાવતા ટ્રક પુલમાં ખાબકી ગઈ હતી જેમાં ટ્રકને નુકસાન થઈ ગયું હતું તેમજ ઓઈલના ડબ્બા ઢોળાઈ ગયા હતા અને ટ્રકનો ડ્રાઈવરને ઈજાઓ પહોંચી હતી ૧૦૮ મારફતે ટ્રકના ડ્રાઈવરને શહેરા રેફરલર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો પોલીસ ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી હતી.

**મે. ભરૂચના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ભરૂચની કોર્ટમાં**
**અરજદાર : મીયા મહમુદ શેખ જન્મ મરણ નોંધણી નં. ૭૪/૨૦૨૦**
વિરૂદ્ધ
**સામાવાળા :** જન્મ નોંધણી અધિકારી ન.પા. ભરૂચ
આથી લાગતા વળગતા તેમજ હિત ધરાવતી વ્યક્તિઓને આ જાહેર નોટિસથી જણાવવાનું કે ઉપર જણાવેલ અરજદારનાઓએ નામે મીયા મહમુદ શેખનો જન્મ/મરણ તા.૧૧/૧૧/૧૯૫૪ના રોજ ગામ ભરૂચ તા.જિ. ભરૂચ મુકામે થયેલ છે. જેથી તેઓના જન્મ/મરણના દાખલાની માગણી કરતા જણાવેલ છે કે ચોપડા ખોવાઈ ગયા હોય. દફતરે જન્મ/મરણની નોંધણી થયેલ નથી. તેવી માહિતી અરજદારને મળેલ હોવાથી જન્મ/મરણનો દાખલો મળેલ નથી માટે સદરહું જન્મ/મરણ અંગેની નોંધણી કરે તેવો હુકમ મેળવવા અરજદારે અત્રેની કોર્ટમાં ઉપર જણાવેલ નંબરથી અરજી દાખલ કરેલ છે. તો આ બાબતે જો કોઈ વ્યક્તિને વાંધો હોય તો, આ નોટિસ પ્રસિદ્ધ થયેથી ૩૦ દિવસની અંદર અત્રેની કોર્ટમાં લેખિતમાં જાણ કરવી. જો આ મુદ્દતમાં વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કાયદેસર રીતે નિયમ અનુસાર હુકમ કરી કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે જેની નોંધ લેશો.
આજરોજ તા.૨૪/૬/૨૦૨૦ના રોજ નોટિસ પ્રસિદ્ધ કરી.
**અરજદાર ઉર્ફે એડવોકેટ**
**નદીમ એમ. શેખ**
બી.કોમ.એલ.એલ.બી.
એડવોકેટ, ગુજ.હાઈકોર્ટ
૧૩૭, ગોલ્ડન પ્લાઝા, શોપિંગ, ભરૂચ

# ભારત-ચીન સરહદી મડાગાંઠ વચ્ચે ભારતને માઈક પોમ્પિયોના સમર્થનનું આપણે કેવું અર્થઘટન કરવું જોઈએ ?

## દ.ચીન સમુદ્રની આસપાસમાં નાના દેશોને ધમકાવી શકાય નહીં એવું કહીને ચીનને ચેતવણી આપવા ભારતીય પેસિફિક સમુદ્રના જળમાં વધારાના યુદ્ધ જહાજો મોકલવા એ એક અલગ વાત છે

(એજન્સી) તા.૨૭

અમેરિકા ચીન સાથેની તાજેતરની લડાઈમાં ભારતને 'આઉટ ઓફ વે' મદદ કરી રહ્યું છે. છેલ્લે અમેરિકાના વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ ચીન સાથેની સરહદ પર તેમજ એશિયામાં સૈન્ય તૈનાત કરવાનો મોટો ધડાકો કર્યો છે. પોમ્પિયોએ જણાવ્યું છે એક અમેરિકા એશિયામાં ચીનના સૈન્ય પીપલ્સ લીબરેશન આર્મીનો વધતો જતો ખતરાનો મુકાબલો કરવા પોતાના દળોની વૈશ્વિક તૈનાતી અંગે સમીક્ષા કરી રહ્યાં છે.



તેમણે ભારત-વિયેટનામ, ફિલિપિન્સ અને અન્ય પૂર્વ એશિયાઈ દેશો વિરુદ્ધ ચીનની અનિષ્ટકારી હિલચાલનો ઉલ્લેખ કર્યો હતો. ચીનને પડકારવા બદલ ભારતીયો ખુશ થયાં છે પરંતુ આપણે ચીન મોરચે અમેરિકાની મદદનું કેવું અર્થઘટન કરવું જોઈએ ? દ.ચીન સમુદ્રની આસપાસમાં નાના દેશોને ધમકાવી શકાય નહીં એવું કહીને ચીનને ચેતવણી આપવા ભારતીય પેસિફીક સમુદ્રના જળમાં વધારાના યુદ્ધ જહાજો મોકલવા એ એક અલગ વાત છે.

અગાઉ પણ આવું કરવામાં આવ્યું છે અને જ્યારે જરુર ઊભી થાય ત્યારે આવું થાય છે પરંતુ જમીન સરહદે આવું કરવું એ એક અલગ વાત છે. ભારત અને ચીન લદ્દાખમાં એલએસી પર એક બીજાની સામસામે આવી ગયાં છે. આનો અર્થ એવો સમજવો કે શું પોમ્પિયો એવું કહેવા માગે છે જર્મનીથી પાછા ખેંચી લેવામાં આવેલા સૈનિકો હવે ભારતની મદદે આવશે ? અમેરિકાએ ભારત-ચીન સરહદી અથડામણમાં હસ્તક્ષેપ કર્યો છે એવું કહેવું ઘણું સારુ છે. ભારતમાં કેટલાક લોકો પોમ્પિયોના શબ્દોને વર્તમાન અથડામણમાં અમેરિકાને એક પરીબળ તરીકે ઊભું કરવાના પ્રયાસ તરીકે જુએ છે. એક વાત સર્વવિદીત છે કે અમેરિકન સેનાઓ ચીનનો મુકાબલો કરવા માટે હિમાલયમાં મોકલવામાં આવશે નહીં. જો ચીનની દરિયાઈ ધમકી હોત તો પરિસ્થિતિ સમજી શકાત, પરંતુ અહીં જમીનના મોરચે વિવાદ છેડાયો છે. પોમ્પિયો ચીન સામે ભારત માટે રાજદ્વારી અને રાજકીય સમર્થનની વાતો વધું કરતાં હતા. અમેરિકા લશ્કરી સંઘર્ષમાં એક પરીબળ બને તેવી શક્યતા જણાતી નથી. અમેરિકા અને ચીન વચ્ચે તંગદિલી વધતાં ટ્રમ્પ પ્રશાસન ચીનને ઝાટકવાની કોઈ તક છોડી દેશે નહીં. પરંતુ મોટા ભાગના લોકો એવું માને છે કે ચીને ટ્રમ્પને ચૂંટાવામાં મદદ કરી હતી અને હવે જ્યારે અમેરિકાના પ્રમુખની ચૂંટણી થોડા મહિના દૂર છે ત્યારે વ્હાઈટહાઉસમાંથી ચીન વિરોધી વાચાળતા બહાર પડશે.

# શું ચીને સાયબર યુદ્ધ છેડ્યું છે ? : ચીન ઉત્તર કોરિયા અને પાકિસ્તાનની લિંક ધરાવતાં હેકર્સ ભારતીય વેબસાઈટ પર હુમલા કરી રહ્યા છે

## તાજેતરમાં ભારતીય વેબસાઈટોને નિશાન બનાવીને ચોમેરથી સાયબર એટેક કરવામાં આવી રહ્યા છે એવું સરકારના ટોચના સૂત્રોએ જણાવ્યું છે. આ સાયબર એટેકનું મૂળ ચીન, ઉ. કોરિયા અને પાકિસ્તાન સાથે સાઠગાંઠ ધરાવતી સંસ્થાઓ સુધી તેનું પગેરૂં નીકળે છે

(એજન્સી) તા.૨૭

એલએસી પર ભારતીય દળો ચીનના સૈન્યનો સક્રિય મુકાબલો કરી રહ્યાં છે તો બીજી બાજુ સાયબર જગતમાં ભારતના ઈન્ટરનેટ ડોમેનનું રક્ષણ કરતી એજન્સીઓ ચીને અદ્રશ્યમાન હેકર્સ દ્વારા છેડેલા સાયબર યુદ્ધનો સામનો કરી રહી છે.



છેલ્લા બે મહિનામાં જ્યારથી સરહદી તંગદિલી ઊભી થઈ છે ત્યારથી ભારતીય એજન્સીઓ મલ્ટી નેશનલ કોએલિશન દ્વારા પ્રત્યક્ષ અને પરોક્ષ હુમલાનો સામનો કરી રહ્યાં છે. વાસ્તવમાં ભારતમાં પ્રત્યેક સેક્ટર અને સાયબર પ્લેટફોર્મ પર ચીન, ઉ.કોરિયા અને પાકિસ્તાન તરફથી હુમલા થઈ રહ્યાં છે. ત્રણેય રાષ્ટ્ર તરફથી બોટ્સ એન્ડ પ્રોક્સીઝનો ઉપયોગ કરીને હેકિંગના અસંખ્ય પ્રયાસો થઈ રહ્યાં છે અને જુદા જુદા મૂળના સાયબર હુમલાખોરો જુદી જુદી કામગીરી કરી રહ્યાં છે.

સરકારના ટોચના સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ હુમલા જુદા જુદા દેશોમાંથી થઈ રહ્યાં છે પરંતુ આ પ્રકારના શ્રેણીબદ્ધ હુમલા પાછળ કોઈ એકનો હાથ હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી કારણ કે ચીન સરહદે તંગદિલી વધી છે ત્યારે જ આ પ્રકારના હેકિંગ હુમલાઓ કરવામાં આવ્યાં છે. આઈટી મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીના જણાવ્યાં અનુસાર ચીનમાં આ માટે કોઈ સ્વતંત્ર એક્ટર્સ નથી કારણ કે ત્યાં સિસ્ટમ અત્યંત અપારદર્શક છે આથી ઘણા જાણીતા હેકર્સ ચીન સરકારના મોરચે કામ કરી રહ્યાં છે અને ચીન પાકિસ્તાન અને ઉત્તર કોરિયાની આ માટે એક ધરી રચાઈ છે.

પાકિસ્તાન અને ઉ.કોરિયા બંનેમાં સરકાર જ હેકર્સ સંસ્થાઓને ચલાવે છે. ગત સપ્તાહે મંત્રાલયની સિક્યોરિટી ફાયર વોલ્સમાં ભંગાણ કરનાર સાયબર એટેકનો એનઆઈસીએ તોડી પાડ્યો હતો. તાજેતરમાં ભારતીય વેબસાઈટોને નિશાન બનાવીને ચોમેરથી સાયબર એટેક કરવામાં આવી રહ્યાં છે એવું સરકારના ટોચના સૂત્રોએ જણાવ્યું છે. આ સાયબર એટેકનું મૂળ ચીન, ઉ.કોરિયા અને પાકિસ્તાન સાથે સાંઠગાંઠ ધરાવતી સંસ્થાઓ સુધી તેનું પગેરુ નીકળે છે.

# LICનું ડિસઈન્વેસ્ટમેન્ટ આત્મનિર્ભર ભારતના ઉદ્દેશ્યની વિરુદ્ધ છે : LIC એમ્પ્લોઈઝ ફેડરેશન

(એજન્સી) તા.૨૭

ધી ઓલ ઈન્ડિયા એલઆઈસી એમ્પ્લોઈઝ ફેડરેશને (એઆઈએલઈએફ) વિશ્વની સૌથી મોટી વીમા કંપની લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાનું (એલઆઈસી) ડિસઈન્વેસ્ટમેન્ટ કરવાની સરકારની યોજના પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. સરકારે એલઆઈસીના ડિસઈન્વેસ્ટમેન્ટ માટેની પ્રક્રિયા શરુ કરી દીધી છે. ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પબ્લિક એસેટ મેનેજમેન્ટ દ્વારા સૂચિત આઈપીઓની તૈયારી-પ્રક્રિયા પર સરકારને સલાહ આપવા માટે કન્સલ્ટીંગ કંપનીઓ, ઈન્વેસ્ટમેન્ટ બેંકર્સ અને નાણાકીય સંસ્થાઓ પાસેથી ઓફરો મંગાવી છે. એલઆઈસીના આઈપીઓ માટે સલાહકાર તરીકેની ઓફરો આપવાની છેલ્લી તારીખ ૧૩, જુલાઈ છે અને ૧૪, જુલાઈના રોજ આ ઓફરો ખોલવામાં આવશે. એઆઈએલઈએફના મહામંત્રી રાજેશકુમારે જણાવ્યું છે કે ફેડરેશને આ બાબતે માત્ર સરકારનું ધ્યાન જ દોર્યું નથી પરંતુ એલઆઈસીના ડિસઈન્વેસ્ટમેન્ટની પ્રક્રિયા તાત્કાલિક બંધ કરાવવા માટે સરકારને હસ્તક્ષેપ કરવા અનુરોધ કર્યો છે કારણ કે ભારતના સરતાજના એક મહત્વના રત્ન સમાન એલઆઈસીનું ડિસઈન્વેસ્ટમેન્ટ એ આત્મનિર્ભર ભારતની વિરુદ્ધ છે. એલઆઈસીનું ડિસઈન્વેસ્ટમેન્ટ એ ભવિષ્યમાં ખાનગીકરણ માટેનું એક સોપાન બની જશે જે રાષ્ટ્રીય હિતની વિરુદ્ધમાં છે. રાષ્ટ્રીયકરણના હેતુને સુસંગત રહીને એલઆઈસીએ દેશના લાભ માટે જીવન વીમામાં લોકો દ્વારા રોકાણ કરવામાં આવેલ જંગી ભંડોળ એકત્ર કરેલ છે અને ૩૧, માર્ચ ૨૦૧૯ના રોજ આ પ્રકારનું ભંડોળ રૂા.૨૯,૮૪,૩૩૧ કરોડ જેટલું છે. જો સરકાર એલઆઈસીના ડિસઈન્વેસ્ટમેન્ટ પ્લાનમાં આગળ વધશે તો નીતિનિર્માતાઓ પર દેખિતી અસર જોવા મળશે. એલઆઈસીએ હંમેશા લોકો અને રાષ્ટ્રની સેવા કરી છે અને તેથી તેનું ડિસઈન્વેસ્ટમેન્ટ કરવાથી એલઆઈસીનો હેતુ સેવામાંથી બદલાઈને નફાકારકતા થઈ જશે.

**LICએ હંમેશાં લોકો અને રાષ્ટ્રની સેવા કરી છે અને તેથી તેનું ડિસઈન્વેસ્ટમેન્ટ કરવાથી LICનો હેતુ સેવામાં થઈ બદલાઈને નફાકારકતા થઈ જશે**




# દિલ્હીના ધારાસભ્ય અલકા લાંબા આમ આદમી પાર્ટી છોડી કોંગ્રેસમાં સામેલ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૨૭

બળવો કરવાના ત્રણ દિવસ બાદ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અલકા લાંબા કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીને મળ્યા હતા અને સત્તાવાર રીતે પાર્ટીની પ્રાથમિક સદસ્યતાથી રાજીનામું આપીને કોંગ્રેસમાં સામેલ થઈ ગયા છે. દિલ્હી વિધાનસભામાં ચાંદની ચોકના પ્રતિનિધિ લાંબાએ આપમાંથી પોતાના રાજીનામાની જાહેરાત કરી હતી અને શુક્રવારે સતત ટ્વિટ કર્યા બાદ કોંગ્રેસમાં જોડાવાની જાહેરાત કરી હતી. લાંબાએ જણાવ્યું કે, આપને અલવિદા કહેવાનો



સમય આવી ગયો છે અને પાર્ટીની પ્રાથમિક સદસ્યતાથી રાજીનામું આપી રહી છું. છેલ્લા છ વર્ષનો અનુભવ માટે ઘણું શીખવાનો હતો. તમામનો આભાર. તેમણે અરવિંદ કેજરીવાલ પર પોતાની વાત ન સાંભળવાનો આરોપ લગાવીને જણાવ્યું હતું કે, મારે કોંગ્રેસથી અંતર હોઈ શકે છે પરંતુ છેલ્લા ૨૫ વર્ષથી તેની વિચારધારા સાથે ઊભી છું. આજે મારી ઘરવાપસી થઈ છે. હું સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીનો આભાર માનું છું અને વિશ્વાસ અપાવું છું કે, એક સમર્પિત કાર્યકર તરીકે દિલ્હી અને દેશમાં પાર્ટીનો વિસ્તાર કરવાનો પ્રયાસ કરીશ.

# શશીકલાની આ વર્ષે જેલમાંથી મુક્ત થવાની શક્યતા

(એજન્સી) ચેન્નાઈ, તા.૨૭

તામિલનાડુના મુખ્યમંત્રી એડપ્પડી કે.પલાનીસમીને ગુરૂવારે તેમની સરકાર સામે કોરોના વાયરસ રોગચાળા સામે ખોટી રીતે લડવાના આક્ષેપોનો સામનો કરવો પડ્યો હતો. ત્યારે રાજ્યમાં રાજકીય ઉથલ પાથલનો તખ્તો તૈયાર રહ્યો છે. પલાની સ્વામીએ જલ્દીથી શશીકલાનો સામનો કરવો પડશે. કારણ કે, શશીકલાને વહેલા મુક્ત કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. જેમણે એક વખત તેમને રાજ્યના નેતૃત્વ માટે મુખ્ય પ્રધાન તરીકે પસંદ કર્યા હતા.



ગુરૂવારે ભાજપના પ્રવક્તા આસિરવથમ આચાર્યએ ટ્વિટ કર્યું છે કે, આ વર્ષે ૧૪ ઓગસ્ટે શશીકલાને મુક્ત કરવામાં આવશે. આચાર્યએ કહ્યું કે, તેઓને મુક્ત કરવાની તારીખ અંગે ખાતરી છે. જ્યારે પ્રારંભિક વિવિધ કાયદાકીય પ્રશ્નો અંગે સ્પષ્ટતા પૂછવામાં આવી ત્યારે આચાર્યે કોઈપણ માહિતી જણાવવાનો ઈન્કાર કરતાં કહ્યું, "હું આના પર વધુ કંઈપણ જણાવી શકતો નથી. પરંતુ મને મુક્ત થવાની તારીખ વિશે ખાતરી છે."

આચાર્ય ડૉ. સુબ્રમણ્યમ સ્વામીની નજીકના માનવામાં આવે છે, જે શશીકલાની મુક્તિ વિશે વાત કરી રહ્યા છે. ભાજપમાં ઉચ્ચ સ્થાન ધરાવતા સૂત્રોના જણાવ્યા અનુસાર, કર્ણાટક સરકારના ઉચ્ચ રાજકીય આગેવાનો દ્વારા સ્વામીને શશીકલાની માફીની યોગ્યતા અને તેમની વહેલી મુક્તિની સંભાવના અંગે માહિતી આપવામાં આવી હતી. સૂત્રો કહે છે કે, સ્વામીએ આ માહિતી આચાર્ય સાથે શેર કરી હતી, જે માહિતી તેમણે સોશિયલ મીડિયા પર મૂકી હતી.

શશીકલાને આ વર્ષની અંદર જેલમાંથી મુક્ત કરવામાં આવે તેવી સંભાવના છે. અપ્રમાણસર સંપત્તિના કેસમાં તેની જેલની મુદત ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ શરૂ થઈ હતી અને તેણે ચાર વર્ષની મુદત પૂરી કરવી પડશે. હમણાં સુધી તેણીએ તેની જેલની બે તૃતીયાંશ મુદત પૂરી કરી છે.

જો દંડની રકમ ચૂકવવામાં આવે તો શશીકલાની સાથે તેની ભાભી જે. ઈલાવરાસી અને તેના ભત્રીજા વી.એન. સુધાકરન પણ વહેલી તકે બહાર નીકળવાના પાત્ર બનશે. કર્ણાટક હાઈકોર્ટ દ્વારા ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન જે. જયલલિતા, શશીકલા, ઈલાવરસી અને સુધાકરનને ૬૬ કરોડના અપ્રમાણસર સંપત્તિના કેસમાં નિર્દોષ જાહેર કરી છોડી મુક્યા પછી સુપ્રીમ કોર્ટે તેમને ફેબ્રુઆરી ૨૦૧૭માં જેલમાં ધકેલી દીધો હતો.

# હિન્દુજા પરિવાર મિલકત માટે લડે છે : કુટુંબની ૧૧ અબજ ડોલરથી વધુ સંપત્તિ દાવ પર છે

## હિન્દુજા ભાઈઓએ એક દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા હતા જેમાં કહ્યું હતું કે, એક ભાઈની સંપત્તિ બધાની છે અને તે દરેક અન્યને તેમના વહીવટદાર તરીકે નિયુક્ત કરશે

(એજન્સી)

નવી દિલ્હી, તા.૨૭

૩૮ દેશોમાં ફેલાયેલા એક અબજ ડોલરના વ્યવસાયનું સામ્રાજ્ય જેમાં બેન્કો સામેલ છે, ભારતની બીજી સૌથી મોટી ટ્રક બનાવતી કંપની અને લુબ્રિકન્ટ બનાવતી કંપનીઓ ધરાવતો હિન્દુજા પરિવાર હવે કાનૂની વિવાદના કેન્દ્રમાં છે જે હવે લંડનની કોર્ટમાં ચાલી રહી છે. શ્રીચંદ, ગોપીચંદ, પ્રકાશ અને અશોક ચાર હિન્દુજા ભાઈઓએ ૨૦૧૪માં એક દસ્તાવેજ પર હસ્તાક્ષર કર્યા હતા જેમાં કહ્યું હતું કે, એક ભાઈની સંપત્તિ બધાની છે,અને તે દરેક અન્યને તેમના વહીવટદાર તરીકે નિયુક્ત કરશે. પરંતુ હવે કુટુંબના પિતા પ્રધાન શ્રીચંદ હિન્દુજા અને તેમની પુત્રી વિનુ ઈચ્છે છે કે, આ પત્રને 'કોઈ કાયદાકીય અસર નહીં', એમ જાહેર કરવામાં આવે અને ૨૦૧૬ની ઈચ્છા મુજબ તેના પરિવારની સંપત્તિ અલગ કરવામાં આવે.



શ્રીચંદ, ગોપીચંદ, પ્રકાશ અને અશોક ચાર હિન્દુજા ભાઈઓ(ફોટો- ટ્વિટર)

હિન્દુજા ગ્રુપે ઓટો, નાણાકીય સેવાઓ, આઈટી, મીડિયા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઉર્જા અને રસાયણો અને આરોગ્ય સંભાળ ક્ષેત્રોમાં ઝપલાવેલું છે. આ જૂથની સ્વિટ્ઝર્લેન્ડમાં છે તે બેંકના નિયંત્રણ માટે ભાઈઓ વચ્ચે તફાવત થયો છે.

કોર્ટના દસ્તાવેજો અનુસાર ગોપીચંદ, પ્રકાશ અને અશોકે ૨૦૧૪ના પત્રનો ઉપયોગ હિન્દુજા બેંકના નિયંત્રણમાં લેવાનો પ્રયત્ન કર્યો. એક સંપત્તિ જે શ્રીચંદના એકમાત્ર નામમાં હતી પરિણામે કાનૂની લડાઈ ચાલુ થઈ. વિનુ અને શ્રીચંદ હિન્દુજા હવે કોર્ટ ઈચ્છે છે કે, દસ્તાવેજની કોઈ કાનૂની કિંમત નથી અને તેને રદ કરી શકાય છે. હિન્દુજા બેંકમાં શ્રીચંદની બીજી પુત્રી વીનુ હિન્દુજા અધ્યક્ષ પદે છે અને તેમના પુત્ર કરમને ગયા અઠવાડિયે સીઈઓ તરીકે નિમણૂક કરવામાં આવ્યો છે.

તે તુરંત જાણી શકાયું નથી કે શું ૨૦૧૪ના દસ્તાવેજ, જે આ વિવાદના કેન્દ્રમાં છે, કોઈ અનૌપચારિક કરાર છે અથવા કુટુંબના બંધારણનો આધાર છે. શ્રીચંદ, ગોપીચંદ અને પ્રકાશ ત્રણ હિન્દુજા ભાઈઓ પર ૧૯૮૦ના દાયકામાં સ્વીડિશ કંપની બોફોર્સ પાસેથી ભારત માટે ભારે આર્ટિલરી ખરીદવાનો સંરક્ષણ કરાર સુરક્ષિત રાખવા માટે કમિશન લેવાનો આરોપ મૂક્યો હતો. જો કે, તેમની સામેના આરોપો કોર્ટમાં સાબિત થઈ શક્યા ન હતા અને તેઓ નિર્દોષ છૂટી ગયા હતા. ભારતનો બીજો સૌથી મોટો ટ્રક અને બસ ઉત્પાદક અશોક લેલેન્ડ હિન્દુજા ગ્રુપની મુખ્ય કંપની છે.

લુબ્રિકન્ટ ઉત્પાદક ગલ્ફ ઓઈલ લ્યુબ્રિકન્ટ્સ ઈન્ડિયા લિમિટેડ જૂથની અન્ય સૂચિબદ્ધ કંપની છે. જ્યારે પ્રમોટરોની ઈન્ડસઈન્ડ બેન્ક લિમિટેડમાં ૧૪.૩૪ ટકા હિસ્સો છે, જેનું માર્કેટકેપ ૩૩,૦૦૦ કરોડ રૂપિયા છે. કંપનીની વેબસાઈટ અનુસાર, હિન્દુજા ગ્રુપની શરૂઆત પરમાનંદ દીપચંદ હિન્દુજાએ ઈરાનમાં એક ઓફિસથી કરી હતી. 'મર્ચન્ટ બેંકિંગ અને ટ્રેડ ગ્રુપના વ્યવસાયના બે આધારસ્તંભ હતા. જૂથનું ૧૯૭૯ સુધી ઈરાનમાં મુખ્ય મથક રહ્યું. ત્યારબાદ તે યુરોપ ખસેડ્યું.' આ જૂથમાં એક બીપીઓ પણ છે, જેનું બેંગલુરૂનું મુખ્ય મથક હિન્દુજા ગ્લોબલ સોલ્યુશન્સ (એચજીએસ) છે. ડિસેમ્બર ૨૦૧૨૨માં તેણે ગલ્ફ ઓઈલ કોર્પ લિમિટેડ દ્વારા લ્યુબ અને ઔદ્યોગિક તેલ ઉત્પાદક હ્યુટન ઈન્ટરનેશનલને હસ્તગત કરી હતી.

ઈન્ડસઈન્ડ બેંક ઉપરાંત જૂથે ૧૯૯૪માં હિન્દુજા બેંક (સ્વિટ્ઝર્લેન્ડ) લિમિટેડની સ્થાપના કરી. વિજ ક્ષેત્રે તેનો ધસારો કરીને હિન્દુજા નેશનલ પાવર કોર્પ લિ.એ આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતે ૧૦૪૦ મેગાવોટનો કોલસા આધારિત મર્ચન્ટ પાવર પ્લાન્ટ સ્થાપ્યો. જૂથ એનએક્સડીટીડી ગિટલ કેબલ અને ડીટીએચ સેવાઓ પ્રદાન કરે છે. હિન્દુજા રિયલ્ટી વેન્ચર્સ (એચઆરવીએલ)એ જૂથની મુખ્ય રીઅલ એસ્ટેટ ડેવલપમેન્ટ હાથ છે જે મુંબઈમાં એક હોસ્પિટલ પણ ચલાવે છે. ચાર ભાઈઓમાં સૌથી મોટો શ્રીચંદ હિન્દુજા ગ્રુપ, સ્વિટ્ઝર્લેન્ડની હિન્દુજા બેંક અને હિન્દુજા ફાઉન્ડેશનના અધ્યક્ષ છે તેને બે પુત્રીઓ છે, શનુ અને વિનુ. ૭૯ વર્ષના ગોપીચંદ, હિન્દુજા ગ્રુપના સહ અધ્યક્ષ અને યુકેના હિન્દુજા ઓટોમોટિક લિમિટેડના અધ્યક્ષ છે, જ્યારે ૭૫ વર્ષના પ્રકાશ હિન્દુજા ગ્રુપ (યુરોપ)ના અધ્યક્ષ છે. ગોપીચંદને સંજય અને ધીરજ અને બે પુત્રીઓ છે. પ્રકાશને અજય અને રામકિશન અને પુત્રી રેણુકા છે. સૌથી નાનાભાઈ ૬૯ વર્ષના અશોક, હિન્દુજા ગ્રુપ ઓફ કંપનીઝ (ભારત)ના અધ્યક્ષ છે તેને બે પુત્રી અંબિકા અને સત્ય અને એક પુત્ર શોમ છે. એક્સચેંજને કંપનીઓએ આપેલા ડેટા મુજબ, અશોક લેલેન્ડ, ગલ્ફ ઓઈલ અને ઈન્ડસઈન્ડ બેંક, બીએસઈની સૂચિબદ્ધ ત્રણ કંપનીઓ પાસે, પરિવારની વ્યક્તિગત શેરહોલ્ડિંગ નથી. આ કંપનીઓમાં હિસ્સો ધરાવતા પ્રમોટર ગ્રુપ એન્ટિટી છે. હિન્દુજા ગ્લોબલ સોલ્યુશન્સ, બીપીઓ સેવા પ્રદાતા, એકમાત્ર ગ્રુપ કંપની છે કે, જેમાં હિંદુજા પરિવારના સભ્યો સીધા શેર ધરાવે છે. બીએસઈના ડેટા મુજબ કોઈ પણ હિન્દુજા પરિવારના સભ્યની અશોક લેલેન્ડમાં સીધો હિસ્સો નથી. આ કંપનીઓમાં પ્રત્યેક ભાઈનો કેટલો હિસ્સો છે તે જાણી શકાયું નથી. સમૃદ્ધ સૂચિમાં ભાઈઓને એક સાથે સ્થાન આપવામાં આવ્યું છે. કુટુંબની ત્રીજી પેઢીમાં વિનુ, સંજય, ધીરજ, અજય, રામકિશન (રેમિ) અને શોમ હિન્દુજા જૂથ સાથે સંકળાયેલા છે, જ્યારે શનુ, રીતુ, અંબિકા અને સત્ય હિન્દુજા આ વ્યવસાયમાં રોકાયેલા નથી. ગોપીચંદ હિન્દુજાના પુત્ર ધીરજ હિન્દુજા અશોક લેલેન્ડના અધ્યક્ષ છે. ધીરજનો ભાઈ સંજય હિન્દુજા ગલ્ફ ઓઈલના અધ્યક્ષ છે. તેમના કઝીન વિનુ, શોમ, અંબિકા અને શનુ હિન્દુજા સોલ્યુશન્સના પ્રમોટર જૂથ હેઠળ સૂચિબદ્ધ છે.

# સુરક્ષિત અને સ્ટાઈલિશ : કોવિડ-૧૯ના ફેલાવા સામે લડત આપવા એન્ટી-કોરોના વાયરસ ફેબ્રિક બનાવાયું

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૭

જો કોઈ એવું ફેબ્રિક બજારમાં આવી જાય કે, જે તમને કોરોનાના સંક્રમણથી બચાવવાની સાથે-સાથે જ સ્ટાઈલિશ લુક પણ આપી શકે તો તેનાથી વધારે સારૂં બીજું શું હોઈ શકે. તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખીને સિયારામે એન્ટી-કોરોના વાયરસ ફેબ્રિકને જુદાં-જુદાં રંગોમાં, ડિઝાઈનોમાં અને ટેક્સચરમાં ઉપલબ્ધ કરાવ્યું છે.

સિયારામે જણાવ્યા અનુસાર, આ ફેબ્રિકને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) દ્વારા અપ્રુવ્ડ લેબમાં ટેસ્ટ પણ કરવામાં આવ્યું છે.

આ ફેબ્રિકને ૨૫ વર્ષથી હેલ્થ કેરની દિશામાં કામ કરી રહેલી ઓસ્ટ્રેલિયાની કંપનીના એસોસિએશન દ્વારા બનાવવામાં આવ્યું છે. આ ફેબ્રિકને નેચરલ અને બાયોડિગ્રેડેબલ મટીરિયલમાંથી બનાવવામાં આવ્યું છે. આ



ઉપરોક્ત તસવીરમાં ફેબ્રિકના લીલા રંગના એક કાપડને જોઈ શકાય છે.

ફેબ્રિક ખૂબ જ સોફ્ટ છે, કે જે પહેર્યા બાદ આરામદાયક રહે છે. આ ફેબ્રિક આરામદાયક હોવાને કારણે તેને લાંબા સમય સુધી સરળતાથી પહેરી શકાય છે.

સિયારામ સિલ્ક મિલ્સ લિમિટેડના સીએમડી રમેશ પોદ્દારે જણાવ્યા અનુસાર, આપણું ૯૦% શરીર કપડાથી ઢંકાયેલું હોય છે. સૌથી વધુ વાયરસ આપણા કપડા પર જ ચોંટે છે, જેનાથી ઈન્ફેક્શન થવાની શક્યતા વધી જાય છે.

એવામાં જ્યારે આપણે કોરોનાના ઈન્ફેકશનથી બચવા માટે સતત સેનિટાઈઝરનો ઉપયોગ કરી રહ્યાં છીએ, સામાજિક અંતરનું પણ પાલન કરી રહ્યાં છીએ અથવા માસ્ક પહેરી રહ્યાં છીએ, તો વાયરસની અસરને ઓછી કરવા માટે આ પ્રકારનું ફેબ્રિક પહેરવાનો પ્રયાસ પણ સફળ થઈ શકે છે. આ પ્રકારના કપડા અત્યારે આપણી જરૂરિયાત બની ગયા છે.

ભારતની પ્રમુખ ટેકસટાઈલ મેન્યુફેક્ચરર આરએસડબ્લ્યૂએમ લિમિટેડે એન્ટી-વાયરલ ફેબ્રિક રેન્જ 'વાઈરોસેક્યોર'ને લોન્ચ કર્યું છે. આ ફેબ્રિકથી સાર્સ-કોવ-૨ની વિરૂદ્ધ ૩૦ મિનિટમાં સુરક્ષા મળી શકે છે. તેમાં કોરોના વાયરસ સ્ટ્રેરનની વિરૂદ્ધ ખૂબ જ એન્ટીવાયરલ ગુણ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે.

# MVA સરકાર પાંચ વર્ષ પૂર્ણ કરશે, કોવિડ -૧૯ સામેની લડાઈ માટે ગઠબંધનમાં એકતા છે : એન. સી.પી.ના અધ્યક્ષ શરદ પવાર

(એજન્સી) મુંબઈ, તા.૨૭

એન.સી.પી.ના અધ્યક્ષ શરદ પવારે ૨૬મી જૂને કહ્યું કે, શાસક એમ.વિ.એ. સરકારના ઘટક પક્ષો મહારાષ્ટ્રમાં કોવિડ-૧૯ સામેનો યુદ્ધ એકજૂટ થઈ લડી રહ્યા છે અને એન.સી.પી. મુખ્ય મંત્રી ઉદ્ધવ ઠાકરેને સંપૂર્ણ સમર્થન આપી રહી છે. એક ટી.વી.ચેનલને ઈન્ટરવ્યું આપતા પવારે કહ્યું કે, ગયા વર્ષે શિવ સેના, એન. સી.પી. અને કોંગ્રેસ ગઠબંધનની રચાયેલ સરકાર પાંચ વર્ષ ચોક્કસ પૂર્ણ કરશે. એમણે વિશ્વાસ સાથે કહ્યું કે, જો આ જ પ્રકારની રાજકીય પરિસ્થિતિ ચાલુ રહેશે અને રાજ્યમાં જો ત્રણેય પક્ષો અગામી ચૂંટણીઓ સાથે લડશે તો ચોક્કસ પણે ફરીથી સરકાર બનાવશે.

વરિષ્ઠ નેતાએ આ પ્રકારની વાતો નકારી કાઢી હતી કે, તેઓ મહા અઘાડી સરકારને રીમોટ કંટ્રોલની જેમ ચલાવી રહ્યા છે. જે સરકારમાં એમનો પક્ષ બીજા ક્રમનો મોટો પક્ષ છે. એમણે કહ્યું કે, કોવિડની પરિસ્થિતિ મુંબઈ સમેત સમગ્ર મહારાષ્ટ્રમાં મુશ્કેલીઓ ભરી હતી પણ હવે પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે. આ મહામારીના યુદ્ધ સામે અમે ત્રણેય પક્ષો એકજૂટ થઈ લડી રહ્યા છીએ. આમાં રત્તીભર પણ મતભેદ નથી. અમારી વચ્ચે સંપૂર્ણપણે સહમતિ છે.

પવારે કહ્યું કે, સરકાર ઠાકરે જ ચલાવી રહ્યા છે એમાં હું હસ્તક્ષેપ નથી કરતો. હું અન્ય પ્રવૃતિઓ કરૂં છું જયારે કટોકટી ઊભી થાય છે ત્યારે હું ત્યાં પહોંચી જાઉ છું જેમ કે, વાવાઝોડા વખતે હું ત્યાં ગયો હતો અને લોકોને વિશ્વાસ આપ્યું હતું. પવારે કહ્યું કે, ભાજપના દાવાઓ ખોટા છે જેમ કે, તેઓ કહી રહ્યા છે કે, આ સરકાર તેમના પાંચ વર્ષ પૂર્ણ નહિં કરશે. અમે પાંચ વર્ષ પૂર્ણ કરીશું એમ કોઈ શંકા જ નથી. પવારને પૂછવામાં આવ્યું કે, શું એ વાત સાચી છે કે, લોકડાઉનમાં છૂટછાટ આપવા માટે તમારા અને ઠાકરે વચ્ચે તીવ્ર મતભેદો હતા. એના જવાબમાં પવારે કહ્યું કે, હા થોડાક મતભેદો હતા. પણ એટલા બધા નહિં જે રીતે લોકો કહે છે.

# ગાયના છાણ માટે પૈસા : છત્તીસગઢે પશુધન માલિકો માટે યોજના શરૂ કરી

(એજન્સી) રાયપુર, તા.૨૭

છતીસગઢ સરકાર હવે પશુધન માલિકો પાસેથી છાણની ખરીદી કરશે અને એને ખાતરમાં પરિવર્તિત કરશે, સરકારનો આ પ્રયાસ પશુઓને ખુલ્લા ચરામણથી રોકવાનો છે અને એ સાથે પશુપાલનને નફાકીય બનાવવાનો હેતુ છે.

આ પ્રયાસ ગોધન ન્યાય યોજનાનો એક ભાગ છે. આ જાહેરાત મુખ્ય મંત્રી ભૂપેશ બઘેલે એક ઓનલાઈન પ્રેસ કોન્ફરેન્સમાં કરી હતી. યોજનાનો અમલ ૨૦મી જુલાઈથી શરૂ થશે જયારે "હરેલી" નામક સ્થાનિક તહેવારની ઉજવણી થશે.

બઘેલે કહ્યું કે, આ યોજનાના ઘણા બધા ઉદ્દેશ્યો છે જેમાં આવક પેદા કરવી અને પર્યાવરણની જાણવણી પણ છે. છતીસગઢમાં પશુઓને ચરવા માટે ખુલ્લા મૂકવાની પ્રથા છે જે પશુઓ અને ખેડૂતો પાક બંનેને નુકસાન પહોંચાડે છે. રોડ પર રખડતા પશુઓના લીધે અકસ્માતો થાય છે. મોટા ભાગે માલિકો પશુઓને દોહ્યા પછી છોડી મુકે છે જેના લીધે વિવિધ પ્રશ્નો ઉભા થાય છે. ગોધન ન્યાય યોજના લાગુ કરાયા પછી આમાં પરિવર્તન આવશે. પશુધનના માલિકો પશુઓને યોગ્ય ઘાસ ચારો આપશે અને એમને બાંધી રાખશે. ગાયની છાણ આ રીતે ભેગી કરવામાં આવશે અને ખાતરમાં પરિવર્તિત કરવા માટે વેચવામાં આવશે અને વધારાનો લાભ મેળવાશે.

બઘેલે કહ્યું કે, કોંગ્રેસ સરકાર રાજ્યમાં ગૌશાળાઓનો ઉપયોગ કરશે અને હજારો ગામોમાં જુદી-જુદી યોજનાઓ હેઠળ એમાંથી લાભ મેળવશે. આ ખાતર પછીથી ખેડૂતો અને સરકારના અન્ય વિભાગોને વેચવામાં આવશે. આ યોજનાની જાહેરાત ગુરૂવારે કરવામાં આવી છે જે એક મહિનામાં શરૂ થાવની અપેક્ષા છે. પણ આ યોજનારને અંતિમ રૂપ આપવા મુખ્ય સચિવો સમેત અન્ય સચિવોની કમિટી બનાવવાની હજુ બાકી છે. પાંચ સભ્યોની આ કમિટીના અધ્યક્ષ તરીકે કૃષિ અને પાણી મંત્રી રવીન્દ્ર ચૌબે હશે. જેઓ છાણની કિંમત નિર્ધારિત કરશે.

બઘેલે ખેડૂતો, પશુધન માલિકો, ગૌશાળા ધારકો અને બૌદ્ધિકોને વિંનતી કરી છે કે, તેઓ આ યોજના વિષે પોતાના મંતવ્યો જણાવે.

# "ઘૂસણખોરી થઈ નથી" તેવા વડાપ્રધાન મોદીના નિવેદને તેમને ચીનમાં પ્રખ્યાત કરી દીધા : પૃથ્વીરાજ ચવ્હાણ

### લદ્દાખમાં ચીનની સેનાની ઘૂસણખોરી ગંભીર ચિંતાનો વિષય છે : મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગી નેતા

(એજન્સી) મુંબઈ, તા.૨૭

કોંગ્રેસના વરિષ્ઠ નેતા પૃથ્વીરાજ ચવ્હાણે શુક્રવારે વડાપ્રધાન મોદી પર કટાક્ષ કરતાં કહ્યું હતું કે ભારતીય વિસ્તારમાં કોઈએ ઘૂસણખોરી કરી નથી તેવી તેમની ટિપ્પણીએ તેમને ચીનમાં લોકપ્રિય બનાવી દીધા છે. એક પત્રકાર-પરિષદને સંબોધિત કરતી વખતે મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રીએ આક્ષેપ કર્યો હતો કે વડાપ્રધાનની કોઈ ઘૂસણખોરી થઈ ન હોવાની ટિપ્પણીના કારણે ભારતીય સશસ્ત્રદળોનું મનોબળ તૂટી ગયું છે. વડાપ્રધાન મોદીની ટિપ્પણીને ટાંકીને ચવ્હાણે કહ્યું હતું કે, ચીન વડાપ્રધાન મોદીના નિવેદનની પ્રશંસા કરે છે. તેઓ ત્યાં લોકપ્રિય બની ગયા છે. ચવ્હાણે કહ્યું હતું કે ગલવાન ખીણમાં ઘટેલી ઘટના અંગે સરકારની અંદર જ મતભેદો પ્રર્વતે છે. વિદેશમંત્રી ચીનના સૈનિકોની હાજરીની વાત સ્વીકારે છે જ્યારે સર્વપક્ષીય બેઠકમાં વડાપ્રધાન મોદી કહે છે કે, કોઈ ઘૂસણખોરી થઈ નથી. તેમણે કહ્યું હતું કે, અમે ગલવાન ખીણમાં ચીનની ઘૂસણખોરી અંગે ચિંતિત છીએ અને સરહદ પર તૈનાત જવાનો પર અમને ગર્વ છે.

# બોલો.. ૬૦,૦૦૦ની સ્કૂટીના વીઆઈપી નંબર માટે ૧૮ લાખ ખર્ચ્યા...!!

(એજન્સી) શિમલા, તા.૨૭

કોરોના સંક્રમણ અને લોકડાઉન વચ્ચે લોકોની આર્થિક હાલત ખરાબ છે ત્યારે ટુ વ્હીલરના મનગમતા નંબર માટે લાખો રુપિયાની બોલી પણ લાગી છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે હિમાચલ પ્રદેશના કાંગડામાં રાહુલ પૈમ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના નામે ખરીદવામાં આવેલી સ્કૂટી માટે એચપી-૯૦-૦૦૦૯ નંબર લેવા માટે કંપનીએ ૧૮ લાખ રુપિયાની બોલી લગાવી હતી. વીઆઈપી નંબર માટે ઓનલાઈન હજારી કવામાં આવી હતી અને એક સપ્તાહ સુધી તે ચાલી હતી. કંપનીએ આ નંબર ૧૮ લાખ રુપિયાની બોલી લગાવીને ખરીદી લીધો હતો. હવે ત્રણ દિવસમાં કંપનીએ આ રકરમ આરટીઓમાં જમા કરાવવી પડશે. જોકે આ હરાજીમાં કેટલાક લોકો એવા પણ હતા જેમણે ૧૦થી ૧૫ લાખ રૂપિયા નંબર માટે આપવાની તૈયારી બતાવી હતી. જોકે છેવટે આ કંપનીએ નંબર ખરીદવા માટે ૧૮ લાખ રુપિયા આપવાની તૈયારી બતાવ્યા બાદ બીજા લોકો પાછા હટી ગયા હતા.

# નવી મુંબઈમાં ફરી એકવાર લાગુ થશે એક અઠવાડિયાનું લોકડાઉન

(એજન્સી) મુંબઇ, તા.૨૭

સમગ્ર દેશમાં લોકડાઉન હળવું કર્યા બાદ સંક્રમિતોની સંખ્યામાં વધારો થયો છે. એવામાં દેશમાં સૌથી વધારે સંક્રમિત દર્દી ધરાવાતા મહારાષ્ટ્ર રાજ્યમાં પણ રોગિઓની સંખ્યામાં વધારો થતો જોવા મળી રહ્યો છે. મહારાષ્ટ્રમાં પણ લોકડાઉનમાં હળવાશ આપવાને કારણે નવી મુંબઈમાં રોગીઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. નવી મુંબઈમાં લોકોની ચિંતા વધવાને કારણે શહેરમાં ૧૦ કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવાનો નિર્ણય નવી મુંબઈ મહાનગરપાલિકાએ લીધો છે. આ કન્ટેનમેન્ટ ઝોનમાં આવશ્યક સેવાઓને છોડીને તમામ પ્રકારની દુકાનો બંધ રાખવામા આવશે. મહાનગરપાલિકાએ આદેશ આપ્યો છે કે, રોગીઓની સંખ્યા વધવાને કારણે ૨૯ જૂનથી ૫ જુલાઈ સુધી લોકડાઉન લાગુ કરવાનો આદેશ જાહેર કર્યો છે.

# અમાનવીય કૃત્ય : ૩ રૂપિયા અને ૪૬ પૈસાની બેંક લોન ચૂકવવા ખેડૂત ૧૫ કિમી ચાલીને ગયો...!!!!

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૨૭

કર્ણાટકના શિમોગા જિલ્લામાં રહેતો એક ખેડૂત બેંકની લોન ચુકવવા માટે પોતાના ઘરથી બેંક સુધી ૧૫ કિલોમીટર ચાલ્યો હતો અને બેંકમાં પહોંચ્યા બાદ તેને લોનની બાકી રકમની ખબર પડી ત્યારે તેની આંખો પહોળી થઈ ગઈ હતી.

આ વિચિત્ર કિસ્સા અંગે મળતી વિગતો પ્રમાણે શિમોગા જિલ્લાના રહેવાસી આમદે લક્ષ્મીનારાયણ પર નજીકના શહેરની કેનેરા બેંકની શાખામાંથી ફોન આવ્યો હતો. જેમાં કહેવાયું હતું કે, તમારી લોનની બાકી રકમ તરત જ ચુકવી દો. જોકે બેંકે કેટલાની લોન બાકી છે અને કેટલા સમયમાં ચુકવવાની છે તેની જાણકારી આપી નહોતી.

જંગલ વિસ્તારમાં રહેતો લક્ષ્મીનારાયણ બેંકના આ ફોનથી ગભરાઈ ગયો હતો. તે તરત જ બેંકમાં જવા માટે નીકળ્યો હતો. જોકે લોકડાઉનના કારણે તેને બસ મળી નહોતી. આમ તે ૧૫ કિલોમીટર ચાલીને બેંક સુધી પહોંચ્યો હતો. બેંકમાં પૂછપરછ કરી ત્યારે તેને જવાબ મળ્યો હતો કે, લોનની બાકી રકમ ૩ રૂપિયા અને ૪૬ પૈસા છે. આ વાત સાંભળીને ખેડૂત હેરાન થઈ ગયો હતો. લક્ષ્મીનારાયણે તરત જ આ રકમ ભરી દીધી હતી.

તેનું કહેવું હતું કે, મેં બેંકમાંથી ૩૫૦૦૦ની લોન લીધી હતી. ૩૨૦૦૦ રૂપિયા સરકારે માફ કર્યા હતા. એ પછી તાજેતરમાં મેં ૩૦૦૦ રૂપિયાની બાકી રકમ ભરી હતી. એ પછી પણ બેંકે લોન ક્લીયર કરવા માટે ફોન કરતા હું ગભરાઈ ગયો હતો. ગભરાટમાં જ હું બેંકમાં જવા નીકળી ગયો હતો. પણ જયારે બેંકમાં બાકી રકમનો આંકડો સાંભળ્યો ત્યારે મને ઝાટકો લાગ્યો હતો.

બીજી તરફ બેંકનું કહેવું છે કે, લોન ક્લીયર કરવાની કામગીરી ચાલી રહી છે અને આ માટે ખેડૂતની સહી જરૂરી હોવાથી તેને ફોન કરવામાં આવ્યો હતો.

# જમ્મુ-કાશ્મીરમાં ૪.૪ની તીવ્રતાના અનુભવાયા ભૂકંપના આંચકા

(એજન્સી) શ્રીનગર, તા.૨૭

કેન્દ્ર શાસિત પ્રદેશો જમ્મુ-કાશ્મીરમાં શનિવારે ભૂકંપના આંચકા અનુભવાયા છે. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૪ માપવામાં આવી છે. ભૂકંપનું કેન્દ્ર જમ્મુ-કાશ્મીરના હનેલેથી ૩૩૨ કિ.મી. પૂર્વ દિશામાં નોંધાયું છે. આ વાતની પુષ્ટિ કરતાં નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ જણાવ્યું હતું કે ભૂકંપ આજે બપોરે ૧૨.૩૨ વાગ્યે આવ્યો હતો. જો કે, હજી સુધી કોઈ નુકસાનની જાણ થઈ નથી. આ પહેલા શુક્રવારે રાત્રે લદ્દાખમાં ૪.૫ ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રાષ્ટ્રીય સિસ્મોલોજી (એનસીએસ) કેન્દ્રએ જણાવ્યું હતું કે ભૂકંપ રાત્રે આઠ વાગ્યે આવ્યો હતો, જેનું કેન્દ્ર ૨૫ કિલોમીટરની ઊંડાઈ પર હતું. ભૂકંપને કારણે કોઈ નુકસાન થયું નથી. હવામાન વિભાગે જણાવ્યું કે ભૂકંપનું કેન્દ્ર લદ્દાખ હતું અને આંચકાઓ કાશ્મીર ખીણના મોટાભાગના ભાગોમાં અને જમ્મુના કિશ્તવાડ અને ડોડામાં અનુભવાયા હતા. આપને જણાવી દઈએ કે હિમાલયનો પ્રદેશ ભૂકંપ પ્રત્યે ખૂબ સંવેદનશીલ છે.

### પેટ્રોલ-ડીઝલની કિંમતો ૧૦૦ને પાર

# પાકિસ્તાનમાં એક જ દિવસમાં પેટ્રોલમાં લિટરે ૨૫ અને ડીઝલમાં ૨૧ રૂપિયાનો વધારો

(એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૭

પાકિસ્તાનમાં મોંઘવારી ચરમસીમાએ છે. લોકોને આ મોંઘવારીમાં ભોજનના ફાંફા પડી ગયા છે બરાબર તેવા સમયે જ ઈમરાન સરકારે ક્રૂડ ઓઈલની આંતરરાષ્ટ્રીય કિંમતોમાં વધારા બાદ તમામ પેટ્રોલિયમ ઉત્પાદનોની કિંમતોમાં લગભગ ૨૬ રૂપિયાનો વધારો ઝીંકી દીધો છે. પાકિસ્તાનના નાણા વિભાગના જણાવ્યા અનુસાર પેટ્રોલ (મોટર સ્પીરિટ)માં એક સાથે ૨૫.૫૮ રૂપિયાનો વધારો ઝીંકી દેવામાં આવતાં તે ૧૦૦ રૂપિયાને કાર કરી ગયું છે. આ પહેલાં પેટ્રોલની કિંમત ૭૪.૫૨ રૂપિયા પ્રતિલીટર હતી. બીજી બાજુ હાઈડીઝલની કિંમતમાં ૨૧.૩૧ રૂપિયાનો વધારો કરાયો છે જેના કારણે હવે ડીઝલ રૂા.૧૦૧.૪૬માં મળશે. યારે લાઈટ ડીઝલની કિંમતમાં ૧૭.૫૫ રૂપિયાનો વધારો થવાથી હવે લોકોને તે ૫૫.૯૮ રૂપિયા પ્રતિ લીટરના દરથી ખર્ચ કરવાના થશે. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાનમાં ઈંધણની કિંમતોમાં વધારાની જાહેરાત અનૌપચારિક રીતે કરવામાં આવી છે કેમ કે પાછલા મહિને સંશોધિત કરાયેલી કિંમતો ૩૦ જૂન સુધી લાગુ રાખવાની વાત કરવામાં આવી હતી. નવી કિંમતો સામાન્ય રીતે મહિનાના અંતિમ દિવસે જાહેર કરવામાં આવે છે અને ૧૨ વાગ્યા બાદ તે લાગુ થાય છે પરંતુ આ પ્રથાથી વિપરિત આ વખતે સંશોધિત કિંમતોની જાહેરાત કરાઈ તે જ દિવસથી તે અમલી પણ બની ગઈ હતી. સરકારના આ પગલાંએ લોકોને આર્યમાં મૂકી દીધા છે.

### રાજ્યમાં પ્રવેશ કરનારાઓએ ૧૪ દિવસ હોમ કવોરેન્ટાઈન રહેવું પડશે

# ગોવામાં કોરોનાનું કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઈ ગયું છે : પ્રમોદ સાવંત

(એજન્સી) પણજી, તા.૨૭

દેશભરમા કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. કોરોનાને લઈને ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે કહ્યું કે, રાજ્યમા હવે કોરોનાનું કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઇ ગયું છે. કોરોના વાયરસના નવા કેસ રાજ્યના વિવિધ ભાગોમાથી ઝડપથી સામે આવી રહ્યા છે.

મુખ્યમંત્રીએ વધુમા જણાવ્યું કે, અમે સ્વીકાર કરીએ છીએ કે, રાજ્યમા કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઇ ગયું છે પરંતુ સંક્રમણની જાણકારી કેટલાક સામાન્ય લક્ષણોથી મળી જાય છે. રાજ્ય સરકારમાં છેલ્લા કેટલાક દિવસથી કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઇ ગયું છે. જેના કારણે રાજ્યમા પ્રવેશ કરનાર લોકોએ પોતાનો કોરોના ટેસ્ટ કરવવાનો રહેશે તેમજ ૧૪ દિવસ માટે હોમ કવોરેન્ટાઈન રહેવું પડશે. વાસ્કોમાં મંગોર હિલ અને સત્તારી તાલુકામાં મોરલેમ ગામ કન્ટેન્મેન્ટ ઝોન છે જ્યારે રાજ્યમા કેટલાક નાના કન્ટેન્મેન્ટ ઝોન છે. ગોવામાં ૧૦૩૯ પોઝીટીવ કેસો સામે આવ્યા છે. જ્યારે ૪૪ નવા કેસો અને ૨ લોકોના કોરોનાથી મોત થયા છે તેમજ ૩૭૦ લોકો સાજા થયા છે અને ૬૬૭ પોઝિટિવ કેસ છે. અત્યાર સુધી કોરોના વાઈરસના ૬૦,૩૦૫ ટેસ્ટ થયા છે.

# આસામમાં પૂરથી વિકટ સ્થિતિ : ૧૬નાં મોત, ૨.૫૩ લાખ લોકો અસરગ્રસ્ત

(એજન્સી) ગુવાહાટી, તા.૨૭

મોનસૂન અસમ પહોંચ્યા બાદ ગત થોડા દિવસોથી મૂશળાધાર વરસાદ થઈ રહ્યો છે અને તેના લીધે રાજ્યમાં પુરની સ્થિતિ આવી ગઈ છે. અસમના ૧૬ જિલ્લામાં ૭૦૪ ગામ પુરની ચપેટમાં આવી ગયા છે. બ્રહ્મપુત્ર નદી ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે. અસમના મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલએ પણ જિલ્લામાં સૂચના આપી દીધી છે કે પ્રભાવિત વિસ્તારોમાં રાહતકાર્ય તેજ કરવાના નિર્દેશ આપ્યા છે. અસમમાં વધુ એક મોત થયા બાદ મોતની સંખ્યા વધીને ૧૫ થઈ ગઈ છે. રાજ્યમાં ધેમાજી સર્વાધિક પ્રભાવિત જિલ્લો છે અને ત્યારબાદ તિનસુકિયા, માજુલી અને ડિબ્રૂગઢ પણ પ્રભાવિત છે. અસમ એએસડીએમએના દૈનિક રિપોર્ટ અનુસાર ડિબ્રૂગઢમાં વધુ એક વ્યક્તિનું મોત થયું છે. અધિકારીઓએ કહ્યું કે બ્રહ્મપુત્ર નદી અને તેની સહાયક નદીઓ ઘણા સ્થળો પર ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે અને તેના લીધે ધેમાજી, લખીમપુર, વિશ્વનાથ, ઉદલગુડી, દરંગ, બક્સા, કોકરાઝાર, બારપેટા, નાગાંવ, ગોલાઘાટ, જોરહાટ, માજુલી, શિવસાગર, ડિબ્રૂગઢ અને તિનસુકિયા જિલ્લા પૂરથી પ્રભાવિત થયા છે. એએમડીએએમએ કહ્યું જિલ્લા વિભાગોમાં છ જિલ્લામાં ૧૪૨ રાહત શિબિર અને વિતરણ કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યા છે, જ્યાં ૧૯,૦૦૦થી વધુ લોકો વસવાટ કરે છે.

# HRD મંત્રાલયની સ્પષ્ટતા : ધો.૧૦ના વિદ્યાર્થીઓ માટે હવે કોઈ પરીક્ષા નહીં યોજાય

(એજન્સી) તા.૨૭

કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલયે શુક્રવારે સ્પષ્ટતા કરી હતી કે, ધો.૧૦ના વિદ્યાર્થીઓ માટે હવે કોઈ પરીક્ષા યોજવામાં નહીં આવે અને મૂલ્યાંકન યોજનાના આધારે CBSEએ જાહેર કરેલા પરિણામને અંતિમ ગણવામાં આવશે. મંત્રાલયે એક ટ્વિટમાં કહ્યું હતું કે, " કેટલાક મીડિયા પ્લેટફોર્મ ખોટું રિપોટિંગ કરી રહ્યાં છે કે, જો ધો.૧૦ના વિદ્યાર્થીઓમાં અસંતોષ હશે તો ફરી પરીક્ષા યોજાશે. આ સ્પષ્ટતા કરવામાં આવે છે કે, ધો. ૧૦ના વિદ્યાર્થીઓ માટે કોઈ પરીક્ષા યોજવામાં નહીં આવે અને CBSE દ્વારા જાહેર કરવામાં આવેલા પરિણામને અંતિમ ગણવામાં આવશે."

# અબ્દુલ કલામને આદર્શ માનતો યુપી બોર્ડ ધો.૧૨માં બીજો ક્રમ મેળવનાર વિદ્યાર્થી આઈએએસ અધિકારી બનવાની આકાંક્ષા ધરાવે છે



આ વર્ષે યુપી બોર્ડ ધો.૧૦ની પરીક્ષામાં બીજો ક્રમ મેળવનાર પ્રાંજલસિંઘ.

(એજન્સી) તા.૨૭

ભારતના 'મિસાઈલમેન' અને પૂર્વ રાષ્ટ્રપતિ મર્હૂમ એ.પી.જે અબ્દુલ કલામને પોતાના આદર્શ માનતા પ્રાંજલસિંઘે યુપી બોર્ડની ઉચ્ચત્તર માધ્યમિક પરીક્ષામાં બીજો ક્રમ મેળવ્યો હતો. તેનો સ્વપ્ન આઈએએસ અધિકારી બની દેશની સેવા કરવાનો છે. ૧૬ વર્ષીય પ્રાંજલ પ્રયાગરાજ જિલ્લામાં આવેલા કોરાંવના ગ્રામીણ વિસ્તારનો રહેવાસી છે. તેણે ૨૦૧૮માં યુપી બોર્ડ હાઈસ્કૂલની પરીક્ષામાં ૯૩.૮૩ ટકા સામે પાંચમો ક્રમ મેળવ્યો હતો. કોરાંવના સિકારો ગામમાં આવેલી સરદાર પટેલ ઈન્ટરમિડિએટ કોલેજના વિદ્યાર્થી પ્રાંજલે કહ્યું હતું કે, તેણે ધો.૧૨ બોર્ડની પરીક્ષા માટે શાળા ઉપરાંત ઘરે પણ અભ્યાસ માટે સરેરાશ છ કલાક ફાળવ્યા હતા. તેણે કહ્યું હતું કે, તેના પિતા અવધેશકુમારસિંઘ એ જ કોલેજના પ્રિન્સિપાલ છે. તેમણે મને અભ્યાસ માટે પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યું હતું. હવે પ્રાંજલનું લક્ષ્યાંક બી.એ. પાસ કરી સનદી અધિકારી બનવાનું છે. પ્રાંજલે કહ્યું હતું કે, હું માનું છું કે, આઈએએસ અધિકારી બની ગ્રામીણ વિસ્તારોનો વિકાસ કરી શકાશે અને દેશની સેવા કરી શકાશે. આ જ કારણસર હું યુપીએસસીની પરીક્ષા પાસ કરવા માંગુ છું અને મારા આદર્શ એ.પી.જે. અબ્દુલ કલામની જેમ માૃતભૂમિની પ્રગતિમાં ફાળો આપવા માંગું છું.

# CSIRના સ્કોલરોની ફરિયાદ : ઘણા મહિનાથી અમને સ્ટાઈપેન્ડ મળ્યું નથી

### આ મહિનાના અંત સુધીમાં સ્કોલરોને એપ્રિલ સુધીના પૈસા ચૂકવી દેવામાં આવશે : CSIRના ડાયરેકટર જનરલ

(એજન્સી) તા.૨૭

જયારથી લોકડાઉનની શરૂઆત થઈ ત્યારથી કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ (સીએસઆઈઆર)એ તેના સેંકડો રિસર્ચ સ્કોલરોને સ્પાઈપેન્ડ ચૂકવ્યું નથી. દેશભરમાં સીએસઆઈઆરના ૮૦૦૦થી ૮૫૦૦ ફેલો કામ કરે છે. આમાંથી કેટલાક રાજ્યની યુનિ.ઓમાં છે જયારે બાકીના સરકારી સંસ્થાઓમાં કામ કરે છે. ભૂતકાળમાં સીએસઆઈઆર તેના ફેલો ધરાવતી સંસ્થાઓને ઉચક રકમ આપી દેતી હતી જેને તેના સ્કોલરો વચ્ચે વહેંચી દેવામાં આવતી હતી. ૨૦૧૭માં આ નક્કી કરવામાં આવ્યું હતું કે, આ રકમ સીધા સ્કોલરને ચૂકવી દેવામાં આવશે. આ ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફર સ્કીમ હેઠળ સ્કોલરોને વચન આપવામાં આવ્યું હતું કે, તેમને ચોક્કસ સમયે પૈસા મળી જશે પરંતુ તેનું પાલન થયું ન હતું ત્યારબાદ લોકડાઉન પણ આ સમસ્યાનો હિસ્સો બની ગયો હતો. રિસર્ચ સ્કોલર્સ ઓફ ઈન્ડિયાના કો-ઓર્ડિનેટર અને રાષ્ટ્રીય પ્રતિનિધિ નીખીલ ગુપ્તાએ કહ્યું હતું કે, હું સીએસઆઈઆર ફેલો તરીકે પોતાને જવાબદારી ગણું છું પરંતુ મારો અનુભવ સારો નથી. તેમણે કહ્યું હતું કે, તેમને કયારેય પણ તેમની ફેલોશીપ સમય પર મળી નથી. તેમણે કહ્યું હતું કે, ત્રણ મહિનાનો વિલંબ ખૂબ જ સામાન્ય છે પરંતુ કેટલાક અન્ય સ્કોલરોને એક વર્ષ સુધી રાહ જોયા પછી પૈસા મળે છે. હાલમાં સીએસઆઈઆર આ વર્ષે માર્ચ સુધી બાકી રહેતી ૯૦ ટકા રકમ ચૂકવવાની તૈયારી કરી રહી છે. ૮ જૂનના રોજ એક સરક્યુલરમાં સીએસઆઈઆરએ કહ્યું હતું કે, બાકી રહેલું દસ્તાવેજી કાર્ય પૂરું થઈ જાય ત્યારબાદ બાકી નીકળતી રકમ ચૂકવી દેવામાં આવશે. સીએસઆઈઆરના ડાયરેકટર જનરલ શેખર મન્દેએ કહ્યું હતું કે, આ મહિનાના અંત સુધીમાં એપ્રિલ સુધીની રકમ ચૂકવી દેવાનો અમારો લક્ષ્યાંક છે.

# શરમજનક ! કોરોનાથી થયું વૃદ્ધનું મોત, અધિકારીઓ જેસીબીમાં લઈ ગયા મૃતદેહ

(એજન્સી) અમરાવતી,તા.૨૭

આંધ્ર પ્રદેશમાં કોરોના વાયરસ સંક્રમિત દર્દી સાથે અમાનવીય વ્યવહારની ઘટના સામે આવી છે. શ્રીકાકુલમ જિલ્લામાં ૭૨ વર્ષના એક વૃદ્ધનું કોરોના સંક્રમણને લીધે મોત થઈ ગયું, જેમના મૃતદેહને ઘરથી સ્મશાન સુધી જેસીબી મશીનમાં લઈ જવામાં આવ્યો. આ ઘટનાનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે.

આંધ્ર પ્રદેશના શ્રીકાકુલમ જિલ્લાના પલાસા ટાઉનમાં રહેનારા એક વૃદ્ધ વ્યક્તિને ડોર ટૂ ડોર સર્વે દરમિયાન કોરોના પોઝિટિવ નોંધવામાં આવ્યા હતા. તે નગર નિગમના પૂર્વ કર્મચારી હતા. તેમણે ઘરે જ દમ તોડી દીધો. પાડોશીઓ દ્વારા વાંધો ઉઠાવવામાં આવતા તેમની દોહિત્રીએ નિગમ તંત્રમાં ફોન કર્યો.

સૂચના મળ્યા બાદ અધિકારી જેસીબી મશીન લઈને આવ્યા અને મૃતકના શરીરને લઈ ગયા. વાયરલ તસવીરો અને વિડીયોમાં મૃતદેહને જેસીબીના આગળના ભાગમાં જોઈ શકાય છે. બીજી તરફ નિગમ કર્મચારી પીપીઇ કિટ પહેરી પર્સનલ પ્રૉટેક્શન સાથે જ સજ્જ જોવા મળ્યા. થોડા દિવસ પહેલા પણ આ જ જિલ્લામાં કોરોના મૃતકની બૉડીને ટ્રેક્ટર વડે લઈ જવાનો કિસ્સો સામે આવ્યો હતો.

ઘટના સામે આવતા વિપક્ષે તેની આલોચના કરી છે. બીજી તરફ મુખ્યમંત્રી વાય.એસ.જગનમોહન રેડ્ડીએ આને 'અમાનવીય ઘટના' ગણાવતા કડક કાર્યવાહી કરવાની વાત કરી છે. તેમણે કહ્યું કે, આવા કેસમાં ડીલ કરવાના પ્રોટોકૉલ સ્પષ્ટ છે. પીડિતને શિફ્ટ કરવા માટે જરૂરી પ્રોટોકૉલ્સ ફોલો કરવામાં આવ્યા નથી.

# POKના એરબેઝનો ચીનની એરફોર્સના વિમાનો ઉપયોગ કરી રહ્યાં છે

(એજન્સી) નવી દિલ્હી,તા.૨૭

લદ્દાખ મોરચે ચીન જયારે ભારતને ઘેરવા માટે પ્રયત્નો કરી રહ્યું હોય ત્યારે ભારતનું કટ્ટર દુશ્મન પાકિસ્તાન ચૂપ રહે તે વાતમાં માલ નથી.

ચીનને આ માટે પાકિસ્તાનનો સાથ મળી રહ્યું છે. પાકિસ્તાનના કબ્જા હેઠળના કાશ્મીરમાં પણ ચીનની એરફોર્સ પોતાના વિમાનો તૈનાત કરી રહી હોવાનું મનાઈ રહ્યું છે. તાજેતરમાં ચીનનું હવામાં ફાઈટર જેટ્સને ફ્યુલ ભરી આપતું એક વિમાન સ્કાર્દૂ એરબેઝ પર લેન્ડ થયું હતું. પીઓકેમાં આવેલુ સ્કાર્દૂ એરબેઝ ભારતના લેહ એરબેઝથી ૧૦૦ કિલોમીટર જ દૂર છે.

એલએસીની બીજી તરફ ચીનના ફાઈટર જેટ્સની હીલચાલ વધી ગઈ છે. જેને લઈને ભારતના નિષ્ણાતો એવી આશંકા વ્યક્ત કરી રહ્યા છે કે, ચીનની એરફોર્સ પાકિસ્તાનના એરબેઝનો ભારત સામે ઉપયોગ કરી શકે છે.

ગયા વર્ષે ઓગષ્ટ મહિનામાં પાકિસ્તાન અને ચીનની એરફોર્સના યુદ્ધ વિમાનોએ સંયુક્ત યુદ્ધાભ્યાસ કર્યો ત્યારે પણ આ માટે લદ્દાખ નજીકનો વિસ્તાર પસંદ કરાયો હતો. લદ્દાખ મોરચે કેટલાય દિવસોથી ભારત અને ચીનની સેના આમને સામને છે. જેના પગલે ભારતીય એરફોર્સ પણ એલર્ટ પર છે. વાયુસેનાના વિમાનો વધારાના સૈનિકો અને સામાન પહોંચાડવા માટે સતત ઉડાનો ભરી રહ્યા છે. બીજી તરફ ચીને પોતાના શિનજિયાંગ પ્રાંતમાં હોટાન એરબેઝ પર વધારાના સુખોઈ-૨૭ વિમાનો તૈનાત કર્યા છે. ભારત તેના પર નજર રાખી રહ્યું છે.

### રાજ્યમાં છેલ્લા સપ્તાહમાં રિકવરી રેટ અને ડબલીંગ રેટમાં વધારો થયો હોવાનો સરકારનો દાવો !

# કોરોનાનો વધતો કોપ : રાજ્યમાં રેકર્ડબ્રેક ૬૧૫ કેસ, વધુ ૧૮નાં મોત !

## રાજ્યભરમાં કોરોના પોઝિટિવ કેસોનો આંક ૩૦૭૭૪, કુલ ૧૭૯૦ મોતને ભેટ્યા !

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૭

રાજ્યમાં અનલોક-૧ની છૂટછાટ દરમિયાન કોરોના મહામારીનો કહેર દિન-પ્રતિદિન વધી રહ્યો છે. ઉત્તરોત્તર વધતા જતાં પોઝિટિવ કેસ સરકારી તંત્ર માટે પડકારો સર્જી રહેલ છે. તેમાં પણ છેલ્લા સપ્તાહમાં તો વિસ્ફોટક પ્રમાણમાં ૫૫૦થી વધુ કેસો બહાર આવી રહ્યા છે. જેમાં આજે તો રાજ્યભરમાં અત્યાર સુધીમાં સૌથી વધુ રેકર્ડબ્રેક ૬૧૫ વિસ્ફોટક પોઝિટિવ કેસ બહાર આવવા પામેલ છે. જ્યારે કોરોનામાં મૃત્યુનું પ્રમાણ થોડું ઘટતા આજે ૧૮ વ્યક્તિઓના કરૂણ મોત નિપજ્યા છે. બીજી તરફ રાજ્યમાં કોરોનામાંથી સાજા થનારામાં આજે થોડો ઘટાડો જોવા મળતાં ૩૭૯ દર્દીઓ કોરોનાની સારવાર દરમિયાન સાજા થઈને ઘરે ગયેલ છે.

રાજ્યભરમાં કોરોનાનો વ્યાપ વધવા સાથે કોરોના પોઝિટિવ કેસોમાં વધારો નોંધાઈ રહ્યો છે ત્યારે સરકાર દ્વારા છેલ્લા સપ્તાહમાં રાજ્યમાં રિકવરી રેટ અને ડબલીંગ રેટમાં વધારો થયો હોવાનો દાવો કરાઈ રહ્યો છે. જો કે, રાજ્યમાં છેલ્લા બે-ચાર દિવસોમાં કોરોનાને લીધે થતાં મૃત્યુના પ્રમાણમાં થોડો ઘટાડો જરૂર જોવા મળી રહ્યો છે. રાજ્યભરમાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૧૮ વ્યક્તિઓના

## કોરોના હબ અમદાવાદમાં મોત ઘટ્યા : ૧૨ મોત સાથે કોરોનામાં કુલ ૧૪૧૧એ જીવ ગુમાવ્યા !

મૃત્યુ થયા છે જેમાં અમદાવાદ જિલ્લામાં પણ ઘટાડો થતાં ૧૨ વ્યક્તિઓ મોતને ભેટી છે તે પછી સુરતમાં ૨ તથા રાજકોટ, ગાંધીનગર-બોટાદ, જૂનાગઢ જિલ્લામાં ૧-૧ વ્યક્તિના મૃત્યુ નિપજેલ છે. આ સાથે રાજ્યભરમાં અત્યાર સુધીમાં કોરોનાને લીધે કુલ ૧૭૯૦ લોકોનાં મોત થયેલ છે. જ્યારે કોરોના હબ એવા અમદાવાદમાં આજના મોત સાથે કુલ કોરોનાનો મૃત્યુઆંક ૧૪૧૧ થવા પામેલ છે.

રાજ્યભરમાં અત્યાર સુધીમાંનો સૌથી વધુ રેકર્ડબ્રેક ૬૧૫ નવા કોરોનાના દર્દી આજે નોંધાયા છે જેમાં અમદાવાદ જિલ્લામાં ઘટાડો જારી રહેતાં ૨૧૧ કેસ નોંધાયા છે. જ્યારે સુરત જિલ્લામાં આજે પણ કેસોમાં ભારે ઉછાળો જારી રહેતાં ૧૮૪ નવા કેસ નોંધાયા છે. વડોદરામાં ૪૭ કેસ, નવસારીમાં ૨૧, મહેસાણા-૧૬, ભાવનગર-૧૪, રાજકોટ-૧૨, આણંદ-કચ્છમાં ૧૧-૧૧ કેસ તથા ગાંધીનગર-૯ કેસ, ભરૂચ-૮, સાબરકાંઠા-સુરેન્દ્રનગર-છોટાઉદેપુર-જામનગરમાં ૭-૭ કેસ તેમજ અરવલ્લી-પંચમહાલ-વલસાડમાં ૫-૫ કેસ, જૂનાગઢમાં ૪ કેસ અને ખેડા-નર્મદા-અમરેલી-મોરબીમાં ૩-૩ કેસ તથા સાતથી આઠ જિલ્લામાં એકથી બે કેસ નોંધાવવા પામેલ છે. આમ રાજ્યભરના ત્રણેક જિલ્લાને બાદ કરતાં ત્રીસેક

## કોરોનામાંથી સાજા થવાના મામલામાં આંશિક ઘટાડો : ૩૭૯ દર્દીઓ સાજા થયા !

જિલ્લામાં કોરોનાના કેસ બહાર આવેલ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધીમાં કોરોના પોઝિટિવ કેસ ૩૦૭૭૪ થવા પામેલ છે તો અમદાવાદમાં કોરોનાનો કુલ આંક ૨૦૨૬૯ પર પહોંચ્યો છે.

રાજ્યમાં બીજી તરફ કોરોનામાંથી સાજા થવાના મામલાથી થોડીક રાહત છે. જેમાં ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનામાંથી સાજા થવાના મામલામાં થોડોક ઘટાડો જોવા મળતા કુલ ૩૭૯ દર્દી સાજા થવા પામેલ છે. જેમાં અમદાવાદ જિલ્લામાં ૨૧૮ દર્દી, સુરતમાં ૬૯, વડોદરામાં ૧૦, જામનગરમાં ૧૩, ગાંધીનગરમાં ૧૨, સુરેન્દ્રનગરમાં ૯, આણંદ-અરવલ્લીમાં ૮-૮ દર્દી, ભરૂચમાં ૭ દર્દી તેમજ રાજ્યના અન્ય જિલ્લામાં એકથી ૪ દર્દીઓ સાજા થયેલ છે. આ સાથે રાજ્યભરમાં અત્યાર સુધીમાં કુલ ૨૨૪૧૭ લોકો કોરોનામુક્ત થવા પામેલ છે.

રાજ્યમાં અત્યાર સુધી કુલ પોઝિટિવ કેસો પૈકી ૬૫૬૬ એક્ટિવ કેસમાંના ૬૯ દર્દી વેન્ટીલેટર પર રખાયેલ છે. જ્યારે અન્ય ૬૪૯૭ની સ્થિતિ સ્થિર દર્શાવવામાં આવી છે. રાજ્યમાં રિકવરી રેટ ૬૯.૪૦ ટકા હતો તે હવે ૭૩.૦૮ ટકા થયો છે અને ડબલીંગ રેટ ૧૫ દિવસનો હતો તે ૨૮ દિવસનો થયો હોવાનો દાવો સરકાર તરફથી કરાયો છે.

### રાજ્યમાં ૨૪ કલાકના નવા કેસ

| જિલ્લો/કોર્પોરેશન | કેસ | | |
|---|---|---|---|
| અમદાવાદ કોર્પોરેશન | ૧૯૭ | પંચમહાલ | ૦૫ |
| સુરત કોર્પોરેશન | ૧૭૪ | વલસાડ | ૦૫ |
| વડોદરા કોર્પોરેશન | ૩૬ | રાજકોટ | ૦૪ |
| નવસારી | ૨૧ | ખેડા | ૦૩ |
| મહેસાણા | ૧૬ | નર્મદા | ૦૩ |
| અમદાવાદ | ૧૪ | અમરેલી | ૦૩ |
| વડોદરા | ૧૧ | મોરબી | ૦૩ |
| આણંદ | ૧૧ | જૂનાગઢ કોર્પોરેશન | ૦૨ |
| કચ્છ | ૧૧ | પાટણ | ૦૨ |
| સુરત | ૧૦ | બોટાદ | ૦૨ |
| ભાવનગર કોર્પોરેશન | ૦૮ | જામનગર | ૦૨ |
| રાજકોટ કોર્પોરેશન | ૦૮ | ગીર-સોમનાથ | ૦૨ |
| ગાંધીનગર | ૦૮ | દાહોદ | ૦૨ |
| ભરૂચ | ૦૮ | જૂનાગઢ | ૦૨ |
| સાબરકાંઠા | ૦૭ | ગાંધીનગર કોર્પોરેશન | ૦૧ |
| સુરેન્દ્રનગર | ૦૭ | બનાસકાંઠા | ૦૧ |
| છોટાઉદેપુર | ૦૭ | મહિસાગર | ૦૧ |
| ભાવનગર | ૦૬ | તાપી | ૦૧ |
| જામનગર કોર્પોરેશન | ૦૫ | અન્ય રાજ્યો | ૦૧ |
| અરવલ્લી | ૦૫ | કુલ | ૬૧૫ |


## ઝિયારત/બેસણું



અમારા વાલિદ હાજી **ઈસ્માઈલભાઈ અબ્બાસભાઈ લાટીવાલા તા.૨૬/૦૬/૨૦૨૦ને શુક્રવાર**ના રોજ જન્નતનશીન થયેલ છે. વર્તમાન પરિસ્થિતિના કારણે મર્હૂમની ઝિયારત/બેસણું રાખેલ નથી. અલ્લાહ તઆલા તેમને જન્નતુલફિરદૌસમાં આલા મુકામ અતા કરે તેવી દુવા કરવા ઈલ્તીમાસ છે.

ફર્મ (૧) ગુજરાત મશીનરી એન્ડ હાર્ડવેર
મુર્તુઝા ઈસ્માઈલભાઈ લાટીવાલા
(મો.) 9898592352
(૨) રાજ ટ્રેડિંગ કંપની, ધોળકા
ઓન અલી ઈસ્માઈલભાઈ લાટીવાલા
(મો.) 9898238152
અલીઅસગર ઈસ્માઈલભાઈ લાટીવાલા


### રાજ્યસભાની ચૂંટણી ટાણે રાજીનામું આપનારા આઠ એમએલએ પૈકી ત્રણનું સસ્પેન્સ !

# કોંગ્રેસમાંથી રાજીનામું આપનારા પાંચ ધારાસભ્યોનો આખરે ભાજપમાં પ્રવેશ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૭

રાજ્યસભાની તાજેતરમાં યોજાયેલ ચૂંટણી અગાઉ કોંગ્રેસ પક્ષમાંથી આઠ જેટલા ધારાસભ્યોએ રાજીનામું આપી પક્ષ છોડી દેતાં રાજ્યભરમાં ફરી એકવાર ચર્ચા શરૂ થઈ હતી. ચૂંટણી વખતે આ રીતે કોંગ્રેસના ધારાસભ્યો પક્ષમાંથી રાજીનામું આપી પછીથી ભાજપનો કેસરિયો ખેસ ધારણ કરી લેતા હોય છે તે જ અનુસંધાને આ વખતે પણ કોંગ્રેસમાંથી રાજીનામું આપનારા વિધિવત રીતે ભાજપનો કેસરિયો ખેસ ધારણ કરી લીધો હતો. બાકીના ત્રણ પૂર્વ ધારાસભ્યો

**અન્ય ત્રણ સભ્યો સ્ટ્રેટેજી પ્રમાણે સમય બાદ ખેસ ધારણ કરશે**

ભાજપની રણનીતિના ભાગરૂપે જ પાછળથી જોડાશે તેવી વાત બહાર આવી છે. ધારી, મોરબી, અબડાસા, કપરાડા અને કરજણ વિધાનસભાના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યોનો શનિવારે ભાજપના પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીએ ગાંધીનગરના કમલમ ખાતે ખેસ પહેરાવી ભાજપામાં પ્રવેશ કરાવ્યો હતો. ભાજપના પ્રદેશ કાર્યાલય ખાતે ધારીના પૂર્વ ધારાસભ્ય જે.વી કાકડિયા, મોરબીના પૂર્વ ધારાસભ્ય બ્રિજેશ મેરજા, અબડાસાના પૂર્વ ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, કપરાડાના પૂર્વ ધારાસભ્ય જીતુ ચૌધરી અને કરજણના પૂર્વ ધારાસભ્ય અક્ષય પટેલ એમ પાંચ વિધાનસભા બેઠકના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્યોને ભાજપનો ખેસ પહેરાવીને પક્ષમાં વિધિવત પ્રવેશ કરાવાયો હતો. લીંબડીના ધારાસભ્ય સોમા પટેલ, ગઢડાના ધારાસભ્ય પ્રવિણ મારૂ, ડાંગના ધારાસભ્ય મંગળ ગાવિતએ આજે ભાજપમાં જોડાયા ન હોઈ અને તર્ક-વિતર્ક વચ્ચે તેઓ ભાજપની સ્ટ્રેટેજી મુજબ પેટાચૂંટણી સમયે કે તે પછી ભાજપમાં જોડાય તેવી વિગતો પ્રાપ્ત થઈ છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ ૨૦૦૭, ૨૦૧૨, ૨૦૧૪ અને ૨૦૧૭ની ચૂંટણી વખતે કોંગ્રેસના અનેક ધારાસભ્યો ભાજપમાં જોડાયા છે. ૨૦૧૯ની ચૂંટણીમાં પણ ડો.આશા પટેલના રાજીનામાથી શરૂઆત થઈ હતી. આગામી સમયમાં કોંગ્રેસના અન્ય ધારાસભ્યો પણ ભાજપમાં જોડાઈ શકે છે. ગુજરાત કોંગ્રેસમાં ફરીથી રાજ્યસભા વાળી જોવા મળી રહી છે. રાજ્યસભાની ચૂંટણી વખતે શંકરસિંહ વાઘેલા સહિત ૧૪ ધારાસભ્યોએ કોંગ્રેસમાંથી રાજીનામા આપ્યા હતા. ૨૦૧૯ની ચૂંટણી સમયે ઉંઝાના કોંગ્રેસના ધારાસભ્ય ડો.આશાબેન પટેલે રાજીનામું આપતાં ગુજરાતનું રાજકારણ ફરીથી ગરમાયું હતું.૨૦૦૨થી ૨૦૧૯ સુધીમાં કોંગ્રેસના અનેક ધારાસભ્યો ભાજપમાં જોડાઈ ચૂક્યાં છે. અત્યાર સુધી કોંગ્રેસના કેટલાં ધારાસભ્યો ભાજપમાં ગયા છે તે જાણવું રસપ્રદ બની રહેશે. વર્ષ-૨૦૦૭કોંગ્રેસના ધારાસભ્ય નીમાબેન આચાર્ય કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા, વર્ષ-૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણી વખતે કોંગ્રેસના આઠ ધારાસભ્યો ભાજપમાં જતાં રહ્યાં. તો ૨૦૧૨ની ચૂંટણીમાં ટીકીટ ના મળતાં ચાર પૂર્વ ધારાસભ્યોએ પણ ભાજપનો હાથ પકડી લીધો હતો. જેમાં છબીલ પટેલ, જશાભાઈ બારડ, રાજેન્દ્રસિંહ ચાવડા, કુંવરજી હળપતી,પરેશ વસાવા, દેવજી ફતેપરા,અનીલ પટેલીયા ટીકીટની ફળવણીને લઈને કોંગ્રેસ સાથે છેડો ફાડ્યો હતો. ૨૦૧૨માં કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય નરહરી અમીન, દલસુખ પ્રજાપતિ, ઉદેસિંહ બારીયા અને નટવરસિંહ પરમાર પણ ભાજપમાં જોડાયા હતા. ૨૦૧૨ બાદ ૨૦૧૪માં કોંગ્રેસના ભાજપમાં જોડાયેલા ધારાસભ્યોમાં પ્રભુ વસાવા,વિઠ્ઠલ રાદડીયા, જયેશ રાદડીયાનો સમાવેશ થાય છે. ૨૦૧૭માં કોંગ્રેસમાંથી રાજીનામું આપનારા ધારાસભ્યોમાં શંકરસિંહ વાઘેલા-કપડવંજ, મહેન્દ્રસિંહ વાઘેલા-બાયડ, રાઘવજી પટેલ, જામનગર ગ્રામ્ય, ધરમેન્દ્રસિંહ જાડેજા-જામનગર ઉત્તર, પી આઈ પટેલ-વિજાપુર, તેજશ્રી પટેલ-વિરમગામ, કરમશી પટેલ-સાણંદ, અમીત ચૌધરી-માણસા, બળવંતસિંહ રાજપુત-સિધ્ધપુર, છનાભાઈ ચૌધરી-વાંસદા, રામસિંહ પરમાર-ઠાસરા, માનસિંહ ચૌહાણ-બાલાસિનોર, સી કે રાઉલજી-ગોધરા, ભોળાભાઈ ગોહિલ-જસદણનો સમાવેશ થયા છે.

# ભૂજ આર્મી સંકુલમાં એક સાથે ૧૧ જવાનોને કોરોના પોઝિટિવ

### આરોગ્ય તંત્ર દ્વારા સમગ્ર આર્મી સંકુલ કવોરન્ટાઈનમાં મૂકી દેવાયું

(સંવાદદાતા દ્વારા)

ભૂજ,તા.૨૭

કચ્છ જિલ્લામાં પણ કોરોના વાયરસે હાહાકાર મચાવી દીધો છે. સામાન્ય પ્રજા તો ઠીક સીમા સુરક્ષા દળના જવાનો પણ સલામત નથી અને હવે તો આર્મીના જવાનોમાં પણ કોરોના ફેલાતા હાહાકાર મચી ગયો છે. ભૂજના આર્મી સંકુલમાં એક સાથે ૧૧ જવાનોના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા સમગ્ર આર્મી સંકુલને કવોરેન્ટાઈનમાં મુકી દેવાયું છે. કચ્છમાં કોરોના વાયરસે અગાઉ સીમા સુરક્ષા દળના જવાનોમાં પગપેસારો કરી ચિંતા જન્માવી હતી. પરંતુ હવે કોરોના આર્મી જવાનોમાં ફેલાતા હડકંપ મચી ગયો છે. ગત અઠવાડિયે ભૂજના આર્મી સંકુલમાં ૧ જવાનનો કોરોના વાયરસ પોઝિટિવ આવ્યા બાદ તે દર્દીના સંપર્કમાં આવેલા ૧૧ જવાનોને કવોરેન્ટાઈન કરાયા હતા. તે તમામ ૧૧ જવાનોના રિપોર્ટ કોરોના પોઝિટિવ નીકળતા ભૂજ આર્મી સંકુલમાં હડકંપ મચી ગયો છે અને આજરોજ આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર દ્વારા સમગ્ર આર્મી સંકુલને કવોરેન્ટાઈન નિયમો હેઠળ મૂકી દીધું છે. હવે કચ્છમાં કોરોનાનો અત્યાર સુધી પોઝિટિવ આંક ૧૪૩ થયો છે. તેમાંથી સ્વસ્થ ૯૮ થયા છે. ૭ દર્દી અત્યાર સુધી મૃત્યુ પામ્યા છે અને હાલમાં ૩૮ દર્દી સારવાર હેઠળ છે.


**જોઈએ છે**

૫૦૦થી ૮૦૦ ચો.વા. ટાઈટલ ક્લિયર. આલીશાન ચાર રસ્તાથી નારોલ ચાર રસ્તા સુધી ગોડાઉન તથા વર્કશોપ લાયક જગ્યા

M.9106494292



### મુસ્લિમ ધર્મસ્થાનો બાબતે મુસ્લિમ કોમ એક થાવ અને કામ કરતા ટ્રસ્ટી ભાઈઓને સાથ અને સહકાર આપો

પૂરા ગુજરાતના અને અમદાવાદ શહેરના ઘણા એવા કબ્રસ્તાનો નેસ્તનાબુદ થઈ રહ્યા છે માટે એને બચાવો નહીં તો દફન માટે મૈયતને તમારા જ ઘરોમાં દફન કરવી પડશે અમદાવાદ શહેરમાં ઘણા એવા કબ્રસ્તાનો છે જેવા કે મુસેસુહાગ, ગંજશહીદ, કોચરબ પાલડીનો કબ્રસ્તાન જેમાં હજારો મુસ્લિમ કોમના જ લોકોએ વસાહતો કરીને મકાનો બાંધીને નામો પણ રાખી દીધા છે માટે કોમને કહો કે આ જગ્યા તો છોડો કેમ કોઈ બીજી કોમના લોકો આ મુસ્લિમ કબ્રસ્તાનોમાં રહેણાંક બનાવતા નથી, ફકત મુસ્લિમ કોમ જ આ કબ્રસ્તાનો પર નજર રાખી એને નેસ્તોનાબુદ કરે છે. માટે કોમ જાગૃત થાવ અને આ મુસ્લિમ કોમમાં જે શૈતાનો છે એમને કબ્રસ્તાનોમાંથી બહાર કાઢી મૂકો. જુઓ બીજી કોમને એમના ધર્મસ્થાનો તથા (સ્મશાનગૃહો)માં છે કોઈ વસવાટ માટે, અલ્લાહથી ડરો અને મસ્જિદો તથા મજારો તથા કબ્રસ્તાનો બચાવો.

લિ.
કબ્રસ્તાન કારોબારી ખિદમતગાર ટ્રસ્ટી
હાજી નિઝામુદીન એ. શેખ (લાઈટવાલા)
'બુખારી બાવા કબ્રસ્તાન'



## તાઝિયતી મંઝુમ કલામ



આહ અબ્દુલહક્ક તેરે બિન કૈસે પાયેંગે કરાર,
હિજર તેરા કર ગયા હૈ હર કિસી કો બેકરાર.
મજહરે સફ્કત થે ઔર અલ્લાહકા અહેસાન થે,
હઝરતે અબ્દુલહક્ક જો સાહિબે કિરદાર થે.

ખિત્તયે આનંદ મેં દિન કી જલાયી રોશની,
હર તરફ પરવાને ઉનકી જાત પે કુરબાન થે.
સિદ્દ્ક દિલ સે કરતા હૈ સ્ટાફ દુવા યે ઈસ ઘડી,
હો કરોડો રહમતે તુરબત યે તેરી હર ઘડી.

શર જમી-એ-આણંદ મદ્રસા જામેઆ અરબિયા તાલીમુલ ઈસ્લામના મોહતમીમ નેકદિલ, કોમના હમદર્દ અને હિંમતના પહાડ **મૌલાના અબ્દુલહક્ક મૌલાના ગુલામમહંમદ (મૌલાના મેન્સન) તા.૨૦/૦૬/૨૦૨૦ શનિવાર**ના રોજ અલ્લાહની રહેમતમાં પહોંચી ગયા છે. તે સમાચાર સાંભળી તમામ મુસ્લિમ સમુદાય, મદ્રસાના ઉલમા-એ-કિરામ અને શૈક્ષણિક સંસ્થાના તમામ કર્મચારીઓ ઊંડા આઘાત અને દુ:ખની લાગણી વ્યક્ત કરે છે. દીની મદ્રસામાં અને દુન્યવી શિક્ષણમાં અલ્લાહ તઆલાએ તેમનાથી બહુ મોટું કામ લીધું. તેમના અવસાનથી ક્યારેય પણ પૂરી ના કરી શકાય તેવી સમાજને ખોટ પડેલ છે. અલ્લાહ તઆલા મર્હૂમની મગફિરત ફરમાવી, તેમના દરજાતને બુલંદ ફરમાવે. તેમના પરિવારજનોને શબ્રે જમીલ અતા ફરમાવે. આમીન

દુઆગીર

મદ્રસા જામેઆ અરબિયા તાલીમુલ ઈસ્લામ, આણંદ
મદ્રસા હાઈસ્કૂલ, આણંદ
મદ્રસા પ્રાથમિક ગુજરાતી શાળા, આણંદ
જામેઆ પ્રાથમિક શાળા, આણંદ
મદની પ્રાથમિક શાળા, આણંદ



